અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
શ્રુતિ હાસનનું હોલિવૂડમાં ડેબ્યૂ...! તેલુગુ, તમિલ અને હિન્દી ફિલ્મોમાં કામ કર્યાં બાદ




પેજ-09
કુલદીપ યાદવનો યુપી રણજી ટીમમાં સમાવેશ, જર્મનીમાં પીઠની સર્જરી કરાવી હતી; 3...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 14.00 |
| વડોદરા | 28.00 | 14.00 |
| સુરત | 29.00 | 17.00 |

પેજ 5



ઝાયડસ ટકેડા હેલ્થકેરે ભારતમાં મેન્યુફેક્ચરિંગ કામગીરીના 25 વર્ષ...

**31** JANUARY-2025 FRIDAY

મસ્ક અવકાશમાં ફસાયેલી સુનીતા વિલિયમ્સને પરત લાવશે



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76759.81 | ▲ | 226.85 |
| નિફ્ટી | 23249.50 | ▲ | 086.40 |
| સોનું | 80952.00 | ▲ | 672.00 |
| ચાંદી | 92791.00 | ▲ | 925.00 |

વર્ષ-14 । અંક-073 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# હવે ભારતમાં 10,373 કરોડના ખર્ચે બનશે IndiaAI: કેન્દ્રની જાહેરાત



(એજન્સી) નવી દિલ્હી | તા.30

અમેરિકા અને ચીન બાદ હવે ભારત પણ પોતાનું AI મોડલ બનાવી રહ્યું છે. આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે. આ માટે 18,693 GPUનો ઉપયોગ કરવામાં આવશે. એક પછી એક, ઘણી કંપનીઓ તેમના મોડલ લોન્ચ કરી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં હવે ભારત પણ પાછળ નહીં રહે. ઓડિશામાં એઆઈ ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન કરતી વખતે અશ્વિની વૈષ્ણવે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, 'ભારત હવે પોતાનું AI મોડલ તૈયાર કરી રહ્યું છે. મોર્ડન ટેક્નોલોજી દરેક માટે ઉપલબ્ધ હોવી જોઈએ. આથી હવે ભારત પણ AI પાછળ કામ કરી રહ્યું છે, જેથી ટેક્નોલોજીનો ઉપયોગ દેશની દરેક વ્યક્તિ કરી શકે. આ મોડલમાં પ્રાઈવસીને લગતી તમામ બાબતોનું બારીકાઈથી ધ્યાન રખાશે.'

### ભારત AIની દુનિયામાં પોતાની શક્તિ બતાવશે : અશ્વિની વૈષ્ણવ

ભારત AIની દુનિયામાં પોતાની શક્તિ બતાવશે, તમે DeepSeek અને ChatGPTને ભૂલી જશો. ચીની કંપની ડીપ સીકનું AI મોડેલ ખૂબ જ ઝડપથી લોકપ્રિય થઈ રહ્યું છે. દરેક વ્યક્તિ જનરેટિવ AIની રેસમાં કૂદી રહ્યો છે. તો ભારત કેવી રીતે પાછળ રહી શકે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ X પર માહિતી આપી છે કે, ભારત પણ પોતાનું AI મોડેલ વિકસાવવા તરફ કામ કરી રહ્યું છે. આ રોકાણ પાછળનો હેતુ વિદેશી AI મોડેલો પર લોકોની નિર્ભરતા ઘટાડવાનો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આગામી ચારથી 10 મહિનામાં ઓછામાં ઓછા 6 ડેવલપર્સ, સ્ટાર્ટઅપ્સ અને ટીમો આ AI મોડેલ બનાવવા માટે કામ શરૂ કરી શકે છે.


▪ વ્હાઈટ હાઉસ પાસે બની દુર્ઘટના...ટક્કર બાદ વિમાનના ત્રણ ટુકડા થયા

# અમેરિકામાં પેસેન્જર પ્લેન અને હેલિકોપ્ટરની ટક્કર:67નાં મોત

(એજન્સી) વોશિંગ્ટન | તા.30

વોશિંગ્ટન ડીસીમાં બુધવારે રાત્રે 9 વાગ્યે એક પેસેન્જર વિમાન અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ હતી. જે બાદ, બંને પોટોમેક નદીમાં પડી ગયા. વિમાનમાં 64 લોકો સવાર હતા, જેમાં 4 ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે. હેલિકોપ્ટરમાં 3 લોકો હતા. એવી આશંકા છે કે આ બધાનાં મોત થયા હોય. દુર્ઘટના બાદ, અમેરિકન એરલાઈન્સનું વિમાન પોટોમેક નદીમાં ત્રણ ટુકડામાં મળી આવ્યું હતું. સીબીએસ ન્યૂઝ અનુસાર, અત્યાર સુધીમાં 30 મૃતદેહો મળી આવ્યા છે. વોશિંગ્ટન ફાયર ડિપાર્ટમેન્ટના વડા જોન ડોનેલીએ અકસ્માત અંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમને આ અકસ્માતમાં કોઈ બચી જશે તેવી અપેક્ષા નથી. જોન ડોનેલીએ જણાવ્યું હતું કે પાણીમાં શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. પાણી ખૂબ ઊંડું અને કાદવવાળું છે. આ કારણે ડાઈવર્સને ડાઈવિંગ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બચાવ કામગીરીમાં ઘણા દિવસો લાગી શકે છે. હાલમાં, એરપોર્ટ પર બધી ફ્લાઈટ્સ અને લેન્ડિંગ બંધ કરી દેવામાં આવ્યા છે. વોશિંગ્ટન ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યાનુસાર, ઘટના રોનાલ્ડ રીગન એરપોર્ટ નજીક બની હતી.

**અકસ્માત બાદ વિમાન અને હેલિકોપ્ટર નદીમાં પડ્યાં**



**ક્રેશ પાછળ કોઈ કાવતરું?** અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં એક વિમાન અને બ્લેકહોક હેલિકોપ્ટર વચ્ચે થયેલી ટક્કરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો અંગે લોકો વિવિધ પ્રકારના પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. અનેક પ્રકારની કોન્સ્પિરસી થિયરી સામે આવી રહી છે. હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે આ અંગે શંકા વ્યક્ત કરી છે. વોશિંગ્ટન એરપોર્ટ નજીક બનેલી આ ઘટના અંગે અનેક કોન્સ્પિરસી થિયરી સામે આવી રહી છે.




**વિમાનમાં 64 મુસાફરો સવાર હતા**

સત્તાવાળાઓ માને છે કે અમેરિકન ઈગલ ફ્લાઈટ 5342 રીગન નેશનલ એરપોર્ટ નજીક આર્મી બ્લેક હોક હેલિકોપ્ટર સાથે અથડાઈ હતી. ફ્લાઈટમાં સવાર તમામ યાત્રીઓ અને ક્રૂ મેમ્બર્સ માર્યા ગયા હતા અને સર્ચ અને રેસ્ક્યુ ટીમો પુનઃપ્રાપ્તિ કામગીરીમાં રોકાયેલા છે. આ પહેલા રેસ્ક્યુ ટીમે નદીમાંથી 19 મૃતદેહોને બહાર કાઢ્યા હતા. રિપોર્ટ અનુસાર, તે એક નાનું પેસેન્જર પ્લેન હતું જે કેન્સાસથી વોશિંગ્ટન આવી રહ્યું હતું. એરક્રાફ્ટમાં 65 લોકો બેસી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે દુર્ઘટના સમયે પ્લેનમાં 64 મુસાફરો હતા. જ્યારે સેનાના હેલિકોપ્ટરમાં ત્રણ લોકો સવાર હતા. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે પ્લેન એરપોર્ટ પર લેન્ડ થવા જઈ રહ્યું હતું. ત્યારે પાછળથી આવી રહેલું અમેરિકન આર્મીનું બ્લેક હોક હેલિકોપ્ટર તેની સાથે અથડાયું હતું. આ પછી બંને ક્રેશ થયા અને પોટોમેક નદીમાં પડ્યા. જે હેલિકોપ્ટર સાથે પ્લેન ટકરાયું હતું તે સિરોસ્કી એચ-60 હેલિકોપ્ટર હતું.

# મહાકુંભમાં ભાગદોડના બીજા દિવસે આગ લાગી, 180 પંડાલ સળગ્યા....

(એજન્સી) પ્રયાગરાજ | તા.30

પ્રયાગરાજ મહાકુંભ મેળામાં ભાગદોડ થયાના બીજા દિવસે ગુરુવારે આગ લાગી છે. મેળા વિસ્તારના સેક્ટર-22માં ઘણા પંડાલ સળગી ગયા છે. ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો ચાલુ છે. જે જગ્યાએ આગ લાગી ત્યાં કોઈ પબ્લિક નહોતી, તેથી કોઈ જાનહાનિના અહેવાલ નથી. વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે, જોકે આગ લાગવા પાછળનું કારણ શું હતું એ હજુ ક્લિયર થયું નથી. બુધવારે એટલે કે ગઈકાલે મૌની અમાવસ્યા નિમિત્તે ભાગદોડ મચી ગઈ હતી. આમાં 40થી વધુ લોકોનાં મોત થયાં હતાં. વહીવટીતંત્રે 30 લોકોનાં મોતનો સ્વીકાર કર્યો હતો.




# મહાકુંભ નાસભાગનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, PIL દાખલ

પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગને લઈને સુપ્રીમ કોર્ટમાં PIL દાખલ કરવામાં આવી છે. જેમાં નાસભાગ અંગે રિપોર્ટ મંગાવવાની માંગ કરવામાં આવી છે. જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની વાત ઉઠી છે. આ ઉપરાંત મોટી ઘટનાઓને લઈને માર્ગદર્શિકા બહાર પાડવાની પણ માંગ કરવામાં આવી છે. પીઆઈએલમાં કેન્દ્ર સરકાર, યુપી અને તમામ રાજ્ય સરકારોને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.



સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલ વિશાલ તિવારીએ આ અરજી દાખલ કરી છે. મહાકુંભ દરમિયાન થયેલી આ નાસભાગમાં 30 લોકોના મોત થયા છે જ્યારે 60થી વધુ લોકો ઘાયલ થયા છે. અરજદારો આજે ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની કોર્ટમાં વહેલી સુનાવણીની માંગ કરી શકે છે.



# અંતરિક્ષમાં જશે ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા

**NASAએ આપી મિશનને મંજૂરી**

(એજન્સી) નવી દિલ્હી | તા.30

અમેરિકાની NASAએ એક્સિઓમ-4 મિશને મંજૂરી આપવાની સાથે ભારતવાસીઓને ખુશીના સમાચાર આપ્યા છે. આ મિશનમાં ભારતના ગ્રૂપ કેપ્ટન અને ઈસરોના અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા પાયલટની ભૂમિકા નિભાવશે. આ મિશનમાં નાસાના પૂર્વ અંતરિક્ષયાત્રી અને એક્સિઓમ સ્પેસમાં માનવ અંતરિક્ષ ઉડાનના નિર્દેશક પૈગી વ્હિટસન, યૂરોપીય અંતરિક્ષ એજન્સી સાથે જોડાયેલા પોલેન્ડના સાલાવોસ ઉજ્નાન્સ્કી-વિસ્નીવ્સ્કી અને હંગેરીના ટિબોર કાપૂ પણ સામેલ છે. આ અંતરિક્ષયાત્રીઓ સ્પેસએક્સ ડ્રેગન અંતરિક્ષયાનમાં અંતરિક્ષમાં પહોંચ્યા બાદ ત્યાં 14 દિવસ રોકાશે.

**શુક્લા ઉપરાંત અન્ય ત્રણ પણ મિશનમાં સામેલ**



### અંતરિક્ષ સ્ટેશનમાં રહેનારા શુક્લા પ્રથમ ભારતીય બનશે

શુભાંશુ અંતરિક્ષ સ્ટેશન પર જનારા પ્રથમ ભારતીય અંતરિક્ષયાત્રી બનશે. તેમની ભારતના ગગનયાન મિશન હેઠળ પસંદગી થઈ છે. તેઓ ભારતીય વાયુ સેનાનો પણ ભાગ છે. અંતરિક્ષમાં જવાની તૈયારીઓના ભાગરૂપે શુક્લા અને તેમના બેકઅપ ગ્રૂપ કેપ્ટન પ્રશાંત નાયરે નાસા, યુરોપીય અંતરિક્ષ એજન્સી (ESA) અને જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JXA) પાસેથી તાલીમ લીધી છે. શુક્લાની તાલીમમાં NASA, ESA અને જાપાનના JAXA સાથે કામ કરવું, તેમને અવકાશ યાત્રાના પડકારો માટે તૈયાર કરવાનો સમાવેશ થાય છે. Ax-4 પર પાયલોટ તરીકેની તેમની ભૂમિકા તેમને તેમના ભાવિ મિશન પહેલા મૂલ્યવાન અનુભવ આપશે.

▪ ચૂંટણી પંચ-દિલ્હી પોલીસે કરી પંજાબના મુખ્યમંત્રી

# ભગવંત માનના દિલ્હીના નિવાસસ્થાને રેડ

**cVIGIL એપ પર પૈસા વિતરણ અંગે ફરિયાદ મળી હતી**

(એજન્સી) પ્રયાગરાજ | તા.30

દિલ્હી વિધાનસભાની ચૂંટણી વચ્ચે ચૂંટણીપંચની ટીમ ગુરુવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના દિલ્હી સ્થિત ઘર કપૂરથલા હાઉસ પહોંચી હતી. કપૂરથલા હાઉસની બહાર મોટી સંખ્યામાં સુરક્ષા દળો તનાત છે. ટીમને હાલ અંદર જવાથી રોકી દેવામાં આવી છે. માનના ઘરે પહોંચેલા રિટર્નિંગ ઓફિસર ઓપી પાંડેએ કહ્યું, અમને પૈસાની વહેંચણી અંગે ફરિયાદ મળી છે. અમારે 100 મિનિટમાં ફરિયાદ ઉકેલવી પડશે. અમારી ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ (FST) અહીં આવી હતી, જેને અંદર જવા દેવામાં આવી ન હતી. હું તેમને વિનંતી કરવા આવ્યો છું કે અમને કેમેરામેન સાથે અંદર જવા દો. cVIGIL એપ પર નાણાંની વહેંચણી અંગેની ફરિયાદ મળી હતી. દરોડા પર AAPએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું- સામે હાર જોઈને BJP ધ્રૂજી ગઈ છે.



**ECની ટીમનો માનના નિવાસસ્થાને દરોડો : AAPનો દાવો :** અહેવાલો મુજબ આમ આદમી પાર્ટીએ ભગવંત માન મુદ્દે મોટો દાવો કર્યો છે. દાવા મુજબ ચૂંટણી પંચની ટીમે પંજાબના મુખ્યમંત્રીના દિલ્હીના નિવાસસ્થાને દરોડો પાડ્યો છે. ECની ટીમ માનના કપૂરથલા નિવાસસ્થાનની તપાસ કરવા પહોંચી હતી. હાલ ભગવંત માન દિલ્હીમાં સતત ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે, તેથી તેઓ તેમના દિલ્હી સ્થિતિ કપૂરથલા હાઉસમાં રોકાયા છે. તેઓ આમ આદમી પાર્ટીના ઉમેદવારો માટે મત માંગી રહ્યા છે.

# ભાજપના દિગ્ગજે પોતાની જ સરકાર સામે બાંયો ચડાવી

**ભૂખ હડતાળ કરીશ: હરિયાણાના મંત્રી અનિલ વિજ**

(એજન્સી) ચંદીગઢ | તા.30

હરિયાણાના વરિષ્ઠ મંત્રી અનિલ વિજ પોતાની જ સરકારથી નારાજ જોવા મળી રહ્યા છે. અનિલ વિજે ખેડૂત નેતા ડલ્લેવાલની જેમ ભૂખ હડતાળ કરવાની પણ ચેતવણી આપી છે. પરિવહન મંત્રી અનિલ વિજે હાલમાં જ અંબાલા કેન્ટ સદર પોલીસ સ્ટેશનના એસએચઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. તેઓએ હરિયાણાના ડીજીપી શત્રુજીત કપૂરને પણ ફોન કર્યો હતો કે, મને સસ્પેન્શન ઓર્ડર જોઈએ છે.



પરંતુ, એસએચઓને સસ્પેન્ડ ન કરવામાં આવ્યા અને તે હજુ ડ્યૂટી પર છે. જેનાથી અનિલ વિજ ખૂબ જ નારાજ થઈ ગયા છે. વિજના ગૃહ જિલ્લામાં જ તેમના આદેશ લાગુ ન થવાથી તેમની છબીને નુકસાન પહોંચ્યું છે. એવામાં અનિલ વિજે કહ્યું કે, તે હવે ગ્રીવેન્સ કમિટીની મીટિંગમાં સામેલ નહીં થાય. અનિલ વિજે કહ્યું કે, જ્યારે ગ્રીવેન્સ કમિટીની બેઠકમાં મારા તરફથી અપાયેલ આદેશને લાગુ કરવામાં નથી આવતા તો મીટિંગમાં આવવાનો શું અર્થ છે?

**રાહુલ ગાંધીએ આપ્યું નવું સૂત્ર...દલિત ઓબીસીને માત્ર સત્તામાં જ નહીં મિલકતમાં પણ ભાગ મળશે**

# 'કોંગ્રેસે દલિતો-પછાતોનો ભરોસો તોડ્યો...' રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી | તા.30

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે (30 જાન્યુઆરી) કહ્યું કે, જો તેમની પાર્ટીએ દલિતો, પછાત અને અત્યંત પછાત વર્ગોનો વિશ્વાસ જાળવી રાખ્યો હોત, તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ક્યારેય સત્તામાં ન આવી શકી હોત. 'દલિત ઈન્ફ્લુએન્સર્સ'ને સંબોધતાં તેમણે એમ પણ કહ્યું કે તેઓ તેમના પક્ષમાં 'આંતરિક ક્રાંતિ' લાવશે અને વંચિત વર્ગના લોકોને સંગઠનમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'તેમને એ સ્વીકારવામાં કોઈ સંકોચ નથી કે 1990ના દાયકાથી, કોંગ્રેસ વંચિત વર્ગોના હિતોનું રક્ષણ તે રીતે કરી શકી નથી જે રીતે તેને કરવી જોઈતી હતી. જો આપણે દલિતો, પછાત અને અત્યંત પછાત વર્ગોનો વિશ્વાસ જાળવી રાખ્યો હોત, તો RSS ક્યારેય સત્તામાં ન આવ્યું હોત... ઈન્દિરા ગાંધીના સમયમાં, સંપૂર્ણ વિશ્વાસ અકબંધ હતો. દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો અને લઘુમતીઓ બધા જાણતા હતા કે ઈન્દિરાજી તેમના માટે લડશે.'

તેમણે કહ્યું, '1990 પછી વિશ્વાસ ઘટી ગયો. કોંગ્રેસે આ વાસ્તવિકતા સ્વીકારવી પડશે... કોંગ્રેસે તમારા હિતોનું રક્ષણ એ રીતે કર્યું નથી જે રીતે કરવું જોઈએ. આ નિવેદન મને નુકસાન પહોંચાડી શકે છે, પરંતુ તેનાથી મને કોઈ ફરક પડતો નથી કારણ કે તે સત્ય છે.'



**ભારતની શિક્ષણ પ્રણાલી ક્યારેય દલિતો અને પછાત લોકોના હાથમાં નથી રહી :** લોકસભામાં વિપક્ષના નેતાએ દલિત સમુદાયના લોકોને કહ્યું, 'પહેલા કોંગ્રેસમાં આંતરિક ક્રાંતિ લાવવી પડશે જેમાં અમે તમને (સંગઠનમાં) સામેલ કરીશું.' તેમણે દાવો કર્યો કે ભારતની શિક્ષણ પ્રણાલી ક્યારેય દલિતો અને પછાત લોકોના હાથમાં નથી રહી. વર્તમાન માળખામાં દલિતો અને પછાત વર્ગોની સમસ્યાઓનો ઉકેલ આવવાનો નથી કારણ કે ભાજપ અને RSSએ સમગ્ર વ્યવસ્થા પર કબજો જમાવી લીધો છે.' તેમણે કહ્યું કે, 'દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગો માટે 'બીજી આઝાદી' આવવાની છે જેમાં તેમણે માત્ર રાજકીય પ્રતિનિધિત્વ માટે જ નહીં પરંતુ સંસ્થાઓ અને કોર્પોરેટ જગતમાં પણ હિસ્સો લેવો પડશે.'

# બગસરાના પીઠડીયા ગામે કાંતિભાઈ વાળા જેલ મુક્ત થતાં અભિવાદન સમારોહ યોજાયો



અશોક મણવર | અમરેલી

ઉનામાં થયેલ દલિત અત્યાચાર કાંડમાં સમગ્ર ગુજરાતમાં તેના પ્રત્યાઘાત પડતા ઠેર ઠેર દલિત સમાજ દ્વારા રેલી અને આવેદનપત્ર આપી ઉનામાં દલિત સમાજ ઉપર થયેલ અત્યાચારની રજૂઆતો કરવાની આવેલ હોય ત્યારે અમરેલી શહેરમાં પણ ઉના કાંડને લય એક રેલીનું આયોજન કરવામાં આવ્યું આ રેલી દરમિયાન એક પોલીસ કર્મચારીનું મોત નીપજતા તેના ગુન્હામાં કાંતિભાઈ વાળા સહિત અન્ય લોકો પર પણ ગુન્હો દાખલ થયલ ત્યારથી કાંતિભાઈ વાળા જેલમાં હોય તેને જેલ મુક્ત કરવા માટે દલિત સમાજના આગેવાનો દ્વારા સતત પ્રયાસો કરવા આવ્યા અને આઠ વર્ષ પછી તેઓ જેલમુક્ત થતાં બગસરા તાલુકાના પીઠડીયા ગામે દલિત સમાજના આગેવાનો દ્વારા એક અભિવાદન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ જેમાં કાંતિભાઈ વાળા 2016 થી જેલમાં સજા ભોગવી રહ્યા હતા તેમની ચિંતા દલિત સમાજના આગેવાનોએ કરી અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી અંતે કાંતિભાઈ વાળાને જેલ મુક્ત કરાવ્યા જેમાં બગસરા કુંકાવાવ વડીયા વિસ્તાર યુવાને આર્થિક સહયોગ આપી કાંતિભાઈ વાળાને જેલ મુક્ત કરી પીઠડીયા ગામે કાંતિભાઈ વાળાને હારતોરા કરી સન્માનિત કરવામાં આવ્યા આ તકે પી.એલ.મારુ , મનસુખભાઈ રાઠોડ , શાંતિલાલ પરમાર કાંતિભાઈ વાળા ,પ્રવીણભાઈ પરમાર નાનજીભાઈ લુઘીયા એડવોકેટ નરેન્દ્રભાઈ કાટીયા દિનેશભાઈ ખીમસુરીયા ગૌતમભાઈ દાફડા દેવજીભાઈ ચૌહાણ ભરતભાઈ કાતરીયા અરવિંદભાઈ ચૌહાણ સહિત બહોળી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો લોકો ઉપસ્થિત રહ્યા કાર્યક્રમનું સંચાલન ધીરુભાઈ ખીટોલીયા તમામ દલિત સમાજના આગેવાનો દ્વારા જેલમાં સજા ભોગવી કાંતિભાઈ વાળાને જેલ મુક્ત કરવા બદલ યોગદાન આપ્યું તેને બદલ તેઓને પણ સન્માનિત કરવામાં આવ્યા.

# ગુજરાતની ફોરેન્સિક ક્રાઈમ મેનેજર પહેલને અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ : કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.30



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ, મુખ્ય સચિવ અને ગુજરાતના પોલીસ મહાનિર્દેશક, રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરો (NCRB)ના મહાનિર્દેશક અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ચર્ચા દરમિયાન, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા લાવવામાં આવેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓનો આત્મા ત્રણ વર્ષમાં FIR થી સુપ્રીમ કોર્ટ સુધીના કોઈપણ કેસમાં ન્યાય આપવાની જોગવાઈમાં છે. નવા ફોજદારી કાયદાઓના અમલીકરણમાં ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરતા, શ્રી શાહે રાજ્ય સરકારને 30 એપ્રિલ, 2025 સુધીમાં તમામ કમિશનરેટમાં નવા કાયદાઓનો 100 ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા માસિક, રાજ્યના ગૃહ મંત્રી દ્વારા પખવાડિયામાં અને મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને પોલીસ મહાનિર્દેશકના સ્તરે સાપ્તાહિક સમીક્ષા થવી જોઈએ.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે ગુજરાતે 10 વર્ષથી વધુ સજાવાળા કેસોમાં 92 ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે બાકીના કેસોમાં કોર્ટ પાસેથી પરવાનગી લેવાની જોગવાઈનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કાયદાની સમીક્ષા કરવી જોઈએ. ગૃહ મંત્રીએ કહ્યું કે ગુજરાતે ઝીરો એફઆઈઆરને 100% એફઆઈઆરમાં રૂપાંતરિત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે એવી સિસ્ટમ બનાવવી જોઈએ જેમાં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (CCTNS) દ્વારા બે રાજ્યો વચ્ચે FIR ટ્રાન્સફર કરી શકાય. ગુજરાતે CCTNS 2.0 અપનાવવું જોઈએ.

નવા કાયદાઓમાં ઈલેક્ટ્રોનિક પુરાવાની જોગવાઈ અંગે ગૃહ મંત્રીએ કહ્યું કે તેના યોગ્ય અમલીકરણ માટે, રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગે એક બેઠક યોજવી જોઈએ અને હોસ્પિટલોમાંથી પોસ્ટમોર્ટમ અને અન્ય તબીબી અહેવાલો ઈલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા પર ભાર મૂકવો જોઈએ. શ્રી શાહે કહ્યું કે જેલ, સરકારી હોસ્પિટલો, બેંકો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) વગેરે જેવા પરિસરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુરાવા રેકોર્ડ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. તેમણે કહ્યું કે જેલોમાં દરેક કોર્ટ માટે વિડીયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ.

# ખાનપુર | બાકોર ખાતે એઆરટીઓ લુણાવાડા કચેરી દ્વારા લોકોને રોડ સેફ્ટી અંગે સમજ અપાઈ



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

દેશમાં દિવસે ને દિવસે રોડ અકસ્માતની ઘટના વધી રહી છે. અકસ્માતના કારણે દર વર્ષે હજારો લોકો જીવ પણ ગુમાવે છે. ત્યારે મહીસાગરની એ.આર.ટી.ઓ. શાખા દ્વારા રોડ સેફ્ટી માસ અંતર્ગત ટ્રાફિક નિયમોનું મહત્વ લોકો સુધી પહોંચાડી તેમને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. જેથી ભવિષ્યમાં અકસ્માતની ઘટનાઓને અટકાવી શકાય અને લોકોનો જીવ બચી શકે. આજરોજ માર્ગ સલામતી અભિયાન અંતર્ગત ખાનપુર તાલુકાના બાકોર ખાતે એઆરટીઓ લુણાવાડા કચેરી દ્વારા રમુજી અંદાજમાં રંગલાના પાત્ર દ્વારા લોકોને રોડ સેફ્ટી અંગે સમજ આપવામાં આવી અને રોડ સેફ્ટી પેમ્પ્લેટ વિતરણ કરવામાં આવ્યું.

# અમરેલી પોલીસની સરાહનીય કામગીરી, અડચણરૂપ અને આડેધડ પાર્ક કરેલા વાહનોને દંડ ફટકાર્યો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી શહેરના એસપી ની સૂચનાથી પીઆઈ વાઘેલા સહિતની ટીમની સરાહનીય કામગીરી અમરેલીમાં ટ્રાફિકની સમસ્યાને લઈને અમરેલી સીટી પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ નું આયોજન અમરેલી શહેરના જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે જેને લઈને અમરેલી શહેર પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરાયું ટ્રાફીકને અડચણ રૂપ વાહનો સામે અમરેલી સીટી પોલીસ દ્વારા દંડનીય કામગીરી કરવામાં આવી હતી રાજકમલ ચોક, જિલ્લા પંચાયત રોડ, સેન્ટર પોઈન્ટ સહિતના મુખ્ય વિસ્તારોમાં અમરેલી સીટી પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# જાફરાબાદ તાલુકાના અર્બન આરોગ્ય કેન્દ્ર મા સગર્ભા બહેનોની તપાસણી કરવામાં આવી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ આંગણવાડી કોડ નં 5 માં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર આર એમ જોશી, ડોક્ટર જાટ, ડોક્ટર એ.કે.સિંગની સૂચનાથી અને તાલુકા હેલ્થ ઓફિસર એમ.બી ટાંક અને અર્બન હેલ્થ ઓફિસર ડો. નાકુમ, ડો .ઈલાબેન મોરી ની રેહબરી હેઠળ પ્રધાનમંત્રી માતૃત્વ યોજના હેઠળ ડોક્ટર વિજય લાડુમોર દ્વારા જે સ્પર્શ હોસ્પિટલમાં સેવા આપે છે કુલ 45 સગર્ભા બહેનો ની તપાસણી કરવામાં આવી હતી. જેમાં ડો. ભટ્ટી, એફ.એચ.ડબલ્યુ.વર્ષાબેન, MPHW સંજયભાઈ ડાભી, જાફરાબાદ 2 વિસ્તારની આશાબેન તથા આંગણવાડી બહેનો હાજર રહ્યા હતા. કબીરભાઈ મોગલના વરદ હસ્તે કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# વઘઈ રેન્જ વનકર્મીઓની ટીમે ગેરકાયદેસર રૂા. 2 લાખના સાગી લાકડાનો મુદ્દામાલ જપ્ત કર્યો

સુશીલ પવાર | ડાંગ



30-01-2025 દક્ષિણ ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ વઘઈ રેન્જ વન વિભાગની ટીમ દ્વારા ગેરકાયદેસર રીતે જીપમાં લઈ જવાતા સાગી ચોરસાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તેમજ વન વિભાગની ટીમ દ્વારા બે લાખ રૂપિયા કરતા પણ વધુનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.રવિપ્રસાદ રાધાક્રિષ્નાનાં માર્ગદર્શન હેઠળ વઘઈ રેંજના આર.એફ.ઓ ડી.કે.રબારી સહિત વનકર્મીઓની ટીમે વઘઈ રેન્જ વિસ્તારમાં લાગુ હદમાં નાઈટ પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ.તે દરમ્યાન વઘઈ રેંજનાં આર.એફ.ઓ ડી.કે.રબારીને લાકડા તસ્કરી અંગેની ગુપ્ત રાહે બાતમી મળી હતી.જે બાતમીના આધારે વઘઈ રેંજનાં આર.એફ.ઓ ડી.કે.રબારીની ટીમે ઉગા ચેકપોસ્ટ પર વોચ ગોઠવી હતી.ત્યારે મહિન્દ્રા મેક્ષ LX ગાડી રજી. નં.GJ -08-F-0895 ની ચેકીંગ કરતા તેમાંથી પાસ પરમીટ વગરનાં સાગી ચોરસા નંગ-10 જે 0.426 ઘનમીટરનો જથ્થો મળી આવ્યો હતો. જે બાદ વઘઈ રેંજની ટીમે સાગી ચોરસા જેની કિંમત રૂપિયા 29,820/- તથા ગાડી જેની કિંમત રૂપિયા 2 લાખ એમ મળી કુલ કિંમત રૂપિયા 2,29,820/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અને આરોપી લક્ષ્મણભાઈ જીવરામભાઈ ગાવીત તથા માલ જ્યાં ખાલી કરવાનો હતો તે વિનુભાઈ દશરિયાભાઈ ગાયકવાડ (રહે.ખાંભલા તા.વાંસદા જી.નવસારી)ની અટક કરી કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે.હાલમાં વઘઈ રેંજ દ્વારા લાકડા ચોર વિરપન્નો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે..

# વડોદરામાં લાખો રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ

## વીજચોરી કરનારાઓમાં ફફડાટ... આ કામગીરી દરમિયાન કુલ 51 વીજ ચોરીના કેસ ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા.30

આજે 30 જાન્યુઆરીના રોજ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની ચેકિંગ સ્ક્વોડ દ્વારા વડોદરા શહેરના બરોડા સિટી સર્કલ હેઠળ આવતા વિસ્તારોમાં વ્યાપક દરોડા પાડીને લાખો રૂપિયાની વીજ ચોરી સામે આવતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. વીજ ચોરી કરનારા સામે આકરા પગલા MGVCLની ટીમ દ્વારા લેવામાં આવશે. MGVCLની ચેકિંગ સ્કવોડ ટીમ દ્વારા માંડવી, પાણીગેટ અને વાડી સબ ડિવિઝનના વિસ્તારો દૂધવાલા મહોલ્લો, ચુડીવાલીગલી, છીપવાડ ભટ્રકચેરી, સરસ્યાતળાવ, યાકુતપુરા, શેખ ફરીદ મોહલ્લા, અજબડી મીલ, હજરત એપારમેન્ટ, જુનિગઢી, મૉગલવાડા, મટન માર્કેટ, કહાર મોહલ્લા, નિસારબાપૂ પાર્ક, મેમણ કોલોની, સ્લમકવૉટસ જહાંગીરપુરા, ગોયગેટ, વી.એસ.યુ.પી. આવાસ સોમા તળાવ પાસે, મહાવત ફળિયું, પંજરીગર મહોલ્લો, ગેંડા ફળિયું, રાવત શેરી, અલીફ નગર, હાથી ખાના, નવાપૂરા, મહબૂબપુરા, ખારવા વાડ, કહાર મહોલ્લો અને કેવડા બાગ જેવા વિસ્તારોમાં કુલ 1,222 વીજ કનેક્શનો ચેક કરવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન કુલ 51 વીજ ચોરીના કેસ ઝડપાયા હતા. આ તમામ કેસમાંથી અંદાજિત 60 લાખ રૂપિયાનું પુરવણી બીલ બનશે તેવું જાણવા મળ્યું છે.

## ધંધૂકાના 15 ગામમાં 97 વીજ જોડાણોમાંથી વીજ ચોરી પકડાઈ હતી



તમને જણાવી દઈએ કે થોડા દિવસ અગાઉ જ ધંધૂકા યુજીવીસીએલ અને વિઝીલિયન્સ દ્વારા તાલુકામાં વીજ ચોરો પકડવા માટે દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં 12થી વધુ ટીમે 15 ગામમાં વીજ ચેકીંગ કર્યું હતું. જેમાં 97 વીજ કનેક્શનમાં ચોરી પકડાઈ હતી અને વીજ ચોરોને કુલ રૂપિયા 52 લાખનો માતબર દંડ ફટકારવામાં આવ્યો હતો. ધંધૂકા યુજીવીસીએલ અને વિજિલિયન્સ દ્વારા સંયુક્ત રીતે તાલુકાના છસિયાણા, છારોડીયા, વાગડ, મોરશિયા, પડાણા, અણિયાળી, ગુંજાર સહિત કુલ 15 ગામમાં વીજ કંપનીના અધિકારીઓની 12 ઉપરાંત ટીમો બનાવી 45 વાહન સાથે વ્યાપક દરોડાઓ પાડયા હતા. જેમાં કુલ 1500 જેટલા વીજ કનેક્શનનું ચેકીંગ કરવામાં આવ્યું હતું, જેમાં વીજ ચોરી કરતા 97 વીજ મીટર મળી આવ્યા હતા.

# જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનની મુલાકાત લેતા પ્રાથમિક સાગર શાળાના વિદ્યાર્થીઓ...

કિશોર. આર. સોલંકી | જાફરાબાદ



**વિદ્યાર્થીઓને પોલીસની શું કામગીરી હોય તે બાબતે વિસ્તૃત માહિતી મરીન પોલીસ સ્ટેશનના અધિકારીએ આપી**

જાફરાબાદ ખાતે તા/૩૦/૦૧/૨૫ ના રોજ પ્રાથમિક સાગર શાળા ના વિદ્યાર્થીઓ દ્વારા મરીન પોલીસ સ્ટેશનની મુલાકાતે પ્રાથમિક સાગર શાળા ના વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત લેતા મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી. એસ. ઈશરાણી સાહેબ તથા પીએસઆઇ રત્ન સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને કાયદાકીય માર્ગદર્શન તથા પોલીસ એટલે સિપાઈ પોલીસ એ સરકારે નીમેલો સેવક છે. જાહેર વ્યવસ્થા જળવાઈ રહે એ માટે કાયદા મુજબ લોકોને જે રક્ષણ આપે તેને પોલીસ કહેવાય પોલીસનું કામ સમાજમાં શાંતિ જળવાઈ રહે એનું ધ્યાન રાખવાનું છે, અશાંતિ ફેલાવવાનું કે બળજબરી કરવાનું નહીં ગુનો કરનારને શોધવા અને પકડવાનું કામ પોલીસનું છે. ગુનો બનતો અટકાવવો અને ગુનેગારોને પકડીને ન્યાય કે સજા અપાવવા માટે તેમને અદાલત સામે રજૂ કરવાનું કામ પણ પોલીસનું છે. પોલીસ સૌને મદદ કરવા માટે જ કામગીરી કરે છે. એટલે પોલીસ ને જોઈને કે પોલીસ થાણે જવાનું થાય ત્યારે ડરવું નહીં દરેક નાગરિકને પોતાને મળતા હકની ખબર હોવી જોઈએ પોતાના હક માટે મોટા સાહેબ પાસે જતા પણ ક્યારેય ગભરાવું નહીં કોઈ ગુનેગાર ભાગી જતો હોય તો પોલીસ ને જાણ કરવી તોફાન, ઝઘડો, મારામારી થશે એવું લાગે તો તરત જ પોલીસ ને માહિતી આપવી પોલીસ ની કામગીરી માં સાથસહકાર આપવો લોકોના ખાનગી જાનમાલને નુકસાન કરવું કે કોઈના ધંધા રોજગારીમાં દખલગીરી કરવી તે ગુનો છે. જાહેર જીવનમાં દેશના કાયદામાં નક્કી થયા પ્રમાણેના નિયમો કે ફરજો ન પાળવાથી કે જાહેર માલ- મિલકતનું નુકસાન કે તોડફોડ કરવાથી ગુનો બને છે. લોકોની જાનહાનિ કરવી કે ખાનગી માલ - મિલકતનું નુકસાન કરવું તે ગુનો છે. જનતા જનાર્દન નો મિત્ર હોય અને ગુનેગારો ને પકડવા નું કામ કરે છે. અને નાગરિકના જાનમાલનું રક્ષણ કરે છે. અને પોલીસ પ્રજાનો મિત્ર છે. તેમજ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ પોલીસ કરે છે. પોલીસ એ જનતા જનાર્દન ની સિક્યોરિટી છે. પોલીસ અસામાજિક તત્વો ને પકડી જેલમાં નાખી કોર્ટમાં રજૂ કરે છે. તેમજ વિવિધ શસ્ત્રો નું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ભારતના સંવિધાન વિશે પ્રવચન આપવામાં આવ્યું હતું તેમજ મોટર એક્ટર વિશે તેમજ ટ્રાફિક વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી વિદ્યાર્થીઓ ને પોલીસ ભરતી વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી આ તકે ઉપસ્થિત મરીન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર શ્રી ડી. એસ. ઈશરાણી સાહેબ તથા પીએસઆઇ રત્ન સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને કાયદાકીય અને પોલીસ મેન્યુઅલ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી વિદ્યાર્થીઓ ને આ પ્રવચન સાંભળીને ખુબ પ્રભાવિત થયા હતા આ તકે ઉપસ્થિત મરીન પોલીસ સ્ટેશન નો સ્ટાફ પણ ઉપસ્થિત હતા તેમજ પ્રાથમિક સાગર શાળા ના આચાર્ય શ્રી તથા શિક્ષકો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંવાદ- અમરેલી દ્વારા " કરે સંગત કલાપી "શીર્ષક તળે કવિ કલાપીને જન્મજયંતી નિમિતે શબ્દાંજલિ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતી ભાષાના અમર સર્જક લાઠીના રાજવી કવિ કલાપી ની જન્મજયંતી નિમિત્તે અમરેલી નગર ખાતે તારીખ ૨૬-૧-૨૦૨૫ ને રવિવારના રોજ શ્રી જીવન તીર્થ વિદ્યાલય અમરેલી ખાતે અમરેલીની જાણીતી સાહિત્ય સંસ્થા સંવાદ આયોજિત ‘કરે સંગત કલાપી ‘શીર્ષક તળે કવિ કલાપીને કાવ્યસંગીત ,કાવ્યપાઠ, ગઝલ ગોષ્ઠિ, આસ્વાદ -સંવાદ રુપ વક્તવ્યો દ્વારા શબ્દાંજલિ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી હતી. સંવાદના સંયોજક પરેશ મહેતા દ્વારા સહુને આવકારી પૂર્વ ભૂમિકામાં જણાવ્યું હતું કે લાઠીના રાજવી કવિ કલાપીની જન્મજયંતી ઉજવણીમાં અમરેલી પંથકના જ સર્જકો ,સંગીતકાર દ્વારા ગાન ,આસ્વાદ, સંવાદથી કલાપી સાહિત્યનો વિશેષ પરિચય કરાવશે .પ્રારંભે સુપ્રસિદ્ધ સંગીતકાર સંજીવ ધારૈયાના સંગીત સંયોજનમાં પ્રસિદ્ધ ગાયિકા સોનલ જોષીએ પ્રાર્થના ગાન દ્વારા સ્વર શુકન કરવામાં આવ્યા બાદ સંજીવ ધારૈયા, સોનલ જોષી અને મનોજ ઠાકર દ્વારા કલાપી ની રચનાઓની સુમધુર પ્રસ્તુતિ કરવામાં આવી હતી . અમરેલીના જાણીતા યુવા કવિ અગન રાજ્યગુરુએ એમની આગવી શૈલી થી એમની ગઝલોનું પઠન કર્યું અને સહુને પરંપરિત ગઝલના મુશાયરાના ભાવ જગતમાં પ્રવેશ કરાવ્યો. અમરેલીના જાણીતા યુવા સર્જક અને સાહિત્ય મરમી ગોપાલ ધકાણએ વિશેષ વાતમાં કવિ કલાપીથી લઈને અગન રાજ્યગુરુ સુધીની ગઝલ ગોષ્ઠિ દ્વારા પરંપરા ની ગઝલ થી લઈને આજની આધુનિક ગઝલ વિશે અભ્યાસપૂર્ણ અને રસપ્રદ વક્તવ્ય એમની આગવી શૈલી થી રજૂ કરી સભાને આગવો સાહિત્યિક, ગરિમાપૂર્ણ માહોલ રચી આપ્યો.આ પ્રસંગે સુપ્રસિદ્ધ સાહિત્યકાર સર્વશ્રી કાલિન્દી પરીખ અને વાસુદેવ સોઢા એ પ્રાસંગિક અભિવ્યક્તિમાં આવા સરસ મજાના ઉપક્રમ માટે સંવાદ પરિવારને બિરદાવીને કવિ કલાપીના જીવન કવન વિશે નવ્ય વાતો ,કલાપી શતાબ્દી મહોત્સવની યાદ દ્વારા સંવાદ ,વાર્તાલાપથી સભાને રસભીની કરી દીધી હતી આ ઉપક્રમમાં અમરેલી પંથકનાં દિવંગત સાહિત્યકારો શ્રી હર્ષદ ચંદારાણા , ડો.પ્રતાપભાઈ પંડ્યા ,ગણપતભાઈ ઉપાધ્યાયને એમના સાહિત્ય પ્રદાન , પ્રોત્સાહક અભિગમ માટે ખાસ યાદ કરવામાં આવ્યા હતા. શ્રીમતી શીલાબેન પી. મહેતા ના સહયોગથી આયોજિત આ ઉપક્રમમાં સંવાદ પરિવારના ફિરોઝ હસ્નાની ,ચેતના બાજક અને પાયલ જોશી દ્વારા સૌનું આવકાર સહ અભિવાદન કરવામાં આવ્યું હતું.

# 2025-2026 રૂષભ ફૂટબોલ ક્લબ ઓપન ગર્લ્સ ફૂટબોલ ટીમે ફૂટી ફિએસ્ટા 3X3 સ્ટ્રીટ સોકર ચેમ્પિયનશિપમા વિજય



તેજસ મહેતા | તા.30

ડિકેથલોન,વડોદરા ગુજરાત ખાતે રમાયેલ 2025-2026 રૂષભ ફૂટબોલ ક્લબ ઓપન ગર્લ્સ ફૂટબોલ ટીમે ફૂટી ફિએસ્ટા 3X3 સ્ટ્રીટ સોકર ચેમ્પિયનશિપમા વિજય મેળવ્યો છે. **ખેલાડીઓની યાદી:** 1.જોષી પ્રિયા (કેપ્ટન) 2.શેખ શિફા (વી. કેપ્ટન) 3.મહંત ઝીલ (સ્ટ્રાઈકર) 4.પટેલ ધ્યાની (હુમલો કરનાર) 5.ચોકસી કેસર (ડિફેન્ડર) 6. પટેલ આર્ય (સ્ટ્રાઈકર) 7.શેખ અમીરા (ડિફેન્ડર) પ્રિયાબેન જોષી ને બેસ્ટ પ્લેયરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો . ઉપરોક્ત ખેલાડીઓ અને કોચ: કે.જેગનાથન સર નો વાલીઓ ઓ આભાર વ્યક્ત કર્યો.

# ઓઢવમાં રબારી વસાહતમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરી

(એજન્સી) અમદાવાદ | તા.30

ગુજરાતમાં દ્વારકા, અમદાવાદ સહિતના કેટલાક વિસ્તારોમાંથી ગેરકાયદેસર બાંધકામ સામે તંત્ર એક્શનમાં આવ્યું છે, ત્યારે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રબારી વસાહતમાં દબાણો હટાવવા ડિમોલિશનની કામગીરી કરવામાં આવી હતી. જેને લઈને માલધારી સમાજમાં રોષ જોવા મળ્યો હતો. સમગ્ર ઘટના મામલે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે વિસ્તારની મુલાકાત લઈને તંત્ર પર આરોપો લગાવ્યા હતા. જ્યારે કોંગ્રેસના આરોપ બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને પ્રતિક્રિયા આપી હતી.

## કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ઓઢવ ડિમોલિશન અંગે શું કહ્યું?

કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, 'અમદાવાદમાં ઓઢવ વિસ્તારમાં રબારી વસાહતમાં વર્ષોથી રહેતા રબારી, માલધારી, દલિત સમાજના ભાઈઓના મકાનો પર ભાજપ સરકાર દ્વારા બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવ્યા. મેં પાર્ટીના નેતાઓ સાથે અસરગ્રસ્ત લોકોના દુઃખમાં સહભાગી બનવા અને તેમની પીડાને વાચા આપવા વિસ્તારની મુલાકાત લીધી હતી. હૃદય દ્રવી ઉઠે એવા દૃશ્યો જોવા મળ્યા.

વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર અને નોટિસ આપ્યા વગર દબાણ દૂર કરવામાં આવ્યા. લોકોને સંપૂર્ણપણે અમાનવીય રીતે અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ અથવા સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરીને બેઘર કરવામાં આવ્યા છે. આ વસાહતીઓને 1952માં જમીન ફાળવવામાં આવી હતી. સરકારનું આ પગલું ખૂબ જ દુઃખદ અને લોકશાહી પર કાળો ડાઘ છે.'

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### અમદાવાદ બ્રાન્ચના મેનેજરની હત્યા મામલે કોર્ટે સજા ફટકારી; અપહરણ કરી માર મારતા મોત થયું હતું

# રાજમોતી મિલ માલિક સહિત 3ને આજીવન કેદ

(એજન્સી) રાજકોટ | 30

રાજકોટની રાજમોતી ઓઈલના અમદાવાદ બ્રાન્ચના મેનેજર દિનેશ દક્ષિણીની હત્યા કેસ મામલે સેશન્સ કોર્ટે રાજમોતી ઓઈલ મિલના માલિક સમીર શાહ સહીત 3 આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ હત્યા કેસમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પ્રમુખ સમીર શાહની જયપુરથી ધરપકડ કરી હતી. ત્યારબાદ તપાસ અર્થે રાજકોટ પોલીસ જયપુર પહોંચી હતી જે હોટલમાં રોકાયો હતો ત્યાંનાં ડૉક્યુમેન્ટ તેમજ કાર સહિતના પુરાવાઓ કબ્જે કરવા તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે મૃતક દિનેશ દક્ષિણીને અમદાવાદથી રાજકોટ ઓઈલ મિલનો સિક્યુરિટીમેન ક્રિપાલસિંહ લાવ્યો હતો.



સમીર શાહને આ પ્રકરણમાં મદદગારી કરનાર અને આ ઘટના બાદ ફરાર થઈ ચૂકેલા ઓઈલ મિલના સિક્યુરિટી મેન ક્રિપાલસિહને પકડવા માટે તેના નિવાસસ્થાન ધંધુકાના ઉચડી ગામે રાજકોટ પોલીસે દરોડા પાડ્યા હતા. પરંતુ ત્યાંથી પણ તે મળી આવ્યો ન હતો. ત્યારબાદ બી ડીવીઝન પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મોરબી રોડ જકાતનકા નજીકથી ક્રીપાલસિહને દબોચી લીધો હતો. તેની પૂછતાછ કરતાં તે પોતે આટલો સમય જુદી જુદી ધાર્મિક જગ્યાઓ તેમજ તેના ઘરે રહ્યો હોવાની કબૂલાત આપી હતી. મૃતક દિનેશ દક્ષિણીને પોતે જ સમીર શાહના કહેવાથી રાજકોટ લઈને આવ્યો હોવાની ચોંકાવનારી કબૂલાત આપી હતી. આ કેસમાં એક આરોપી પોલીસ કોન્સટેબલ યોગેશ ભટ્ટ પણ હત્યામાં સામેલ હોવાનું સામે આવ્યું હતું.જેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### શાહ સામે કાઢી હતી લુકઆઉટ નોટિસ

બીજીબાજુ દિનેશભાઇ દક્ષિણીનું અપહરણ અને હત્યા જેના ઈશારે થયું તે રાજમોતી મિલનો માલિક સમીર શાહ પણ ઘટના બાદ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. સમીર શાહ ગુજરાત બહાર હોવાની હકીકત મળતાં પોલીસની એક ટુકડી રાજ્ય બહાર પણ દોડી ગઇ હતી. પોલીસે સમીર શાહના ઘરે તપાસ કરી હતી, પરંતુ તે મળી આવ્યો નહોતો. તેનો મોબાઈલ પણ સ્વિચઓફ હોઈ લોકેશન મળતું નહોતું. સમીર શાહ દેશ છોડીને જતો રહે તેવી સંભાવના લાગતાં પોલીસે લૂક આઉટ નોટિસ પણ જારી કરી હતી.

### મૃતકને ધાકધમકી આપી ગેરરીતિ આચરી હોવાનું લેખિતમાં લીધું હતું

પરંતુ તે અમદાવાદની ઓફિસનો માણસ હતો. અને દિનેશભાઈની પૂછપરછ બાદ તેણે ગેરરીતિ આચરી છે તે મુજબનું લખાણ તેના હસ્તાક્ષરમાં ધાક-ધમકીઓ આપી લખાવી લીધું હતું. જેમાં મૃતક દિનેશભાઇ તેના પત્ની, તેમજ અમારી સાથે આવેલા તમામ વ્યક્તિઓએ તેમની સહી લખાણમાં કરાવી હતી. તે સમયે દિનેશભાઈએ જે ગેરરીતિ આચરી હતી. તેની મૌખિક કબૂલાત પણ અમારી રૂબરૂમાં કરી જેનો વીડિયો મેં કરેલો. ત્યાર બાદ અમો આ મૃતક દિનેશભાઈને તેમની ઈચ્છા વિરુદ્ધ અમારી કાળુપુર ઓફિસે રાતે લઈ ગયા હતા.

### સમીર ગાંધીએ સેશન્સ કોર્ટમાં કરેલી અરજી અક્ષરશ: તેમના શબ્દોમાં

હું સમીર ઈશ્વરલાલ ગાંધી સેશન્સ કેસ નં.104/2016નો આરોપી છું. હું આ કેસમાં તાજનો સાક્ષી બનવા ઈચ્છુ છું અને બનાવની સત્ય હકીકતો અદાલતમાં રૂબરૂ જાહેર કરવા માગું છું. હું રાજમોતી ઈન્ડસ્ટ્રીઝમાં 2016માં મેનેજર તરીકે રાજકોટ ખાતે નોકરી કરતો હતો. મારી ઈન્ડસ્ટ્રીઝ ખાદ્યતેલ બનાવવાનું કામકાજ કરતી હતી. તે અરસામાં દિનેશભાઇ મગનભાઇ દક્ષિણી અમારી અમદાવાદ ખાતેની શાખામાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. ફેબ્રુઆરી 2016માં અગાઉ દિનેશભાઈએ અમારી ઈન્ડસ્ટ્રીઝ સાથે ગેરરીતિ આચરી હતી. તે બાબતે મને અમારી ઈન્ડસ્ટ્રીઝના માલિક-ભાગીદાર સમીર મધુકાંત શાહ કે જેઓ આ કેસના આરોપી છે. તેઓએ તેમજ તેના ભાઇ શ્યામભાઈએ આ હિસાબ માટે તા.28-2-2016ના રોજ દિનેશભાઈને મળવા મને અમદાવાદ મોકલ્યો હતો.

**શું છે મામલો :** ફેબ્રુઆરી, 2016માં રાજકોટની રાજમોતી ઓઈલ મિલના માલિક સમીર શાહના ઈશારે મિલના મેનેજર સમીર ગાંધી સહિત બે શખ્સે અમદાવાદ બ્રાન્સના મેનેજર દિનેશભાઈ દક્ષિણીનું અપહરણ કરી લાવ્યા હતાં. બે દિવસ સુધી મિલમાં ગોંધી રાખી ઢોરમાર માર્યા બાદ બેડીપરા પોલીસ ચોકીના સસ્પેન્ડેડ ASI યોગેશ ભટ્ટને હવાલે કરવામાં આવ્યા હતાં. યોગેશ ભટ્ટે પણ દિનેશભાઈને એકાદ કલાક સુધી લાકડીઓ ફટકારતાં દિનેશભાઇ ચોકીમાં બેભાન થઇ ગયા હતા અને તેમનું મૃત્યું નીપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. આ કેસમાં ગુનો નોંધાતા યોગેશ ભટ્ટની ધરપકડ થઈ હતી અને તેણે એક વર્ષ જેલમાં રહેવું પડ્યું હતું, જોકે કેસમાં તેનો નિર્દોષ છુટકારો થયો હતો.

# બાળકી સાથે દુષ્કર્મ થતાં પોલીસ તંત્ર દોડતું થઇ ગયું

### વાગરા તાલુકાના એક ગામમાં સગીર બાળકે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

(એજન્સી) ભરૂચ | 30

વાગરાના એક ગામમાં રહેતી સગીરા સાથે દુષ્કર્મ આચરી કાયદાની સંઘર્ષમાં આવતો બાળક નાસી છુટ્યો હતો. દરમિયાનમાં સ્થાનિક પોલીસ સહિત એલસીબીની ટીમ તેને ઝડપી પાડવા માટે જોતરાતાં આખરે ભરૂચના દહેજ બાયપાસ વિસ્તારમાં ઝાડીઓમાં સંતાયેલી હાલતમાં ઝડપાઇ ગયો હતો. વાગરા તાલુકામાં આવેલાં એક ગામમાં રહેતાં પરિવાર પૈકીના માતા-પિતા કામ અર્થે ઘરેથી ગયાં હતાં. અરસામાં તેમની સગીર પુત્રી અને પુત્ર ઘરે એકલાં જ હતાં. દરમિયાનમાં તેમના વિસ્તારમાં જ રહેતાં એક સગીરને સગીરા ઘરે એકલી હોવાનું માલુમ પડતાં તે તેના મિત્ર સાથે ત્યાં પહોંચ્યો હતો. અને તેણે સગીરાને કોઇ રીતે એક ઓરડીમાં લઇ ગયો હતો.

સગીરાને લઇ જતાં તેના નાના ભાઇએ જોઇ જતાં તે પણ પાછળ પાછળ જતાં મિત્રએ તેને પકડીને બહાર લઇ ગયો હતો. જ્યારે કાયદાની સંઘર્ષમાં આવતાં સગીર બાળકે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. ઘટના બાદ હોબાળો થતાં બાળક ત્યાંથી નાસી છુટ્યો હતો. બનાવને પગલે વાગરા પોલીસે ગુનો નોંધતાં સ્થાનિક પોલીસ તેમજ એલસીબીની ટીમે તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં ભરૂચના દહેજ બાયપાસ રોડ પર શિલ્પી સ્કવેર શોપિંગ પાસેના બાવળિયામાં સંતાયેલી હાલતમાં તે ઝડપાઇ જતાં પોલીસે તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



### બાળકીનું કાઉન્સિલિંગ કરાવાની કવાયત

વાગરા તાલુકાના એક ગામમાં બાળકી સાથે દુષ્કર્મની ઘટના થતાં પોલીસ તંત્ર દોડતું થઇ ગયું હતું. પોલીસે બાળકીને તુરંત મેડિકલ ટેસ્ટ માટે મોકલી દેવાઈ હતી. ઉપરાંત તેની સાથે થયેલાં કૃત્ય બાદ તેની માનસિક સ્થિતીને ધ્યાનમાં રાખી તેનું કાઉન્સિલીંગ પણ કરવાની કવાયત પોલીસે હાથ ધરી છે. બીજી તરફ પોલીસે ગણતરીના સમયમાં જ કાયદાના સંઘર્ષમાં આવતાં બાળકને ઝડપી પાડી તેને જૂવેનાઇલ હોમમાં મોકલી દેવામાં આવ્યો હતો.

## ખંભાળિયામાં 32 વર્ષીય પરિણીતા ગુમ

દ્વારકા ખંભાળિયા | ખંભાળિયા તાલુકાના ચુડેશ્વર વિસ્તારમાંથી એક 32 વર્ષીય પરિણીત મહિલાના ગુમ થવાની ઘટના સામે આવી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ચુડેશ્વર ગામના રહેવાસી અબ્બાસભાઈ અલીભાઈ ચમડિયા (ઉ.વ.65)ની પુત્રી જરીનાબેન સબીર હારુન બસર, જે હાલમાં બેડી-જામનગર ખાતે રહે છે, તે ગત 25 જાન્યુઆરીના રોજ પિતાના ઘરે આવી હતી.

જરીનાબેન 25મી જાન્યુઆરીની રાત્રે નવ વાગ્યાથી 26મી જાન્યુઆરીના સવારે આઠ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈને કંઈ પણ જણાવ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા. પોલીસ વર્ણન મુજબ, જરીનાબેન ઘઉં વર્ણી અને મધ્યમ બાંધાની છે, જેમની ઊંચાઈ આશરે 5 ફૂટ 4 ઇંચ છે. ગુમ થયા સમયે તેમણે કેસરી રંગનો ડ્રેસ પહેરેલો હતો.

### જડીયાના હનુમાન મંદિરે બેનર સાથે લોકોનો રોષ, વિધાનસભા ઘેરાવની ચીમકી

# ‘ધાનેરાને બનાસકાંઠામાં રાખીને જ ઝંપીશું...

(એજન્સી) બનાસકાંઠા | 30

‘ધાનેરાને બનાસકાંઠામાં રાખીને જ ઝંપીશું’ ગઈકાલે 29મી જાન્યુઆરીએ રાત્રે જડિયા ગામના ગ્રામજનોએ હનુમાન મંદિરે એકત્ર થઈને આરતી કરી હતી અને સરકાર પ્રજાની લાગણીઓને સમજે તેવી પ્રાર્થના કરી હતી. ધાનેરા તાલુકાના લોકો ગાંધીનગર જઈને વિધાનસભાનો ઘેરાવો કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી. ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં ફરીથી સમાવેશ કરવાના મુદ્દે સ્થાનિક લોકોનો વિરોધ દિવસે-દિવસે વધી રહ્યો છે.

છેલ્લા 28 દિવસથી ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનમાં સ્થાનિક લોકોની માગણી છે કે તેમના તાલુકાને બનાસકાંઠા જિલ્લા સાથે જ રાખવામાં આવે. આ આંદોલન હવે ધીરે-ધીરે વધુ તીવ્ર બનતું જાય છે અને લોકોની લાગણીઓ પણ વધુ તીવ્ર બની રહી છે.

સ્થાનિક અગ્રણીઓએ ચેતવણી આપી છે કે, જો આગામી સમયમાં ધાનેરા તાલુકાને બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ નહીં કરવામાં આવે તો જડિયા ગામ સહિત સમગ્ર ધાનેરા તાલુકાના લોકો ગાંધીનગર જઈને વિધાનસભાનો ઘેરાવો કરશે.

જડિયા ગામના સ્થાનિક અગ્રણીઓએ દ્દઢતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ કોઈપણ સંજોગોમાં ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં રાખવા માટે અડગ છે અને આ માટે લડત ચાલુ રાખશે. આ અંગે જડીયા ગામના સતીશ જાનીએ જણાવ્યું હતુ કે, આજે ધાનેરા તાલુકા જડીયા ગામે બનાસકાંઠા જિલ્લામાંથી ધાનેરાને વિખુટું પાડી અને વાવ-થરાદ વિભાજનમાં મુકવામાં આવ્યું છે, જેના વિરોધમાં જડીયા ગામના સર્વ સમાજે એકત્ર થઇ હનુમાન મહારાજના મંદિરે સર્વે સમાજે હનુમાન મહારાજના સાનિધ્યમાં પ્રાર્થના કરી અને સરકારને સદબુદ્ધિ મળે.

સરકાર આ પ્રજાની લાગણીનો વિચાર કરે. સરકાર સુધી અમારો અવાજ પહોંચે, જે માટે સમસ્ત જડીયા ગ્રામજનોએ આ ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં પાછો સમાવેશ કરવા આવે, એ માટે સમસ્ત ગ્રામજનો ઉગ્ર રજૂઆત કરી છે.

### ગરબાડામાં આધારકાર્ડ માટે લોકોને હાલાકી

# આધાર કીટને કારણે લાંબી લાઈનો, લોકો કલાકો સુધી રાહ જોવા મજબૂર

(એજન્સી) દાહોદ | 30

ગરબાડા મામલતદાર કચેરી ખાતે આધારકાર્ડની કામગીરીમાં ગંભીર સમસ્યાઓ સામે આવી રહી છે. સમગ્ર તાલુકામાં માત્ર એક જ આધાર કીટ એક્ટિવ હોવાના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારથી જ કડકડતી ઠંડીમાં દૂર-દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા નાગરિકો, વૃદ્ધો અને નાના બાળકો સાથે લાઈનમાં ઊભા રહે છે. લોકોને પોતાના રોજિંદા કામકાજ અને ખેતીવાડી છોડીને આવવું પડે છે, છતાં પણ આખો દિવસ રાહ જોયા બાદ પણ તેમનું કામ થતું નથી.

આ સમસ્યાને ધ્યાને લઈને ભારતીય આદિવાસી પાર્ટી (BAP)ના પ્રમુખ ધર્મેશ પરમારે મામલતદારને રજૂઆત કરી છે. તેમણે માગણી કરી છે કે અગાઉ કાર્યરત હતી તે આધાર કીટને તાત્કાલિક ધોરણે એક્ટિવ કરવામાં આવે, જેથી લોકોની મુશ્કેલીઓનો અંત આવે.

મામલતદારે આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે અને વહેલી તકે વધારાની આધાર કીટ શરૂ કરવાની ખાતરી આપી છે.

# પિતાની બમાબૂમથી પોલીસ મદદે આવી અને પુત્રને બચાવ્યો

### પ્રયાગરાજના સંગમ ઘાટ પર થયેલી નાસભાગમાં ગોધરાનો કિશોર દબાયો; ત્રણ મહિલા વિખૂટી પડી...

ગોધરા | પ્રયાગરાજના મહાકુંભમાં મૌની અમાવસ્યા પર અમૃત સ્નાન કરવા માટે સંગમ કિનારે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. જેમા ગોધરાના 7 સભ્યનો પરિવાર મંગળવારની મધરાતે સંગમ ઘાટ તરફ સ્નાન કરવા 1.30 કલાકે જઇ રહ્યું હતું. તે દરમ્યાન અચાનક જ બેરીકેટ તુટતા ભાગદોડ મચી ગઇ હતી. જેમાં પરીવારનો 7 વર્ષનો કિશોર દબાઇ ગયો હતો. બાળકે ભારે બુમાબુમ કરતા ઉત્તર પ્રદેશ પોલીસ મદદ માટે દોડી આવી હતી. આખરે ભારે જહેમત બાદ ભાગદોડમાં દબાઈ ગયેલા કિશોરને બહાર કાઢીને જીવ બચાવ્યો હતો. જ્યારે મધરાતે મચેલી નાસભાગમાં પરીવારની 3 મહિલા પણ વિખુટી પડી ગઇ હતી. જે મહીલાઓનુ પરીવાર સામે 12 કલાક બાદ મિલન થયું હતું.



ગોધરાના સિંદુરી માતા મંદિર વિસ્તારમાં રહેતા ભાવેશભાઇ ઢોલી, પત્ની આશાબેન, 7 વર્ષનો કીશોર મૌલેષભાઇ, પ્રેમીલાબેન, સુખીબેન, બેબીલાબેન તથા ચિરાગભાઇ રાવલ તા.27 જાન્યુઆરીના રોજ પ્રયાગરાજ ખાતે કુંભ મેળમાં પહોચ્યા હતા. મંગળવારની રાત્રીએ અમૃત સ્નાન કરવા માટે સંગમ કિનારે સ્નાન કરવા માટે ચાલતા નીકળ્યા હતા. ત્યારે મધરાતે 1.30 કલાકની આસપાસ અચાનક જ બેરીકેટ તુટી પડતા ભાગદોડ મચી ગઇ હતી. ભારે ભાગદોડના પગલે પરિવાર વિખુટો પડી ગયો હતો. નાસભાગમાં ભાવેશભાઇનો 7 વર્ષનો પુત્ર મૌલેષ પડી જતા ભીડની વચ્ચે દબાઇ ગયો હતો. પોતાનો પુત્ર દબાઇ જતા પિતાએ ચીસાચીસ કરીને ઉત્તર પ્રદેશની પોલીસને જાણ કરી હતી. પોલીસ દોડી આવીને નીચે દબાઇ ગયેલ કિશોરને ભારે મુશ્કેલીથી બહાર કાઢીને જીવ બચાવ્યો હતો. પુત્રને હેમખેમ જોતા પિતાની આંખમાં આસુ આવી ગયા હતા. જ્યારે ભાગદોડમાં પરિવારની 3 મહીલાઓ પણ વિખુટી પડી જતા તેઓની શોધખોળ હાથ ધરી હતી. પરિવારે મૃતદેહો વચ્ચે મહિલાઓની શોધખોળ કરી પણ મળી આવી ન હતી. આખરે 12 કલાક બાદ ભીડમાંથી 3 મહીલાઓ મળી આવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

### ■ કિશોરને પ્રાથમિક સારવાર આપવામાં આવી

કિશોર ભીડમાં દબાઈ જતા પિતાએ બુમાબુમ કરી હતી. જેમાં પોલીસનો સંપર્ક કરતા ઉત્તર પ્રદેશ પોલીસ મદદે પહોચી હતી અને અનેક મુશ્કેલીઓ બાદ કિશોરને બહાર કાઢવામાં આવ્યો હતો. કિશોરને નાની ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી. ગભરાઈ જતા કિશોરે રોકકળ મચાવી હતી.

### ખંભાળિયાના ખેડૂતના ખાતામાંથી ચેક દ્વારા છેતરપિંડી

## કેન્સલ કરેલા ચેક દ્વારા રૂ.7.52 લાખની ઠગાઈ, BOB ખાતામાં ટ્રાન્સફર કર્યાં

(એજન્સી) દ્વારકા ખંભાળિયા | 30

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામના ખેડૂત પરિવાર સાથે ચેક દ્વારા છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ, 48 વર્ષીય દેશુરભાઈ આંબલીયાના પિતા રામશીભાઈના SBI ખાતામાંથી કેન્સલ કરેલા ચેક દ્વારા રૂ.7,52,300ની રકમ ઉપાડી લેવામાં આવી છે.

આ કેસની વિગતો મુજબ, રામશીભાઈ વકાભાઈ આંબલીયાએ પોતાના બેંક ખાતાની વિગતો આપવા માટે SBI ખંભાળિયા શાખાનો એક કેન્સલ કરેલો ચેક આપ્યો હતો. આ ચેકનો દુરુપયોગ કરીને જગતે પથરે દમાલ નામના શખ્સે અન્ય લોકોની મદદથી તેને બેંક ઓફ બરોડાના ખાતામાં વટાવી લીધો હતો. દેશુરભાઈ આંબલીયાએ ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં જગતે પથરે અને અન્ય અજાણ્યા શખ્સો સામે છેતરપિંડીનો આરોપ મૂક્યો છે. પોલીસે IPC કલમ 420 હેઠળ ગુનો નોંધી લીધો છે અને PSI ડી.જી. પરમાર કેસની તપાસ કરી રહ્યા છે.

## બે કરુણ આત્મહત્યા : ચોરીના આરોપથી કન્યા કૂવામાં કૂદી, એકલતાથી વૃદ્ધે ઝેર પીધું

(એજન્સી) નર્મદા | 30

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં બે કરુણ આત્મહત્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે. દાભવણ ગામની 15 વર્ષીય કિંજલબેન મહેશભાઈ તડવી અને સામરપાડા (સિદ્ધિ) ગામના 70 વર્ષીય શંકરભાઈ વસાવાએ જુદા જુદા કારણોસર આત્મહત્યા કરી લીધી છે. દાભવણ ગામના તળાવ ફળિયામાં રહેતી કિંજલબેન પર ગામના બંસીભાઈ બાલુભાઈ તડવીએ તેમની પુત્રીના સાંકળા ચોરવાનો આરોપ મૂક્યો હતો. આ આક્ષેપથી વ્યથિત થઈને કિંજલબેને ઘર નજીકના ઊંડા કૂવામાં કૂદીને જીવન ટૂંકાવ્યું હતું.

બીજી તરફ, સામરપાડા (સિદ્ધિ) ગામના શંકરભાઈ વસાવા છેલ્લા સાત વર્ષથી એકલા રહેતા હતા. તેમની પત્નીના અવસાન બાદ એકલતાથી કંટાળીને તેમણે ઝેરી દવા પી લીધી હતી. પ્રાથમિક સારવાર માટે તેમને 108 એમ્બ્યુલન્સ દ્વારા ડેડીયાપાડા સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા.

ત્યાર બાદ તબિયત વધુ લથડતાં રાજપીપલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ડેડીયાપાડા પોલીસે બંને કેસમાં આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાઓએ સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક સંવેદનશીલતાના મુદ્દાઓ પર ધ્યાન દોર્યું છે.

# ગત વર્ષની સરખામણીએ 2025માં કોલ્ડવેવના દિવસો ઘટ્યા

### જાન્યુઆરી ઠંડીના બદલે ગરમ રહ્યો, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી બેવડી ઋતુનો અનુભવ; અમદાવાદનો પારો 11 ડિગ્રીથી નીચે

(એજન્સી) ગુજરાત | 30

ગુજરાતમાં આ વર્ષે 2023-24ની સરખામણીમાં તાપમાનમાં વધુ પ્રમાણમાં ઘટાડો થઈ રહ્યો છે. એટલે કે, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે શિયાળામાં ઠંડીનું જોર વધ્યું હતું, પરંતુ કોલ્ડવેવની અસરો ઓછા દિવસ સુધી વર્તાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ દ્વારા ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં જ આગાહી કરવામાં આવી હતી કે, આ વર્ષે ગુજરાતમાં કોલ્ડવેવના દિવસો ઓછા રહેશે, જે સ્થિતિ રાજ્યમાં હાલ જોવા મળી રહી છે. ગુજરાતમાં આ વર્ષે કોલ્ડવેવની અસર ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં રહી હતી. તે સિવાય ગુજરાતના એક પણ જિલ્લામાં આ વર્ષે કોલ્ડવેવની અસર રહી નહોતી. એટલે કે, જોઈએ તેટલા પ્રમાણમાં ઠંડીનું જોર રહ્યું નહોતું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી સૌરાષ્ટ્ર-કચ્છના પ્રદેશોમાં દર વર્ષે એક કે બે વખત કોલ્ડવેવની સ્થિતિ જોવા મળે છે. સામાન્ય રીતે આ કોલ્ડવેવ પાંચથી છ દિવસ રહે છે. પરંતુ આ વર્ષે બેથી ત્રણ દિવસ કોલ્ડવેવની અસર રહી હતી અને તેની તીવ્રતા પણ વધુ માત્રામાં રહી નહોતી. કારણ કે, સામાન્ય તાપમાન પણ વધ્યું છે તથા આ વર્ષે સૌરાષ્ટ્ર-કચ્છનું લઘુતમ તાપમાન સામાન્યની નજીક જ રહ્યું હતું.

ગુજરાતમાં છેલ્લા આઠથી દસ દિવસથી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે, એક દિવસમાં એકાએક તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઈ જાય છે. તો બીજે દિવસે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ જાય છે. આ ઉપરાંત કેટલાક જિલ્લામાં તો બે ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ વધુ વધારો-ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેથી રાજ્યનું વાતાવરણ અસ્થિર બન્યું છે. ખાસ કરીને કચ્છના નલિયામાં જ્યાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાતું હોય છે, ત્યાં પણ બે દિવસ પહેલાં લઘુતમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ પહોંચ્યું હતું. એટલે કે, જાન્યુઆરીના અંતમાં જ્યાં ગુલાબી ઠંડીનો માહોલ જામતો હોય છે, તેવામાં નલિયાનું લઘુતમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ પહોંચતા ઠંડી જાણે ગાયબ જ થઈ ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

### જાન્યુ.માં થતો ગુલાબી ઠંડીનો અહેસાસ ગાયબ

મધ્ય ગુજરાતના ભાગોમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે, જેને કારણે લોકોને એસી-પંખા શરૂ કરવાની જરૂર પડી છે. જાન્યુઆરી માસમાં જ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 29થી 30 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતા દિવસે ગરમીનો અહેસાસ થાય છે. લઘુતમ તાપમાન 15થી 16 ડિગ્રી રહેતા થોડા અંશે ઠંડક અનુભવાય છે, પરંતુ ખરેખર શિયાળાની જે ઠંડી હોય તે વર્તાઈ રહી નથી. ભારતીય હવામાન વિભાગ દ્વારા જાન્યુઆરી માસની શરૂઆતમાં આગાહી કરવામાં આવી હતી કે, વર્ષ 2025ના માસમાં રાજ્યમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતાઓ છે.

# વડોદરા RTOમાં બે દિવસથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ઠપ : 230થી વધુ અપોઇન્મેટ રિ-શિડ્યુલ કરાઈ

**જીસ્વાન નેટ કનેક્ટિવિટી ખોરવાતાં અરજદારોને ધક્કો થતાં રોષ...**



વડોદરા | વડોદરા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતે ગતરોજ (29 જાન્યુઆરી) બપોર બાદ જીસ્વાન નેટ કનેક્ટિવિટી ખોરવાતાં ટેસ્ટ ટ્રેક બંધ કરવાની ફરજ પડી હતી. આ સર્વર એરર હોવાનુ હાલમાં જણાવવામાં આવી રહ્યુ છે. જીસ્વાન કનેક્ટિવિટી ગત બપોર બાદ ખોરવાતાં કાલની અને આજની અંદાજીત 230થી વધુ અપોઈમેન્ટ રિ-શિડ્યુલ કરવામાં આવી છે. કેટલાક અરજદારો મેસેજ ન જોતા તેઓને આરટીઓ કચેરીનો ધરમ ધક્કો થયો હતો. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી વડોદરા ગત બપોર બાદ લાયસન્સની ટેસ્ટ ટ્રેક ટેકનિકલ કારણોસ બંધ થયો હતો. જે આજે પણ સર્વર ડાઉન રહેતા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

હાલમાં વડોદરા આરટીઓમાં ટેસ્ટમાં ટુ-વ્હીલર માટે 270 અને ફોરવીલર માટે 180 સ્લોટ બુક થતા હોય છે, જેની સામે ગતરોજ અંદાજિત 50 અને આજે 180 જેટલી એપોઈન્ટમેન્ટ રિ-શિડ્યુલ કરવામાં આવી છે. વડોદરા આરટીઓ વિભાગ સહિત રાજ્યમાં મોટાભાગના આરટીઓ ટેસ્ટ પર સર્વર ડાઉન હોવાના કારણે હાલમાં અરજદારો ટેસ્ટ ડ્રાઈવ આપી શક્યા નથી. જ્યારે આવા કિસ્સાઓમાં આરટીઓ વિભાગ દ્વારા મેસેજ અને કોલ દ્વારા અરજદારોને એડવાન્સમાં જાણ કરવામાં આવે છે. પરંતુ કેટલાક અરજદારો મેસેજ લેટ જોવાના કારણે આરટીઓ કચેરી ખાતે પહોંચી જાય છે. આજે પણ આરટીઓ કચેરીનો ટેસ્ટ ટ્રક સૂમસામ જોવા મળ્યો હતો. વડોદરા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા અપાયેલી માહિતી અનુસાર, હાલમાં જીસ્વાન અને સારથી પોર્ટલ કનેક્ટિવિટી પ્રોબ્લેમના કારણે આ મુશ્કેલી ઊભી થઈ છે.

### ઓડ, બોરિયાવીમાં એકપણ ફોર્મ ન ભરાયું : ભાજપના કાર્યકરો મેન્ડેટની રાહમાં જ્યારે કોંગ્રેસ મેન્ડેટ આપશે કે કેમ તે અંગે અસમંજસ

# આંકલાવ પાલિકાના 6 વોર્ડ માટે વધુ 9 અપક્ષોએ ઉમેદવારી નોંધાવી

(એજન્સી) આણંદ | તા 30

ઓડ, બોરિયાવી અને આંકલાવ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારો માટે ઉમેદવારીપત્ર ભરાવાની શરૂઆત થઈ ચૂકી છે. આંકલાવ પાલિકા માટે બુધવારે ૯ અપક્ષોએ વિવિધ વોર્ડમાં ઉમેદવારીપત્ર ભર્યા હતા. જોકે, ઓડ અને બોરિયાવી પાલિકામાં ઉમેદવારી નોંધાવવાના ત્રીજા દિવસે પણ કોઈ દાવેદારે ઉમેદવારીપત્ર ભર્યા નથી. આંકલાવ, ઓડ અને બોરિયાવી પાલિકાના કુલ ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ચૂંટણી જાહેર કરાઈ છે. જેમાં આંકલાવના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે બુધવારે વધુ ૯ અપક્ષ દાવેદારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. જ્યારે ઓડ અને બોરિયાવીમાં દાવેદારોમાં નિરસતા યથાવત રહી હતી અને ઉમેદવારી નોંધાવવાના ત્રીજા દિવસે પણ એકપણ ફોર્મ ભરાયા ન હતા. ભાજપમાંથી ઉમેદવારી કરવા ઈચ્છુક કાર્યકરોએ પક્ષના નિરીક્ષક સમક્ષ દાવેદારી નોંધાવી હતી. નિરીક્ષક દ્વારા પ્રદેશમાં યાદી મોકલ્યા બાદ પક્ષ દ્વારા મેન્ડેટ આપવામાં આવે તેવી શક્યતાઓ છે. જેથી ભાજપના કાર્યકરો મેન્ડેટની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસ દ્વારા મેન્ડેટ આપવામાં આવશે કે કેમ તે સંદર્ભે ચોક્કસ રણનીતિ નક્કી થઈ રહી છે. પરિણામે કોંગ્રેસના કાર્યકરો પણ અવઢવમાં મુકાયા છે. ઓડ પાલિકામાં એનસીપી (નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી) પણ ઉમેદવારોને મેન્ડેટ આપતી હોય છે. જેથી ઓડમાં ત્રીપાંખિયો જંગ જોવા મળે તેવી શક્યતા છે. તેમજ ઓડમાં અપક્ષ ઉમેદવારોનું વર્ચસ્વ વધુ રહેતું હોવાથી ચાલુ વર્ષે અપક્ષ ઉમેદવારો પોતાના દબદબો જાળવી રાખે છે કે ત્રણ પક્ષોમાંથી કોઈ બાજી મારી જાય છે તે અંગે ચર્ચાઓ તેજ બની છે. જોકે, ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાલ આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. અંતિમ દિવસોમાં નામ જાહેર થતાં શનિવારે ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસે ઉમેદવારોનો ધસારો રહે તેવી શક્યતા સેવાઈ રહી છે.



### ભાજપના બળવાખોરો ફોર્મ ન ભરી શકે તો એકંદરે પક્ષને જ ફાયદો થાય તેવી ચર્ચા

આંકલાવ બેઠક ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે. અત્યારસુધી આંકલાવ પાલિકામાં એકપણ વખત સત્તા ન મેળવી શકનારા ભાજપ દ્વારા ચાલુ વર્ષે ચૂંટણી જીતવા સાંસદના હાથમાં કમાન સોંપવામાં આવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસ પહેલા ભાજપ મેન્ડેટ આપે તો પક્ષમાંથી બળવો કરી કેટલાક કાર્યકરો અપક્ષ તરીકે ઉમેદવારી કરી ખેલ બગાડી શકે તેવી શક્યતા છે. ભાજપના બળવાખોરો ઉમેદવારીપત્રો ભરવામાં નિષ્ફળ નિવડે તો એકંદરે ભાજપના જ ઉમેદવારોને ફાયદો થાય તેવી રણનીતિ અમલમાં મુકવામાં આવે તેવી શક્યતા છે.

### ગંદકી અને મચ્છરોના ત્રાસથી લોકો બારી-બારણાં પણ નથી ખોલી શકતા

## સરદારનગરમાં કંસારાનો કાંઠો નર્ક બન્યો મચ્છરોના ઉપદ્રવથી રહિશો ત્રસ્ત

(એજન્સી) ભાવનગર | તા 30

શહેરના સરદારનગર વિસ્તારમાં આવેલા કંસારાના કાઠામાં અસહ્ય ગંદકીના કારણે મચ્છરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધ્યો છે. જેના કારણે સ્થાનિક રહિશો પોતાના ઘરના બારી-બારણાં પણ ખોલી ન શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. મચ્છરોના અસહ્ય ઉપદ્રવથી ઘરે-ઘરે માંદગીના ખાટલા ખડકાયા છે. શહેરના સરદારનગર, ૫૦ વારિયા નજીક કંસારાનો કાંઠો સ્થાનિકો માટે નર્ક સમાન બની ગયો છે. સાફ-સફાઈ કરવામાં આવતી ન હોવાથી અસહ્ય ગંદકી ફેલાઈ રહી છે. સાથે કંસારાના કાંઠામાં જાડી જાખરા ઉગી નીકળ્યા છે. તેમાં પણ છેલ્લા બે-ત્રણ માસથી કંસારાના કાંઠાની ગંદકીના કારણે મચ્છરોનો એટલી હદે ઉપદ્રવ વધ્યો છે કે, આ વિસ્તારમાં રહેતા લોકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ઘરની બારી કે બારણાં ખુલ્લા રાખવામાં આવે તો મચ્છરોના ઝૂંડ ઘરમાં ઘૂસી જાય છે અને પરિવારજનોને ડંખ મારતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ૫૦ વારિયા સહિત આસપાસના વિસ્તારમાં બાળકો, વૃદ્ધો સહિતના લોકો મચ્છરજન્ય રોગની ચપેટમાં આવી રહ્યા છે. મચ્છરોના ત્રાસથી લોકો ગળે આવી ગયા છે, તેમ છતાં મ્યુનિ. તંત્રની આંખ ઉઘડતી નથી. વધુમાં કંસારાના શુદ્ધિકરણ પ્રોજેક્ટનું કામ પણ ઘણાં સમયથી પડતું મુકી દેવામાં આવ્યું હોવાના કારણે ગંદકી-મચ્છરોનો ત્રાસ વધ્યો હોવાની પણ રાવ સ્થાનિકોમાં ઉઠી છે.

### નવ ખાતેદારોના ખાતામાંથી રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ બેંકમાં આવવાનું બંધ કરી દીધુ

# ઈન્ડસઈન્ડ બેંકના પૂર્વ મેનેજર વિરુદ્ધ 21.24 લાખની ઉચાપતની ફરિયાદ

(એજન્સી) નડિયાદ | તા 30



મહેમદાવાદ તાલુકાના કાચ્છઈ ગામમાં આવેલી ઈન્ડસઈન્ડ બેન્કમાંથી તત્કાલીન મેનેજરે બેંકના નવ જેટલા ખાતેદારોના ખાતામાંથી રૂ.૨૧.૨૪ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી ઉપાડી લઈ ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. મહેમદાવાદ તાલુકાના મોદજમાં રહેતા હરેશકુમાર મફતભાઈ ચૌહાણ ઈન્ડસઈન્ડ બેંક, કાચ્છઈ શાખામાં તા.૦૧/૧૧/૨૦૨૪થી બેંક મેનેજર તરીકે નોકરી કરે છે. તેમના પહેલાં કાચ્છઈ ગામમાં ઈન્ડસઈન્ડ બેંકની શાખામાં બેંક મેનેજર તરીકે ધુરવ હરેકૃષ્ણ દરજી (રહે.નડીઆદ, ૯, ડી, રોયલ રેસીડન્સી, ફતેપુરા રોડ, નડિયાદ) તા. ૧૭/૦૪/૨૦૨૩થી તા.૧૬/૧૨/૨૦૨૪ સુધી ફરજ બજાવતા હતા. તેમણે પોતાની નોકરી દરમિયાન ઈન્ડસઈન્ડ બેંકના ખાતેદારો ચંદુભાઈ શનાભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૬,૦૫,૦૦૦, ગોવિંદભાઈ મંગળભાઈ બારૈયાના ખાતામાંથી રૂ.૨,૭૦,૦૦૦, જગદિશભાઈ રતીલાલ ડાભીના ખાતામાંથી રૂ.૪,૫૦,૦૦૦, છત્રસિંહ રામસિંહ પરમારના ખાતામાંથી રૂ.૧,૨૦,૦૦૦, વજેસિંહ પ્રભાતસિંહ ચૌહાણના ૨,૫૦,૦૦૦ સહિત નવ ખાતેદારોના બેન્ક ખાતામાંથી કુલ રૂ.૨૧,૨૪,૦૦૦ જેટલી રકમ ચેક મારફતે તેમજ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હોવાનું બેંક તથા ખાતેદારોના ધ્યાન ઉપર આવ્યું હતું. જેથી ધુરવ હરેકૃષ્ણ દરજીને ઉચાપત બાબતે પૂછપરછ કરતા નોકરી ઉપર આવવાનુ બંધ કરી દીધું હતું. બાદમાં રૂપિયા જમા કરાવવા બેંક તરફથી અવાર નવાર જાણ કરવા છતાં હજૂ જમા કરાવ્યા નથી. આ બનાવ અંગે હરેશભાઈ મફતભાઈ ચૌહાણની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે ધુરવ હરેકૃષ્ણ દરજી સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### 5 વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું ત્યારે પજવણી કરી વીડિયો વાયરલ કર્યો હતો

## સિંહો પાછળ બસ દોડાવી પજવણી કરનાર 2 શખ્સને ત્રણ વર્ષની કેદ

(એજન્સી) રાજુલા | તા 30

રાજુલાના પીપાવાવ પોર્ટ વિસ્તારમાં પાંચેક વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું. ત્યારે જંગલના રાજા સિંહના સમૂહ પાછળ બસ દોડાવી પજવણી કરી વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. જે બનાવમાં બે શખ્સને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ ભરવા હુકમ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૧૯માં રાજુલાના પીપાવા પોર્ટમાં રિલાયન્સ ગેટ પાસે જેટી રોડ ઉપરથી પાંચ સિંહનું ગુરપ વિહરતું હતું. આ સમયે બાજુમાં બેઠેલો ભાર્ગવ દિનેશભાઈ પરમાર નામના શખ્સે મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારી વોટ્સએપના માધ્યમથી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. જે બનાવ અંગે રાજુલા રેન્જના ફોરેસ્ટ ઓફિસર રાજલબેન ડી.પાઠકે બન્ને શખ્સ સામે ફરિયાદ દાખલ કરાવતા જેના આધારે સુલેમાન કલાણિયા અને ભાર્ગવ પરમારની ધરપકડ કરી રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ રાજુલાના એડીશનલ ચીફ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધીની દલીલો, સાહેદો-પંચો, તપાસ અધિકારીની જુબાની, વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, મોબાઈલ ફોન, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક પુરાવાઓ, એફએસએલ રિપોર્ટ વગેરેના મૂલ્યાંકનના આધારે એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે, સિંહો જંગલના રાજા છે અને સામાન્ય ક્રમમાં જો તેને છંછેડવામાં ન આવે તો કોઈ નુકશાન કરતા નથી.

### નડિયાદ સરદાર ભુવનની 46 દુકાનનો મામલો

# મનપા વૈકલ્પિક વ્યવસ્થા ના કરે ત્યાં સુધી 46 દુકાનો નહીં તોડવા હાઈકોર્ટનો આદેશ

(એજન્સી) નડિયાદ | તા 30

નડિયાદમાં સરદાર પ્રતિમા પાસે આવેલી સરદાર ભુવનની ૪૬ દુકાનો અંગે ભાડૂઆતોએ હાઈકોર્ટની ડબલ બેન્ચ સમક્ષ દાદ માંગી હતી. આ અંગે બુધવારે હાઈકોર્ટની ડબલ બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ડબલ બેંચ દ્વારા ત્રણ સપ્તાહનો સમય આપી કમિશનર અને વેપારીઓ વચ્ચે બેઠક યોજવા સૂચના આપી હતી. તેમજ મનપા વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરે ત્યાં સુધી દુકાનોને તોડવા અંગે નિર્ણય ન લેવા આદેશ કર્યો છે. નડિયાદમાં સરદાર ભુવનની ૪૬ દુકાનોનો સ્ટેબિલિટી રિપોર્ટ નેગેટિવ



આવતા નગરપાલિકાએ તમામ દુકાનો ખાલી કરી પાલિકાને કબજો સોંપવાની દુકાનના ભાડૂઆતોને નોટિસ ફટકારી હતી. આ મામલે અગાઉ દુકાનદારો હાઈકોર્ટમાં ગયા હતા. ત્યારે હાઈકોર્ટ દ્વારા પાલિકાની નોટિસ માન્ય રાખવામાં આવી હતી. જેથી દુકાનના ભાડૂઆતો દ્વારા આ મામલે હાઈકોર્ટની ડબલ બેંચ સમક્ષ દાદ માંગી છે. આ અંગે બુધવારે હાઈકોર્ટની ડબલ બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ દ્વારા મહાપાલિકાને તાકીદ કરવામાં આવી હતી. ત્રણ સપ્તાહનો સમય આપી, આ દરમિયાન કમિશનર અને વેપારીઓ વચ્ચે બેઠક કરવામાં આવે અને તેમાં વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા અંગે ચર્ચા કરવા સૂચના આપી હતી. તેમજ આ અંગે ત્રણ સપ્તાહ બાદ હાઈકોર્ટમાં રિપોર્ટ સબમીટ કરવા આદેશ કર્યો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટ દ્વારા વર્ષોથી એક સ્થાને વેપાર કરી ગુજરાન ચલાવતા હોય તેમના હિત જળવાય તેમજ મહાપાલિકા આ વેપારીઓની વાત સાંભળે તેમ ટકોર કરાઈ હતી. તેમજ જ્યાં સુધી મહાપાલિકા વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરે ત્યાં સુધી દુકાનોને તોડવા અંગે કોઈ પણ નિર્ણય ન લેવા આદેશ કર્યો છે. બીજી તરફ મહાપાલિકા તરફથી રજૂઆત કરવા પહોંચેલા વકીલ દ્વારા પાલિકાની સ્થિતિ ડામાડોળ હોવાનું જણાવ્યું હતું. ત્યારે હાઈકોર્ટે જણાવ્યું હતું કે, હવે મહાનગરપાલિકા બનાવી આપી છે, જેથી ગ્રાન્ટો આવવાની જ છે. જેમાંથી વેપારીઓ માટે આયોજન કરાય તેમ માર્મિક ટકોર કરી હતી.

### રાત્રે સિહોર પંથકની સગીરા ભગાડયાનો બનાવ બનવા સંદર્ભે

## સિહોર પોલીસ મથકના બીજા માળેથી કુદી યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

(એજન્સી) ભાવનગર | તા 30

સિહોર પંથકની સગીરાને ગત મોડી રાત્રે ભગાડી ગયાના બનાવમાં આજે નોંધાયેલી ફરિયાદમાં શંકાના આધારે પુછપરછ માટે સિહોપ પોલીસ મથકે બોલાવવામાં આવેલા સિહોરના યુવકે પોલીસ મથકના બીજા માળેથી કુદી જઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ યુવકને પ્રથમ સિહોર સીએચસી અને બાદમાં ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડવામાં આવ્યો હતો. ગત રાત્રિના ૧૧ કલાકના અરસામાં સિહોર પંથકની એક ૧૭ વર્ષ ૬ માસની સગીરાને કોઈ અજાણ્યો શખ્સ ભગાડી ગયાના બનાવમાં સગીરાના વાલીએ આજે બપોરે ૧૨.૦૫ કલાકે સિહોર પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ પોતાની સગીરવયની દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ભાગાડી ગયા અથવા સગીરા પોતાની જાતે ચાલી ગઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેમજ આ બનાવમાં સગીરાના પરિવારે નરશી પ્રાગજીભાઈ જાદવ (ઉ.વ.૨૬, રહે. સિહોર) નામના શખ્સ સામે શંકા વ્યક્ત કરતા સિહોર પોલીસે શંકાના આધાર પર નરશી પ્રાગજીભાઈ જાદવ નામના શખ્સને પુછપરછ માટે પોલીસ સ્ટેશને બોલાવ્યો હતો. જ્યાં યુવકે બપોરે ૧.૦૦ કલાકના અરસામાં સિહોર પોલીસ મથકની અગાશી પરથી કુદી જઈ આપઘાતનો પ્રયાસ કરતા યુવકને ઈજા પહોંચી હતી. જે બાદ સિહોર પોલીસે યુવકને ઈજાગ્રસ્ત હાલતે પહેલા સામુહિક આરોગ્ય કેન્દ્ર-સિહોર અને બાદમાં ભાવનગર સર ટી.હોસ્પિટલ ખાતે સારવારઅર્થે ખસેડયો હતો.

### અપીલ માટે હાઈકોર્ટની રાહત બાદ ભાડૂઆતોએ જિલ્લા કોર્ટમાં અરજી કરી હતી મંગળવારે મોડી સાંજે તાકીદ કર્યાના 16 કલાકમાં દુકાનોને જમીનદોસ્ત કરી દેવાઈ

# નડિયાદ ટાઉન પોલીસ મથક સામેની 13 દુકાનો પર બુલડોઝર ફેરવાયું

(એજન્સી) નડિયાદ | તા 30


નડિયાદના રેલવે સ્ટેશન રોડ ઉપર ટાઉન પોલીસ મથક સામે આવેલી ૧૩ દુકાનોને મંગળવારે મોડી સાંજે તાકીદ કરી હતી. જેના ૧૬ કલાકમાં જ મહાનગરપાલિકાની ટીમે ૧૩ દુકાનો ઉપર બુલડોઝર ફેરવીને જમીનદોસ્ત કરી નાખી હતી. દુકાનના ભાડૂઆતોએ આ અંગે અગાઉ જિલ્લા કોર્ટમાં અપીલ કરી હતી. ત્યારે જિલ્લા કોર્ટની મુદત પહેલા હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી ૨૭ દિવસની મહેતલનો સમયગાળો પુરો થતાં મહાપાલિકાએ દુકાનો તોડી નાખી હતી. નડિયાદ ટાઉન પોલીસ મથકની સામે આવેલી ૧૩ દુકાનો મામલે છેલ્લા બે વર્ષથી દુકાનોના ભાડૂઆતો અને નગરપાલિકા વચ્ચે કાયદાકીય સંઘર્ષ ચાલી રહ્યો હતો. બાદમાં આ મામલો પ્રાંત અધિકારી પાસે પહોંચ્યો હતો. પ્રાંત અધિકારીએ આ અંગે સુનાવણી કરીને એક મહિના પહેલા નગરપાલિકાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. તેમજ ભાડૂઆતો ચુકાદાથી નારાજ હોય તો અપીલ દાખલ કરવા માટે ત્રણ દિવસની મુદત આપી હતી. જેથી ભાડૂઆતોએ હાઈકોર્ટમાં દાદ માંગી હતી. હાઈકોર્ટ દ્વારા સમગ્ર મામલે અપીલ કરવા માટે વધુ ૨૭ દિવસની ભાડૂઆતોને રાહત આપી હતી. જેથી દુકાનના ભાડૂઆતોએ તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જિલ્લા કોર્ટની મુદત પહેલા હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી ૨૭ દિવસની રાહતનો સમયગાળો પૂર્ણ થતાં નગરપાલિકામાંથી પરિવર્તિત થયેલી મહાનગરપાલિકાએ તા.૨૮ જાન્યુઆરીએ મોડી સાંજે ભાડૂઆતોને દુકાન ખાલી કરવા સૂચના આપી હતી. નોટિસ આપ્યાના ૧૬ કલાકમાં બુધવારે વહેલી સવારે મનપાની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને બુલડોઝર અને શ્રમિકોની મદદથી દુકાનોને જમીનદોસ્ત કરી નાખી હતી.




### દુકાનો દૂર કરી સિટી બસ સ્ટેન્ડ બનાવાશે : ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રૂદ્રેશ

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રૂદ્રેશ હુદડે જણાવ્યું હતું કે, જે-તે સમયે દુકાનો ભાડે આપવામાં આવી હતી. તે બાદ મુદ્દત પુરી થઈ ગઈ હતી અને રિન્યૂ કરવાની થતી ન હોવાથી આ દુકાનો બુધવારે દૂર કરવામાં આવી છે. ટાઉનહોલની જગ્યા ઉપર આ દુકાનો હતી. જેને દૂર કરીને આ જગ્યાને ડેવલપમેન્ટમાં લીધી છે. અહીંયા સિટી બસ સ્ટેન્ડ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આનંદથી ભરેલો સારો દિવસ. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.




**વૃષભ (બ,વ,ઉ)**
આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.




**મિથુન (ક,છ,ઘ)**
તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.



**કર્ક (ડ,હ)**
તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.




**સિંહ (મ,ટ)**
જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ખોટા સમયે કશુંક ખોટું ન બાલોઈ જાય તેની તકેદારી રાખજો-તમે જેને ચાહો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.



**તુલા (ર,ત)**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.



**વૃશ્ચિક (ન,ય)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.




**ધન (ભ,ધ,ફ)**
ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશો બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.



**મકર (ખ,જ)**
સાંજે થોડીક હળવાશ માણો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ.




**મીન (દ,ચ,ઝ,થ)**
તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો। તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

### ભારે રોકાણ ધરાવતી ભારતીય આઈટી કંપનીઓને ટૂંકા ગાળામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે

# ડીપસીકની ખાસ કરીને મોટી આઈટી કંપનીઓ ઉપર અસર જોવા મળશે

(એજન્સી) મુંબઈ | તા 30

વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ ચીનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ઓપન સોર્સ લાર્જ લેંગ્વેજ મોડલ ડીપસીકની અસરથી ઝઝૂમી રહી છે. પરંતુ ભારતીય ટેક્નોલોજી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ચીનની આ સિદ્ધિ પર આશ્ચર્યજનક રીતે મૌન છે. ઉદ્યોગ નિષ્ણાતો અને વિશ્લેષકો માને છે કે ડીપસીકની સિદ્ધિઓ એઆઈને દરેક માટે તમામ સ્તરે સુલભ બનાવે છે. પરંતુ આપણે રાહ જોવી પડશે અને એન્ટરપ્રાઈઝ આઈટી એટલે કે ખાસ કરીને મોટી આઈટી સેવાઓ કંપનીઓ પર તેની અસર જોવી પડશે. જ્યાં સુધી સ્ટાર્ટઅપ્સનો સંબંધ છે ત્યાં સુધી આ એક સ્પષ્ટ ચેતવણી સંકેત છે કારણ કે ડીપસીક વૈશ્વિક ટેક્નોલોજી જાયન્ટ્સના ખર્ચના અંશમાં આ મૂળભૂત મોડલનું નિર્માણ કરવામાં સક્ષમ છે. મેટા અને માઈક્રોસોફ્ટ જેવી યુએસ ટેક્નોલોજી જાયન્ટ્સ તેમનું વર્ચસ્વ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે, જ્યારે ડીપસીકનું ઓપન સોર્સ મોડેલ પડકારજનક છે મેટા જેવી દિગ્ગજ અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરનો તેમનો વાર્ષિક ખર્ચ વધારીને ૬૫ બિલિયન ડોલર કરી રહી છે.




ભારતીય આઈટી કંપનીઓ એઆઈ વેલ્યુ ચેઈનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ડેટા મેનેજમેન્ટ, માઈગ્રેશન અને LLM/SLM જેવા કાર્યોને હેન્ડલ કરે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ડીપસીક દ્વારા એઆઈનું લોકશાહીકરણ ભારતીય આઈટી કંપનીઓ માટે બજારનું વિસ્તરણ કરશે. એન્ટરપ્રાઈઝ આગામી ૬ થી ૧૨ મહિનામાં કસ્ટમાઈઝ્ડ એઆઈ મોડલ્સનો લાભ લેવા માટે તૈયાર થઈ જશે. તેનાથી ભારતીય આઈટી સેવાઓની માંગમાં વધારો થશે. પરંતુ ભારે રોકાણ ધરાવતી ભારતીય આઈટી કંપનીઓને ટૂંકા ગાળામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આઈટી નિષ્ણાંતોએ ડીપસીકની તાત્કાલિક અસર વિશે ટિપ્પણી કરી ન હતી. પરંતુ તે સંમત થયા હતા કે આ મોડેલનો ઉપયોગ એન્ટરપ્રાઈઝ વાતાવરણમાં અત્યંત સાવધાની સાથે કરવામાં આવશે. એન્ટરપ્રાઈઝ પર્યાવરણ પર ડીપસીકની તાત્કાલિક અસર નહિવત હશે. ભારતીય આઈટી કંપનીઓ એલએલએમ નથી બનાવી રહી પરંતુ તેઓ આ પ્લેટફોર્મ પ્રોવાઈડર્સ સાથે ભાગીદારી કરી રહી છે. જો ડીપસીક વૈશ્વિક દરજ્જો હાંસલ કરવામાં સફળ થાય અને ગ્રાહકો તેના માટે તૈયાર હોય તો ભારતીય આઈટી કંપનીઓ પણ તેનો ઉપયોગ કરવાનું વિચારશે.

## ઝાયડસ ટકેડા હેલ્થકેરે ભારતમાં મેન્યુફેક્ચરિંગ કામગીરીના 25 વર્ષ પૂર્ણ કર્યા



(એજન્સી) મુંબઈ | તા 30

ઝાયડસ ટકેડા હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ (ZTHPL) એ ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ અને ટકેડા ફાર્માસ્યુટિકલ કંપની લિમિટેડ (ટકેડા) દ્વારા સ્થાપવામાં આવેલી સંયુક્ત સાહસ કંપની (TSE:4502/ NYSE:TAK) છે. તે ભારતમાં વાશી મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની 25મી વર્ષગાંઠની ઉજવણી કરે છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ વૈશ્વિક સ્તરે જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનમાં પરિવર્તનકારી સારવાર માટે ઉચ્ચ ગુણવત્તાવાળા સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (એપીઆઈ) અને ઈન્ટરમિડિયેટ્સનું ઉત્પાદન કરવાની કંપનીની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. છેલ્લા 25 વર્ષના ગાળામાં વાશી ખાતેની મેન્યુફેક્ચરિંગ સાઈટ યુરોપ, જાપાન, બ્રાઝિલ અને કોરિયામાં ટકેડાના માર્કેટ માટે એપીઆઈ અને ઈન્ટરમિડિયેટ્સના સપ્લાયર તરીકે ઉભરી આવી છે. 100 ટકા નિકાસલક્ષી એકમ તરીકે તેણે સતત સુરક્ષા અને ગુણવત્તાને પ્રાથમિકતા આપી છે. પોતાની સફરના ભાગરૂપે આ સાઈટે ટકેડાના સ્મોલ મોલેક્યુલ પ્રોડક્ટ માટે ક્ષમતા વૃદ્ધિ અને બહુવિધ ટેક ટ્રાન્સફર સફળતાપૂર્વક અમલમાં મૂકી છે અને સ્પર્ધાત્મકતા જાળવી રાખી છે, જેનાથી ટકેડાના નેટવર્કમાં એક મહત્વપૂર્ણ ઉત્પાદન સાઈટ બની છે. ભવિષ્ય તરફ જોવામાં આવે તો ઝાયડસ ટકેડાના વ્યૂહાત્મક નેટવર્કમાં સાઈટની ભૂમિકાને વધારવાનો લક્ષ્ય ધરાવે છે. તેની મુખ્ય પહેલમાં નવા સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો અને મુખ્ય સ્ટાર્ટિંગ સામગ્રી સાથે ઉત્પાદન પોર્ટફોલિયોનું વિસ્તરણ, કિલો લેબ સુવિધાઓમાં વધારો કરવો, ટકેડાના નેટ-ઝીરો ઉત્સર્જન લક્ષ્ય માટે રિન્યુએબલ ઊર્જા તરફ જવું, કાર્યક્ષમતા સુધારવા અને કચરો ઘટાડવા ડિજિટલ ઓટોમેશન ટેકનિકમાં રોકાણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવી સપ્લાય ચેઈન વ્યૂહરચનાઓ વિકસાવવા, વૈશ્વિક સહયોગને મજબૂત બનાવવા, સતત શિક્ષણ દ્વારા કર્મચારીઓના જોડાણને આગળ વધારવા અને આરોગ્ય અને પર્યાવરણીય સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરતી પહેલને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. થોમસ વોઝનીવેસ્કી, ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ઓફિસર, ટકેડા અને ઝાયડસ ટકેડાના બોર્ડના ચેરમેન અને ડિરેક્ટરે જણાવ્યું કે, "અમે ઝાયડસ સાથે સફળ ભાગીદારી બદલ આભારી છીએ, જેઓ વિશ્વભરમાં દર્દીઓને વધુ સારી સેવા આપવા માટે અમારા મૂલ્યો અને પ્રતિબદ્ધતા શેર કરે છે. છેલ્લા 25 વર્ષમાં વાશી ખાતેના સાથીઓએ આ સાઈટને ટકેડા નેટવર્કના અભિન્ન ભાગ તરીકે પ્રસ્થાપિત કરી છે.

## અદાણી પાવરની આવક વધીને રૂપિયા 13,671.18 કરોડ થઈ

મુંબઈ | અદાણી જૂથની કંપની અદાણી પાવરે આજે એટલે કે 29 જાન્યુઆરીના રોજ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો 7.4 ટકા વધીને રૂપિયા 2,940.07 કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 2,737.96 કરોડ હતો. જોકે, કંપનીના નફામાં ત્રિમાસિક ધોરણે ઘટાડો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો રૂપિયા 3,297.52 કરોડ હતો. ડિસેમ્બર ક્વાર્ટરમાં અદાણી પાવરની આવક વધીને રૂપિયા 13,671.18 કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 12,991.44 કરોડ હતી. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની આવક રૂપિયા 13,338.88 કરોડ હતી. ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામોની સાથે, કંપનીના બોર્ડે 5,000 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવાની યોજનાને પણ મંજૂરી આપી દીધી છે. આ ભંડોળ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (QIP) દ્વારા એકત્ર કરવામાં આવશે. આ ઉપરાંત, બોર્ડે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCDs) દ્વારા અગાઉ મંજૂર કરાયેલ ભંડોળ એકત્ર કરવાની યોજનાને રૂપિયા 5,000 કરોડથી વધારીને રૂપિયા 11,000 કરોડ કરવાની પણ મંજૂરી આપી દીધી છે.

## વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડને ₹45 કરોડના પાંચ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોન્ટ્રાક્ટ મળ્યા

મુંબઈ | વી.એલ. ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ (NSE કોડ - VLINFRA), પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની માળખાગત યોજનાઓના અમલીકરણમાં મહારત ધરાવે છે, તેને પાંચ મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર અને એલઓઆઈ મળ્યાની ઉત્સાહપૂર્ણ રીતે જાહેરાત કરી છે, જેની કુલ કિંમત 45.49 કરોડ છે.
આ મહત્વપૂર્ણ ઓર્ડર કંપનીના નિરંતર વિકાસ અને ચાવીરૂપ પ્રાદેશિક બજારોમાં વિસ્તરતી ઉપસ્થિતિને દર્શાવે છે.તેલંગાણામાં 1000એમએમ વ્યાસવાળા આરસીસી એનપી3 પાઈપ્સના સ્ટોર્મ વોટર ડ્રેઈન અને આરસીસી ડ્રેઈનના બાંધકામ અને સ્થળ સફાઈ માટે 15.24 કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે. આ પ્રોજેક્ટ એક વર્ષની અંદર પૂર્ણ થવાનો છે, જે કંપનીની મોટા પાયે માળખાગત પ્રોજેક્ટ્સને અસરકારક રીતે સંચાલિત કરવાની ક્ષમતા દર્શાવે છે. ઈન્ટેક વેલથી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી 1400એમએમ વ્યાસની ગ્રેવિટી મેઈન પાઈપલાઈન બદલવા માટે 16.31 કરોડનો કોન્ટ્રાક્ટ. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પાણી પુરવઠાના માળખાને સુધારવા માટે હાલની પાઈપલાઈનમાં ખામીઓને દૂર કરવાનો છે. આ પ્રોજેક્ટને છ મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પીપળી હેડવર્કસથી ધોલેરા એરપોર્ટ સુધી રૉ વોટર સપ્લાયની પાઈપલાઈન ડિઝાઈન અને બાંધકામ માટે 10.05 કરોડનો વર્ક ઓર્ડર. આ કરારમાં પમ્પિંગ મશીનરીનું ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનો સમાવેશ થાય છે, સાથે જ પાંચ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ યોજનાનો પણ સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ 12 મહિનામાં પૂર્ણ થશે.

# શેરબજાર સામાન્ય વધારા સાથે બંધ થયું, સેન્સેક્સ 227 અને નિફ્ટી 86 પોઈન્ટ ઉછળ્યો

(એજન્સી) મુંબઈ | તા 30

શેર બજાર બંધ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫: ગુરુવારે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી. શેરબજાર સામાન્ય વધારા સાથે લીલા નિશાનમાં ખુલ્યું અને આજે ઘણી વખત તેનો રંગ બદલાતો જોવા મળ્યો અને અંતે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયો. ગુરુવારે, BSE સેન્સેક્સ 226.85 પોઈન્ટ (0.30%) વધીને 76,759.81 પર બંધ થયો. જ્યારે NSEનો નિફ્ટી 50 ઈન્ડેક્સ 86.40 પોઈન્ટ (0.37%) ના વધારા સાથે 23,249.50 પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે બુધવારે શેરબજાર શાનદાર રિકવરી સાથે બંધ થયું. ગુરુવારે, સેન્સેક્સની 30 માંથી 18 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની 12 કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે, નિફ્ટી ૫૦ માં, ૫૦ માંથી ૩૫ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૧૫ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે, સેન્સેક્સ કંપનીઓમાં, ભારતી એરટેલના શેર સૌથી વધુ 2.78 ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટાટા મોટર્સના શેર સૌથી વધુ 7.37 ટકાના ઘટાડા સાથે બંધ થયા, જે રૂ. 700 ની નીચે બંધ થયા. આજે સેન્સેક્સમાં લિસ્ટેડ બાકીની કંપનીઓમાં, પાવર ગ્રીડના શેર 2.59%, બજાજ ફાઈનાન્સ 2.36%, નેસ્લે ઈન્ડિયા 2.15%, હિન્દુસ્તાન યુનિલિવર 1.63%, એશિયન પેઈન્ટ્સ 1.57%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 1.53%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 1.44% વધ્યા, ઈન્ડસઈન્ડ બેંક ૧.૨૨%, એચડીએફસી બેંક ૦.૮૯ ટકા, આઈટીસી ૦.૭૪ ટકા, એનટીપીસી ૦.૫૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૦.૫૩ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૦.૪૬ ટકા, ટાટા સ્ટીલ ૦.૨૭ ટકા, એક્સિસ બેંક ૦.૨૫ ટકા, મારુતિ સુઝુકી ૦.૨૦ ટકા અને TCS ના શેર 0.04 ટકાના વધારા સાથે બંધ થયા. ગઈકાલે ૫ ટકાના ઘટાડા સાથે બંધ થયા પછી, આજે ફરી એકવાર ITC હોટેલ્સના શેર ૪.૯૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આ ઉપરાંત, બજાજ ફિનસર્વ 2.12 ટકા, અદાણી પોર્ટ્સ 1.86 ટકા, ટેક મહિન્દ્રા 1.79 ટકા, ઝોમેટો 1.66 ટકા, કોટક મહિન્દ્રા બેંક 1.01 ટકા, લાર્સન એન્ડ ટુબ્રો 0.85 ટકા, ઈન્ફોસિસ 0.58 ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ 0.20 ટકા, ટાઈટન 0.14 ટકા અને સન ફાર્મા 0.14 ટકા વધ્યા. શેર 0.05 ટકાના ઘટાડા સાથે બંધ થયો.

## જીસીપીએલે પેસ્ટ કંટ્રોલ સોલ્યુશનમાં મજબૂત લીડરશીપ સ્થાપિત કરતાં માત્ર 99 રૂપિયામાં HIT એન્ટી-રોચ જેલ પેક લોન્ચ કર્યું

મુંબઈ | ભારતના 93 ટકા ઘરોમાં દરરોજ સાફ-સફાઈ થતી હોવા છતાં શહેરના 65 ટકા ઘરોમાં વંદાઓનો ત્રાસ યથાવત છે. જેમાં અડધાથી વધુ ઘરોમાં મધ્યમથી ઉચ્ચ સ્તરે વંદાઓનો ઉપદ્રવ જોવા મળ્યો છે. જેના હાનિકારક બેક્ટેરિયા અને એલર્જી શ્વાસ સંબંધિત સમસ્યાઓ અને ખોરાકજન્ય બીમારીઓ સહિત નોંધપાત્ર સ્વાસ્થ્ય જોખમો ઉભા કરે છે. આ પડકારને સંબોધતા ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે તેની ગોદરેજ HIT બ્રાન્ડ હેઠળ HIT એન્ટિ-રોચ જેલ રજૂ કરી છે. જે તેના માર્કેટમાં અગ્રણી ઘરેલુ જંતુનાશક પોર્ટફોલિયોમાં એક કોમ્પેક્ટ, સસ્તું (રૂ. ૭૭માં), અને અસરકારક પ્રોડક્ટનો ઉમેરો કરે છે. HIT એ બજારની અગ્રણી બ્રાન્ડ પૈકી એક છે, જેનો ઉપયોગ વંદાના ઉપદ્રવનો સામનો કરવા માટે વ્યાપકપણે થાય છે. તેના HIT એન્ટિ-રોચ જેલની સફળતાના આધારે જીસીપીએલએ તેની અસરકારકતા જાળવતાં નાના, ખર્ચ-અસરકારક પ્રોડક્ટ માટે સુલભતા વધારવાની તક ઝડપી છે. આ નવું પેક બજારમાં સસ્તા દરે મળતુ પેસ્ટ કંટ્રોલ સોલ્યુશનની વધતી માગને સંબોધે છે. આ ઈનોવેશન કોકરોચ જેલ માર્કેટમાં 10 ગણો ગ્રોથ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે, જે ગોદરેજ HIT ની કેટેગરી લીડર અને ઈનોવેટર તરીકેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.આ લોન્ચ અંગે ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિ.ના હોમ કેર-માર્કેટિંગ હેડ શિલ્પા સુરેશે જણાવ્યું હતું કે, "અમે મચ્છરજન્ય રોગોથી ઉદ્ભવતા ગંભીર આરોગ્ય જોખમોથી વાકેફ છીએ, જે જાહેર આરોગ્ય માટે ઉદ્ભવતી સૌથી મોટી ચિંતા છે.




## બેસિલિક ફ્લાય સ્ટુડિયો ₹300 કરોડની ઓર્ડર પાઈપલાઈન સાથે મજબૂત રીતે આગળ વધી રહ્યો છે, ઓક્ટોબર'24ના વોલ્યુમમાં 39%ની વૃદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા 30

બેસિલિક ફ્લાય સ્ટુડિયો લિમિટેડ (બીએફએસ), અગ્રણી વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સ્ટુડિયો પૈકીના એકેજાન્યુઆરી 2025 સુધીમાં 301.3 કરોડ (27.9 મિલિયન)ની તેની મજબૂત સેલ્સ પાઈપલાઈનની જાહેરાત કરતા આનંદ અનુભવે છે. આ પ્રભાવશાળી આંકડો કંપનીના ગતિશીલ વિકાસ માર્ગ અને વિશ્વ કક્ષાની વીએફએક્સ સર્વિસિસ પૂરી પાડવા માટેની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ઓક્ટોબર 2024માં નોંધાયેલા 20 મિલિયનની તુલનામાં વર્તમાન સેલ્સ પાઈપલાઈન 39.5%નો વધારો દર્શાવે છે, જે ઉચ્ચ-મૂલ્યના પ્રોજેક્ટ્સને મેળવવામાં કંપનીની ગતિ સાતત્યને દર્શાવે છે. આ મેનેજમેન્ટ દ્વારા અગાઉ જાણ કરાયેલ મજબૂત વૃદ્ધિ આવક માર્ગદર્શનને અનુરૂપ પણ છે. વર્તમાન ઓર્ડર બુકનો મોટાભાગનો ભાગ સપ્ટેમ્બર 2025 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. વ્યાપક સેલ્સ પાઈપલાઈનમાં મુખ્ય સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અને ફિલ્મ સ્ટુડિયોમાં પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જે ઉચ્ચ-ગુણવત્તાવાળી વીએફએક્સ સર્વિસિસ માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે બીએફએસની પ્રતિષ્ઠાને દર્શાવે છે.

**ઓર્ડરની મુખ્ય વિશેષતાઓ:**

નેટફ્લિક્સ: 104.8 કરોડ (9.7 મિલિયન), એમેઝોન: 63.7 કરોડ (5.9 મિલિયન), સોની: 34.6 કરોડ (3.2 મિલિયન), અન્ય અગ્રણી મીડિયા હાઉસ/સ્ટુડિયો: 98.3 કરોડ (9.1 મિલિયન

બીએફએસની 301.3 કરોડ (27.9 મિલિયન)ની મજબૂત પ્રોજેક્ટ પાઈપલાઈન ગ્લોબલ વીએફએક્સ ઈન્ડસ્ટ્રીમાં કંપનીની મુખ્ય ખેલાડી તરીકેની સ્થિતિને દર્શાવે છે, જે ભવિષ્યમાં કમાણીની દશ્યતા અને સતત વૃદ્ધિની સંભાવનાને દર્શાવે છે. આ સિદ્ધિ કંપનીના અગ્રણી પ્રોડક્શન હાઉસ અને સ્ટુડિયો સાથેના વધતા સહયોગને ઉજાગર કરે છે, સાથે સાથે ટેકનોલોજીમાં પ્રગતિ અને ફિલ્મો, ટેલિવિઝન, ગેમિંગ અને ઓટીટી પ્લેટફોર્મ પર વધતા જતા કોન્ટેન્ટની જરૂરિયાતોને કારણે ઉચ્ચ-ગુણવત્તાવાળા વીએફએક્સની વધતી માંગનો લાભ ઉઠાવવાની તેની ક્ષમતાને પણ દર્શાવે છે. વધુમાં, મજબૂત ઓર્ડર બુક ઈન્ડસ્ટ્રીમાં રિકવરીનો સંકેત આપે છે અને ગયા વર્ષની હડતાળથી ઉભા થયેલા પડકારોને પગલે બીએફએસ તેમાંથી મહત્તમ લાભ ઉઠાવી રહ્યો છે.

# બેંગલુરુમાં DGGIએ 3200 કરોડના GST કૌભાંડનો પર્દાફાશ કર્યો, બે આરોપીની ધરપકડ

(એજન્સી) મુંબઈ | તા 30

બેંગાલુરુમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ)એ ૩૨૦૦ કરોડ રૂપિયાના જીએસટી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરી છે. કૌભાંડનો ત્રીજો શંકાસ્પદ આરોપી હજુ ફરાર : બેંગાલુરુ અને મુંબઈમાં ૩૦થી વધારે સ્થળો દરોડા ડીજીજીઆઈ બેંગાલુરુના એડિશનલ ડાયરેક્ટર જનરલ સુચેતા શ્રીજેશે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ કૌભાંડનો ત્રીજો શંકાસ્પદ આરોપી હજુ ફરાર છે. ડીજીજીઆઈના બેંગાલુરુ ઝોનલ યુનિટે બેંગાલુરુ અને મુંબઈમાં ૩૦થી વધારે સ્થળોએ દરોડા પાડયા હતાં. આરોપીએ બોગસ કંપનીઓની રચના કરી હતી. જેના આધારે ખોટી રીતે ૬૬૫ કરોડ રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ મેળવ્યો હતો. આ કૌભાંડમાં મૂકવામાં નકલી બિલોનું કૂલ મૂલ્ય ૩૨૦૦ કરોડ રૂપિયાથી વધારે છે. તપાસ દરમિયાન ૧૫ બોગસ કંપનીઓ મળી આવી હતી જેમનો વાસ્તવમાં કોઈ બિઝનેસ ચાલતો ન હતો. આ કંપનીઓ કરોડો રૂપિયાની એફએમસીજી વસ્તુઓ પ્રાપ્ત કરતી હતી પણ ફક્ત આઈટી સર્પોટ, મેનેજમેન્ટ કન્સલટન્સી અને એડવર્ટાઈઝિંગ જેવી સેવાઓ માટે બિલો ઈશ્યુ કરતી હતી. મોટી સંખ્યામાં ઈનવર્ડ ઈ-વે બિલોની સામે આ કંપનીઓ પૈકી એક પણ કંપની પાસે આઉટવર્ડ ઈ-વે બિલો ન હતાં. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પૈકી ૯ કંપનીઓ ઈન્ડિયન સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ હતી.તપાસમાં જાણવા મળ્યું છે કે આ કંપનીઓ પૈકી મોટા ભાગની કંપનીઓના જીએસટી રિટર્ન એક જ આઈપી એડ્રેસથી ફાઈલ કરવામાં આવ્યા હતાં. જે સૂચવે છે કે આ તમામ કંપનીઓ એક જ આરોપી દ્વારા ઓપરેટ કરવામાં આવતી હતી.




# પ્રજાને બજેટમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા નહીં, મોંઘવારીમાં ગુજરાન ચલાવવો સૌથી મોટો પડકાર: સર્વે

(એજન્સી) મુંબઈ | તા 30

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરશે. બજેટ પૂર્વે યોજાયેલા સર્વેમાં પ્રજાને સરકાર પાસેથી કોઈ ખાસ અપેક્ષા ન હોવાનું જાણવા મળ્યું છે. બજેટ 2025-26માં કોઈ ખાસ સુધારા ન થવાનો અંદાજ પણ વ્યક્ત થયો છે. સી-વોટરના સર્વેમાં મોટાભાગના લોકોએ જણાવ્યું કે, મોંઘવારીના કારણે ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યું છે. અને વર્તમાન સરકાર પાસે આ સ્થિતિમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા પણ નથી. સી-વોટરે પ્રિ-બજેટ સર્વેમાં દેશભરના જુદા-જુદા ભાગમાંથી 5269 લોકો સાથે વાતચીત કરી હતી. જેમાં 2/3 લોકોએ જણાવ્યું કે, મોંઘવારી પર કોઈ ધ્યાન આપી રહ્યા નથી. વડાપ્રધાન મોદીના રાજમાં મોંઘવારી સતત વધી રહી છે. જ્યારે 50 ટકા લોકોએ કહ્યું કે, વધતી મોંઘવારીના કારણે જીવન ધોરણ પર પ્રતિકૂળ અસર થઈ છે. તેના લીધે ઉચ્ચ કક્ષાનું જીવન ધોરણ જીવવુ મુશ્કેલ બન્યું છે. આ સર્વેમાં 50 ટકા લોકોએ પરિસ્થિતિમાં કોઈ ખાસ બદલાવ ન થવાનો અંદાજ આપ્યો છે. તેમના મતે, આવક જેટલી છે તેટલી જ રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ ગત વર્ષે ખર્ચ સતત વધ્યો છે. વધતો ખર્ચ સામાન્ય લોકો માટે મેનેજ કરવો મુશ્કેલ બન્યો છે. 37 ટકા લોકોએ આ વર્ષે પણ આ સ્થિતિમાં કોઈ ખાસ ફેરફારની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે. તદુપરાંત આગામી વર્ષ આવક અને ખર્ચના ધોરણે વધુ ખરાબ હોવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.

### આ વર્ષ પણ ખરાબ રહેશે

આ સર્વેમાં 50 ટકા લોકોએ પરિસ્થિતિમાં કોઈ ખાસ બદલાવ ન થવાનો અંદાજ આપ્યો છે. તેમના મતે, આવક જેટલી છે તેટલી જ રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ ગત વર્ષે ખર્ચ સતત વધ્યો છે. વધતો ખર્ચ સામાન્ય લોકો માટે મેનેજ કરવો મુશ્કેલ બન્યો છે. 37 ટકા લોકોએ આ વર્ષે પણ આ સ્થિતિમાં કોઈ ખાસ ફેરફારની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે. તદુપરાંત આગામી વર્ષ આવક અને ખર્ચના ધોરણે વધુ ખરાબ હોવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.

### જીડીપી ગ્રોથ ઘટવાનો અંદાજ

ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. પરંતુ નાણાકીય વર્ષમાં તેનો ગ્રોથ છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો રહેવાનો અંદાજ છે. આ સપ્તાહના અંતે રજૂ થનારા બજેટમાં મોદી સરકાર જીડીપી ગ્રોથ જાળવી રાખવા માટે અમુક ખાસ પગલાં લઈ શકે છે. સાથે આવકમાં વધારો અને મોંઘવારી પર કાબૂ મેળવવાના પ્રયાસો કરી સકે છે. ઉલ્લેખનીય છે, ભારતમાં હાલ બેરોજગારી સૌથી મોટી સમસ્યા છે. સરકારે નવા રોજગાર સર્જન માટે પણ અમુક ખાસ ઉપાયો રજૂ કરવા જોઈએ.

## બાયોફ્યુઅલ સર્કલે ગુજરાતમાં સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પ્રેરિત કરવા માટે ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તાર્યું

(એજન્સી) જામનગર | તા 30

સપ્લાય ચેઈન માટે ભારતનું અગ્રણી ડિજિટલ મંચ બાયોફ્યુલ સર્કલ બાયોમાસ એકત્રીકરણ માટે સક્ષમ ઈકોસિસ્ટમ નિર્માણ કરવા ગ્રામીણ ભારતમાં તેની હાજરી વધારી રહી છે. તેની નવીમતન પહેલના ભાગરૂપે કંપનીએ બાયો માસ એકત્રીકરણના પ્રયાસોને વધારવા માટે ગુજરાતના જામનગર, બોટાદ અને વડોદરામાં 6 વેર હાઉસ સ્થાપિત કર્યા છે. આ વેર હાઉસ બાયોમાસ એકત્રીકરણ અને પ્રક્રિયાને પ્રવાહ રેખામાં લાવવા માટે શ્રેડર્સ જેવી એગ્રેગેશન મશીનરી સાથે સુસજ્જ છે. આ પહેલનું લક્ષ્ય આ મોસમમાંક પાસની દાંડીઓમાંથી 50,000 મેટ્રિક ટન (એમટી)



એકત્રિત કરવાનું છે, જેથી સ્થાનિક ખેડૂતો માટે નવી આવકનો તકો નિર્માણ થશે. સ્થાનિક ખેડૂતો સાથે સહભાગ મજબૂત બનાવવા માટે બાયોફ્યુઅલ સર્કલ દ્વારા તાજેતરમાં બોટાદમાં એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં સ્થાનિક પ્રશાસકીય પ્રતિનિધિઓએ હાજર રહીને બોટાદની બાયોમાસ બેન્કનું ઉદઘાટન કર્યું હતું. આ કાર્યક્રમ સક્ષમ બાયોમાસ એકત્રીકરણ પદ્ધતિઓનું મહત્ત્વ અધોરેખિત કરવા સાથે બાયોમાસ બેન્કો પર્યાવરણીય સંતુલન અને સ્થાનિક ઉદ્યોગ નિર્મિતી જાળવવા સાથે અસરકારક રીતે એકત્રીકરણ અને પ્રક્રિયાને કઈ રીતે માર્ગ આપી શકે તે આલેખિત કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-02

# બજેટ પર દેશની નજર



કેન્દ્રીય બજેટમાં દરેક વર્ગની રુચિ રહે છે. તેમાં અપેક્ષા, સૂચન, વિશ્લેષણથી માંડીને પ્રશંસા અને નિંદાનો ક્રમ સતત રહે છે. તેનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવ બધા પર પડે છે. બજેટથી આર્થિક મોરચે એક અંતર્દષ્ટિ મળે છે, સાથે જ રાજકીય અને સામાજિક પરિદૃશ્યની સ્થિતિ પણ ખબર પડે છે. એ બધા જાણે છે કે શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, અવસંરચના, કાયદો-વ્યવસ્થા અને ન્યાયપાલિકા જેવા બિંદુઓ પર આપણું પ્રદર્શન વિશ્વના અગ્રણી ઉદાહરણોની આસપાસ પણ નથી. સરકારી સેવાઓની ગુણવત્તા તો નિંદનીય છે. માનવ વિકાસ ઈન્ડેક્સ, હેપ્પીનેસ ઈન્ડેક્સ જેવા અન્ય માપદંડો પર પણ આપણે નિરંતર પાછળ રહ્યા છીએ. બહેતર ગવર્નન્સ એક અનિવાર્યતા છે. તેની સાથે જ વિભિન્ન સામાજિક યોજનાઓ પર ફાળવણી વધારવી પણ અનિવાર્ય છે. વધુ ફાળવણી માટે વધુ આવક પણ મેળવવી પડશે. બજેટનો આકાર આર્થિક વૃદ્ધિના અનુપાતમાં જ વધી શકે છે. જો આપણે ૨૦૪૭ સુધી વિકસિત દેશ બનવા માગીએ છીએ તો આપણી અર્થવ્યવસ્થાને આગામી બે દાયકામાં આઠ ટકાથી પણ વધારેના દરે વધવું પડશે. એ કઠિન પડકાર છે. તેના માટે સક્ષમ અને રચનાત્મક શાસનની જરૂર પડે છે. હાલની આર્થિક પૃષ્ઠભૂમિ કેટલાક મુખ્ય બિંદુઓને રેખાંકિત કરે છે. આપણી આર્થિક વૃદ્ધિ મંદ પડીને ૬.૪ ટકા થઈ ગઈ છે. આ કોવિડ બાદનું સૌથી નીચલું સ્તર છે. સરકારી રોકાણ લ-યથી નીચે છે. ખાનગી રોકાણમાં તેજી નથી આવતી. રોજગાર સર્જનના મોરચે ચિંતાની સ્થિતિ બનેલી છે. નીતિગત વ્યાજ દરો ઊંચા જ રહ્યા છે. ડોલર સમક્ષ રૂપિયો ઐતિહાસિક પતનનો શિકારછે. પાછલા ત્રિમાસિકથી શેરબજારમાં ૧૦ ટકાથી વધારેનો ઘટાડો આવી ચૂક્યો છે. બજારમાં અસ્થિરતા વ્યાપ્ત છે. ભૂરાજકીય પાસાં પણ ચિંતા વધારી રહ્યા છે. જીડીપીના અનુપાતમાં આપણો કર સંગ્રહ લગભગ ૧૧ ટકા છે. જ્યાં કેટલીય ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં આ અનુપાત બે ગણો, જ્યારે કેટલાક વિકસિત દેશોમાં ૩૦ ટકાથી વધારે છે. આપણે કરદાતાઓના દાયરાને વધારવો પડશે. સીમિત કરદાતાઓના નાના વર્ગ પાસેથી વધારે વસૂલી યોગ્ય નહીં કહેવાય, કારણ કે દેશમાં દુનિયાના લગભગ સૌથી ઊંચા દરોની આસપાસ ટેક્સ લેવામાં આવે છે. મધ્યમ વર્ગની સ્થિતિ અર્થવ્યવસ્થાનું સમગ્ર સ્વાસ્થ્ય દર્શાવે છે. આ વર્ગ સરકાર પાસે રાહતની વાટ જોઇ રહ્યો છે. પગારદારો માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન, આવકવેરા શ્રેણીમાં રાહત, વિમા પ્રીમિયમ અને આવાસ ઋણ વ્યાજમાં રાહતની એક અરસાથી રાહ જોવાઈ રહી છે. સરકારે રાજસ્વ માટે અન્ય વિકલ્પો તરફ જોવું પડશે. વિનિવેશની સ્થિતિ નિરાશાજનક રહી છે. અહીં મતલબ ખાનગી કરણનો નથી. તે એક અલગ વિષય છે. આપણી મોટી બેંકો અને અગ્રણી પીએસયુ પર સરકારી નિયંત્રણમાં કોઈ વાંધો નથી, પરંતુ શું તેમના માટે સો ટકા સરકારી માલિકી જરૂરી છે? તેમાં ૧૦ થી ૪૯ ટકા હિસ્સેદારી વેચવાથી ઘણું રાજસ્વ પ્રાપ્ત થઈ શકે છે અને નિયંત્રણની સ્થિતિ પણ બહુ પ્રભાવી નહીં થાય. ભૂસંપદાનો પણ સદુપયોગ નથી થઈ રહ્યો. પ્રત્યેક શહેરમાં હજારો કરોડ રૂપિયાની બહુમૂલ્ય જમીન માત્ર નેતાઓ અને અધિકારીઓના આવાસ માટે જ વપરાઈ રહી છે. શું આપણે આવા અપવ્યયને ચલાવી લેવો જોઈએ? બહેતર રહેશે કે આપણે આધુનિક એપાર્ટમેન્ટ વ્યવસ્થાને પ્રોત્સાહન આપીએ. તેનાથી જમીનની બચત થવાની સાથે જ સુરક્ષાની સ્થિતિ પણ બહેતર થશે અને આપણે ભૂસંપદાનો ક્યાંય બહેતર ઉપયોગ કરવામાં સક્ષમ રહીશું. ભલે કેટલાકને આ અસ્વીકાર્ય લાગે, પરંતુ શું એક નિશ્ચિત સીમા કરતાં વધારે ખેતીની આવકને કરના દાયરામાં લાવવા પર વિચાર ન કરવો જોઈએ? મોટાભાગના દેશોમાં ખેતીથી થનારી આવક પર ટેક્સ આપવો પડે છે. જ્યારે ખાનગી આવકવેરા દરો વિશ્વના સર્વાધિક દરોની આસપાસ છે તો આપણે ક્યાં સુધી અતિ ધનિક ખેડૂતો કરમુક્ત રાખીશું? કોઈને કોઈ રૂપે કૃષિ સબસિડી અને અન્ય રાહતો અવશ્ય ચાલુ રહે, પરંતુ આખરે ખેતીથી ભારે-ભરખમ આવક પર ટેક્સના વિચારને અયોગ્ય ન માની શકાય. આર્થિક માપદંડ પર તાર્કિક હોવા છતાં પણ આવી કોઈ પહેલની રાજકીય સંભાવના શાંસ્પદ છે.

## NEWS BRIEF

### વડીયા ડેમમાંથી મળી આવ્યો શંકાસ્પદ હાલતમાં યુવતીનો મૃતદેહ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ડેમમા યુવતીના મૃતદેહની જાણ થતાં ડેમ સાઈટ પર ઘટના સ્થળે પોલીસ પહોંચી પોલીસે સ્થાનિક લોકોની મદદથી હોડી વડે પાણીમાં તરતા મૃતદેહને પાણીમાંથી કાઢ્યો છે બહાર સુરવો ડેમના પુલની પાળી પર બ્લડ ના નિશાનો અને એક્ટિવા જોવા મળી યુવતીના મૃતદેહને વડીયા સિવિલ પીએમ અર્થે ખસેડાયો વડીયા, પીએસઆઇ સહિતનો સ્ટાફ સિવિલ પહોંચ્યા વડિયા સીવીલ હોસ્પિટલ ખાતે લોકોના ટોળે ટોળા ઉમટ્યા સીવીલ ના ડોક્ટરના પીએમ રિપોર્ટ ના આધારે વધુ તપાસ વડીયા પોલીસ કરી રહી છે. વડીયા ડેમમાં યુવતીનો મૃતદેહ મળી આવતા યુવતીનું નામ ધ્યાબહેન ભીખાભાઈ મકવાણા ઉ.વર્ષ 22 યુવતી માનસિક બીમાર અને છેલ્લા 4 માસથી રહેતી સુનમુન ડેમની પાળી ઉપર બ્લેટ અને હાથમાં બ્લેટ ની છરકા હોવાથી સેવાઇ હતી આશંકાઓ યુવતીના પિતાએ માનસિક બીમાર હોવાનું જણાવ્યું પોલીસ ચોપડે.

### જિલ્લાની જાહેરાત સબંધે જિલ્લાના નાગરિકો આગામી ૦૨ ફેબ્રુઆરી સુધી પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી શકશે

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના વિશાળ જનહિતમાં ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લઈને નવા વાવ-થરાદ જિલ્લાની જાહેરાત કરી છે. જેમાં સૂચિત નવા જિલ્લાનું મુખ્યમથક થરાદ રહેશે. જેમાં થરાદ, વાવ, સુઈગામ, ધાનેરા, લાખણી, દિયોદર, કાંકરેજ અને ભાભર એમ મળીને કુલ ૦૮ તાલુકા રહેશે. જ્યારે મૂળ બનાસકાંઠા જિલ્લામાં મુખ્યમથક પાલનપુર રહેશે. જેમાં પાલનપુર, વડગામ, દાંતા, દાંતીવાડા,અમીરગઢ, અને ડીસા મળીને કુલ ૦૬ તાલુકાઓનો સમાવેશ કરાયો છે. સરકારશ્રીની ઉકત જાહેરાત સબંધે બનાસકાંઠા જિલ્લાની ગામ/તાલુકાની જાહેર જનતા રજુઆતો કરવા માંગતી હોય, તો તેઓની લેખિત રજુઆતો સંબંધિત નાયબ કલેકટરશ્રી (પ્રાંત અધિકારીશ્રી)ને દિન-૩, ૨ ફેબ્રુઆરી- ૨૦૨૫, રવિવાર (સાંજે ૬:૧૦ કલાક સુધી) લેખિત સ્વરૂપે મોકલી શકાશે. જેની સર્વે નાગરિકોને જાણ થવા બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### નખત્રાણા | ટમેટાના પૂરતા ભાવ ન મળતાં વેપારીઓએ ટમેટા ગાયોને ખવડાવ્યા



મહેશ એલ.સોની | નખત્રાણા

એક સમયે ૧૫૦ રૂપિયા એક કિલોના આસપાસ ભાવે વેચાતા ટમેટાનો હાલ મબલખ પાક ઉતરતા હાલ માત્ર ત્રણ થી ચાર રૂપિયા એક કિલો ના ભાવ મળતાં વેપારીઓને આર્થિક જબરો ફટકો પડી રહ્યો છે અપૂરતા ભાવને કારણે ખેડૂત વેપારીઓએ ટમેટાં ગાયોને ખવરાવી પૂણ્યનું ભાથું બાંધ્યું હતું. આ અંગે અહિના ફ્રૂટના વ્યવસાય સાથે સંકળાયેલા યુવા જીવદયા પ્રેમી શિવ નિતીનભાઈ રાજદેએ જણાવ્યું હતું કે શિયાળા સિઝન માં વેપારીઓ પોતાની વાડી માં ટમેટાં વાવતા હોય છે. અને સારા ભાવની આશા રાખતા હોય છે પણ અત્યારે ટમેટાંના વેપારમાં ભયંકર મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ પુષ્કળ પ્રમાણમાં ટમેટાંનો પાક ઉતરતા ટમેટાંના ભાવ સાવ તળિયે પહોંચી જતાં વેપારીઓને ખૂબ આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. ટમેટાંના ભાવ ન મળતાં વેપારીઓએ ટેમ્પો ના ટેમ્પો ભરી ખેતરોનો બધો ટમેટાનો પાક ગાયોને ખવડાવી પૂણ્યનું ભાથું બાંધ્યું હતું. પ્રસ્તુત તસવીર નખત્રાણાના મણીનગર વિસ્તારમાં ગાયો ટમેટાંનો આસ્વાદ માણી રહી છે.

### સ્થાનિક સ્વરાજયની ચુંટણી સંદર્ભે તિક્ષ્ણ હથિયારબંધીનું જાહેરનામું બહાર પડાયું

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતુ હોવાથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સી વી લટાએ સમગ્ર મહીસાગર જીલ્લામાં કોઈપણ વ્યકિતએ પોતાના પરવાનાવાળા હથિયાર સાથે લઈને નિકળવુ કે ફરવું નહી. ઉપરાંત દંડા, તલવાર, લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહી. આ હુકમ ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓને ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિતને, શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવુ જરૂરી હોય તે વ્યકિતને, રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ-કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રોની પરવાનગી આપવામાં આવેલ હોય, તેવા વ્યકિતઓને લાગુ પડશે નહી.




# કોલેજના ટ્રસ્ટીને બદલે બે પ્રતિનિધિ પહોંચતાં હોબાળો, ઉભી પૂંછડીયે ભાગ્યા

**પોલીસે પાંચ લોકો સામે નોંધી ફરિયાદ**

**સમગ્ર મામલે પોલીસે પાંચ શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં પ્રોફેસર વિપક્ષી સુરેશરાવ વાસનીક, પ્રો. પ્રશાંત નુવાલ, પ્રો. વાય. ચન્દ્રા બોસ, પ્રો. ડૉ. સંજય રીથે અને પ્રિન્સિપાલ ડૉ. કૈલાશ પાટીલ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.**

(એજન્સી) મહેસાણા | તા.30

મહેસાણાની બાસણા મર્ચન્ટ કોલેજમાં બી.એચ.એમ.એસ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ બુધવારે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. કોલેજના પ્રોફેસર દ્વારા શિક્ષણ કાર્યમાં માનસિક ટોર્ચર કરવામાં આવતું હોઈ તેણે જીવન ટૂંકાવ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરાયો હતો. હાલ વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યો છે. જોકે, વિદ્યાર્થિનીના મૃતદેહની સોંપતી વખતે સિવિલમાં કોલેજના ટ્રસ્ટીના બદલે કોલેજના બે પ્રતિનિધિઓ હાજર થતાં હોબાળો થયો હતો. જોકે, સમગ્ર મામલો વકરે તે પહેલાં જ પોલીસે દખલગીરી કરી મામલો શાંત પાડ્યો હતો.




**વિદ્યાર્થિનીના પિતાના ગંભીર આક્ષેપો**

ઉર્વશીના પિતાએ પ્રોફેસર દ્વારા શિક્ષણ કાર્યમાં માનસિક ટોર્ચર કરવામાં આવતું હોઈ જીવન ટુંકાવ્યું હોવાનોગંભીર આક્ષેપ કર્યો હતો. પ્રોફેસરો દ્વારા ધમકાવવામાં આવતી હતી નાપાસ કરવાની ધમકી આપવામાં આવતી હતી. એક જ વસ્તુ ત્રણ-ત્રણ વાર લખવાની ફરજ પાડવામાં આવતી હતી અને જાહેરમાં અપમાનિત કરવામાં આવતી હતી. અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવતો હતો .આ મામલે પ્રિન્સિપાલને ફરિયાદ કરતાં તે પ્રોફેસરોનો પક્ષ લેતાં હતા.

**વિદ્યાર્થીઓએ કર્યો હુમલો :** વિદ્યાર્થિનીના આપઘાતના મામલે ન્યાયની માંગ સાથે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજવામાં આવી હતી. આ રેલી યોજી મહેસાણા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરવામાં આવી હતી. કલેક્ટરને આવેદન પત્ર આપી વિદ્યાર્થીઓ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ બહાર એકત્રિત થયા હતાં. જ્યાં કોલેજના ટ્રસ્ટીઓની ગેરહાજરીના કારણે વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતાં અને કોલેજ તરફથી હાજર પ્રતિનિધિઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેનાથી પ્રતિનિધિઓ ત્યાંથી ભાગી ગયા હતાં. આ દરમિયાન પોલીસે સમયસૂચકતા વાપરી મામલો વધુ વકરે તે પહેલાં જ થાળે પાડ્યો હતો.

## TRP અગ્નિકાંડના આરોપીઓની જામીન અરજી પર ચુકાદો

# હાઈકોર્ટે ત્રણ આરોપીના જામીન મંજૂર કર્યા

(એજન્સી) અમદાવાદ | તા.30

રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે આરોપી ત્રણ સરકારી કર્મચારીઓના જામીન મંજૂર કર્યા છે. હાઈકોર્ટે ATP રાજેશ મકવાણા અને રાજકોટ મનપાના પૂર્વ ATP ગૌતમ જોષીના જામીન મંજૂર કર્યા છે. જો કે, આરોપી મનસુખ સાગઠિયા, ઈલેશ ખેર, એન્જિનિયર જયદીપ ચૌધરી, જમીન માલિક આરોપી અશોકસિંહ જાડેજા અને કિરીટસિંહ જાડેજાના જામીન નામંજૂર કર્યા છે.

સત્તાધીશો અને ટીઆરપી ગેમ ઝોનના માલિકોની મિલીભગતથી રાજકોટમાં ઈતિહાસનો સૌથી દર્દનાક અગ્નિકાંડ સર્જાયો હતો. જેમાં 27 નિર્દોષ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. ભ્રષ્ટાચાર આ માટે મુખ્ય કારણ હતો. ટીઆરપી ગેમ ઝોનમાં ભીષણ આગ મામલે પોલીસે ટીઆરપી ગેમ ઝોનના માલિક યુવરાજ સિંહ, પ્રકાશ સોલંકી સહિત શખ્સો વિરુદ્ધમાં આઈપીસીની કલમ 304, 308, 337, 338 અને 114 હેઠળ ફરિયાદ દાખલ કરાઈ હતી. આ મામલે પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 10 જેટલાં આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી.



**મનસુખ સાગઠિયાએ કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો હતો**

અગ્નિકાંડના સાપરાધ મનુષ્યવધના ગુનાના આરોપી સસ્પેન્ડેડ ટી.પી.ઓ. મનસુખ ધનાભાઈ સાગઠિયા સામે ગત 10 વર્ષમાં 10.55 કરોડ રૂપિયા ભ્રષ્ટાચારથી મેળવ્યાનો ગુનો નોંધાયા બાદ તેણે ભાઈના નામે ટ્વીનટાવરમાં ખરીદેલી ઓફિસમાં સર્ચ તપાસ કરવામાં આવી હતી, જ્યાં રૂપિયા 3 કરોડ રોકડ અને સોનાચાંદીના દાગીના સહિત 18 કરોડ મળી આવ્યા છે. આમ રૂ.28 કરોડનો ભ્રષ્ટાચાર કરાયો હોવાનું સામે આવ્યું હતું.

## CNG કારમાં ગેસ ભરતા સમયે સાવધાન! બારડોલીમાં ગેસ પાઇપ છટકતા કાર ચાલકને વાગી

(એજન્સી) છોટાઉદેપુર | તા.30



ગુજરાતમાં કારમાં CNG ગેસ ભરતા સમયે સાવધાનની રાખવા જેવી ઘટના સામે આવી છે. છોટાઉદેપુરના બારડોલીમાં CNG પમ્પ ખાતે કારમાં ગેસ પૂરાવતા સમયે દુર્ઘટના સર્જાઈ હતી. કારમાં ગેસ પૂરતી વખતે ગેસની પાઈપ છટકીને ડ્રાઈવરને વાગી હતી. જેમાં ડ્રાઈવર બેભાન થતાં તેને તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. જ્યારે ઘટનાને લઈને પોલીસે તપાસે હાથ ધરી. છોટાઉદેપુરના બારડોલીમાં CNG પમ્પ ખાતે કારમાં ગેસ પૂરાવતા સમયે ગેસની પાઈપ છટકીને સીધી નજીક ઊભેલા ડ્રાઈવર પર આવી હતી. ડ્રાઈવરને મોઢાના ભાગે પાઈપ વાગતા તરત બેભાન થઈ પડ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળે છે કે, CNG પમ્પ ખાતે કારમાં ગેસ પૂરાવતી વખતે ગેસની પાઈપ છટકીને ડ્રાઈવરને વાગી હતી અને ડ્રાઈવર પડી જતાં CNG પમ્પના બે કર્મચારીઓ તેની પાસે આવે છે.

# 30મી જાન્યુઆરી - શહીદ દિન | મહીસાગરમાં સવારે 11:00 કલાકે કલેક્ટર કચેરી ખાતે બે મિનિટનું મૌન પળાયું



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે વીર જવાનોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં આજે તા. ૩૦મી જાન્યુઆરી,૨૦૨૫ને ગુરૂવારના રોજ શહીદ દિન નિમિત્તે સમગ્ર દેશ-રાજ્યની સાથે મહીસાગર જિલ્લામાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. મહીસાગર કલેકટર કચેરી સભાખંડ ખાતે નિવાસી અધિક કલેક્ટર શ્રી સી વી લટાની ઉપસ્થિતિમાં વહિવટી તંત્રના સૌ અધિકારી-કર્મચારીઓએ શહીદ વીરોની સ્મૃતિમાં તેમજ શહીદો પ્રત્યે ઋણ અદા કરવા શ્રદ્ધા અને સન્માનની ભાવનાથી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તદઉપરાંત જિલ્લામાં વિવિધ જિલ્લા કલેકટર કચેરી, પ્રાંત કચેરીઓ, નગરપાલિકા, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી સહિત જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓએ મહાત્મા ગાંધી શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે પૂ.ગાંધીજી અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## 27 લાખના દારૂના જથ્થા, મુદ્દામાલ સહિત બે બુટલેગરોને ઝડપી પાડતી સાપુતારા પોલીસ

ડાંગ | તા.30

ડાંગ જિલ્લાનાં પોલીસ વડા યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલની ટીમ દ્વારા આંતર રાજયને જોડતી સાપુતારા ચેકપોસ્ટ ખાતેથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લાગે તે હેતુસર વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ.અહી સાપુતારા પોલીસનાં વાહન ચેકીંગ દરમિયાન ટ્રકમાં ગેરકાયદેસર રીતે સંતાડીને લઈ જવાતા પાસ પરમીટ વગરના દારૂના જથ્થા સાથે બે બુટલેગરો ઝડપાયા હતા.તેમજ પોલીસની ટીમે દારૂના જથ્થા સહિત કુલ 27 લાખ રૂપિયા કરતા પણ વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અને એકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.ગતરોજ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ સહિત પોલીસ કર્મીઓની ટીમ સાપુતારા ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા.ત્યારે મહારાષ્ટ્ર રાજ્ય તરફથી એક અશોક લેલન્ડ કંપનીનો તાડપત્રી બાંધેલ ટ્રક રજી. નં.GJ -14-Z-1156 જે સાપુતારા ચેકપોસ્ટ પર આવતા પોલીસની ટીમને શંકા જતા તેને ઉભો રાખી ચેકીંગ હાથ ધર્યુ હતુ.જેમાં ટ્રક ચેક કરતા ટ્રકનો ફાલ્કું ખાલી હોય અને ટ્રકના ફાલ્કાની નીચે લોખંડની પટ્ટી બોલ્ટથી ફીટ કરેલ હોય ત્યારે પોલીસે



ચાલક પાસેથી લોખંડની પટ્ટી પાના વડે ખોલાવતા લોખંડની પટ્ટી નીચે ભારતીય બનાવટનો પાસ પરમીટ વગરનો ઈંગલિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.જે બાદ સાપુતારા પોલીસની ટીમે ટ્રક ચાલક સાજીદ અબ્દુલ કુરેશી (રહે.અમરેલી તા.જી. અમરેલી) અને ક્લીનર રિયાઝ આરીફ કસીરી (રહે.અમરેલી તા.જી.અમરેલી)ની અટકાયત કરી હતી.તેમજ ચોરખાનામાંથી મળી આવેલ કુલ દારૂનો જથ્થો જેની કિંમત રૂપિયા 12,34,044/- તથા ટ્રક જેની કિંમત રૂપિયા 15 લાખ તથા મોબાઈલ ફોન નંગ બે જેની કિંમત રૂપિયા 6 હજાર એમ મળી કુલ કિંમત રૂપિયા 27,40,044/- નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.અને દારૂનો જથ્થો આપનાર અજય ઉર્ફે કાળિયો (રહે. ગોવા) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.હાલમાં સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર. એસ.પટેલ દ્વારા આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટની ખાનગી શાળામાં હોમવર્ક ન કરતી વિદ્યાર્થિનીને પ્રિન્સિપાલે ફટકારી

રાજકોટની ખાનગી શાળામાં હોમવર્ક ન કરતી વિદ્યાર્થિનીને પ્રિન્સિપાલે ઠપકો આપી માર માર્યો હતો. જેથી વિદ્યાર્થિનીને લાગી આવતા તે શાળામાંથી નીકળી ગઈ હતી પરંતુ પોતાને ઘરે પરત પહોંતી ન હતી. ભારે શોધખોળ બાદ ન મળતા પરિવારે વિદ્યાર્થિની ગુમ થવાની ફરિયાદ કરી, પોલીસે પણ તાબડતોબ તપાસ કરતા વિદ્યાર્થિનીને શોધી કાઢી હતી. ઘટના રાજકોટમાં આવેલી તપન સ્કૂલની છે, કે જેમાં અભ્યાસ કરતી આઠમાં ધોરણની વિદ્યાર્થિની હોમવર્ક કરીને લાવી ન હતી, જેથી પ્રિન્સિપાલે તેને પહેલા તો ભારે ઠપકો આપ્યો અને બાદમાં માર પણ માર્યો હતો. ઘશાળાનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં પોતાની દીકરી ઘરે પરત ન ફરતા પરિવારના સભ્યોએ આખરે પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

### ચાણસ્મા તાલુકાનાં કંબોઈ ખાતે આયુર્વેદ અમૃતપેયનું વિનામૂલ્યે વિતરણ કરાયું




નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના કંબોઈ ખાતે આયોજિત સંખારી માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું- કંબોઈ દ્વારા વિનામુલ્યે આયુર્વેદ અમૃતપેયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. મેડિકલ ઓફિસર ડૉ.ધારિકાબેન મોદી અને તેમના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી આ કેમ્પ ને સફળ બનાવવામાં આવ્યો હતો.

### મહીસાગર જિલ્લામા TST પરીક્ષા લુણાવાડા, સંતરામપુર અને વિરપુર તાલુકા ખાતે યોજાઇ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા




મહીસાગર જિલ્લામાં આજ રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ પ્રખરતા શોધ(TST) પરીક્ષા જિલ્લાના કુલ ૦૩ કેન્દ્ર -લુણાવાડા, સંતરામપુર અને વિરપુર તાલુકા ખાતે ૦૬ બિલ્ડિંગમાં કુલ ૨૦૦૩ વિદ્યાર્થી નોંધાયેલ હતા. પરીક્ષા કુલ બે તબક્કામા યોજાયેલ સેશન ૧ મા કુલ હાજર વિદ્યાર્થી ૧૮૦૬, ગેરહાજર વિદ્યાર્થી ૧૯૭, સેશન ૨ મા કુલ હાજર વિદ્યાર્થી ૧૮૦૫, ગેરહાજર વિદ્યાર્થી ૧૯૮ હતા. આમ બન્ને સેશનમા જિલ્લાના વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ કે ગેરરીતિ નોધાયેલ નથી. તેમ જિલ્લા શિક્ષણાધિકારી મહીસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.



# યુવા પેઢી લગ્નમાં વિલંબ કેમ કરે છે?

**આટલી ઉતાવળ શી છે? અત્યારે તો એકબીજાને સમજવામાં થોડો સમય જોઈશે. અત્યારે અમે આ જવાબદારી સંભાળવા માટે માનસિક રૂપે તૈયાર નથી...! જ્યારેય પણ લગ્નની વાત થાય છે ત્યારે મોટાભાગના યુવાનોના મુખેથી આવા જ વાક્યો સરકી પડતા હોય છે. અંતે, સંબંધો અને લગ્નના મામલામાં નવી પેઢી કમિટમેન્ટથી શા માટે બચવા માગે છે? યુવાન સંતાનોના માતાપિતા, વકીલોને આ પ્રશ્ન વારંવાર પરેશાન કરે છે. આ જાણવા માટે કેટલાક યુવાનો, મધ્યમ વર્ગના કેટલાક લોકો અને મનોવૈજ્ઞાનિક સલાહકારો સાથે વાતચીત કર્યા બાદ તેને આધારે અહીં આ લેખ પ્રગટ કરાયો છે. લગ્ન માત્ર બે દિલનું જ નહીં, પણ બે પરિવારનું પણ મિલન હોય છે. સદીઓથી ચાલી આવતા આ પારંપારિક વિચાર પરિવાર જેથી પહેલી સામાજિક સંસ્થાને મજબૂતી બક્ષે છે, પણ સમયની સાથે યુવા પેઢીનો વિચાર પણ બદલાવા લાગ્યો છે. મુંબઈની એક ગૃહિણી કહે છે, 'અમારા જમાનામાં મોટા ભાગના લગ્ન પરિવાર દ્વારા જ નક્કી કરાતા હતા. પ્રેમલગ્ન કરનારા યુવાનોને પણ પહેલેથી જ એ વાતનો અહેસાસ હોય છે કે આ સંબંધમાં પ્રેમ અને આનંદ મેળવવા અમારે ઘણી બાંધછોડ કરવી પડશે અને ઘણું બધુ છોડવાની તૈયારી રાખવી પડશે. અગાઉ કોઈપણ સંજોગોમાં લગ્નને બચાવવાની સૌની સૌથી મોટી અગત્યતા રહેતી. તેઓ પરિવાર પ્રત્યેની નૈતિક જવાબદારી સમજતા હતા, પણ આજે પરિસ્થિતિ સૌથી વધુ વિપરિત થઈ ગઈ છે. આજના યુવાનોના વિચાર આત્મકેન્દ્રીત થતાં જાય છે. તેમના નિકટના સંબંધો પર પણ તેની અસર દેખાઈ રહી છે.**

## અમને આઝાદી ઘણી વ્હાલી

યુવાનોના સંપર્કોનો વિસ્તાર ઝડપથી વધી રહ્યો છે. સોશિયલ મિડિયા અને ગ્લોબલાઈજેશનનો આમાં મોટો રોલ છે, યોગદાન છે. ઉચ્ચ શિક્ષણ અને જોબને કારણે તેમને વિદેશ જવાની તક મળવાથી વિદેશી સંસ્કૃતિની નિકટ જવાનો અવસર મળ્યો. ત્યાંથી આંખોને આંજી નાખતી સંસ્કૃતિએ તેમને આકર્ષિત કર્યાં છે. વિવાહ અને ભાવિ જીવનસાથી અંગે નવી પેઢીના વિચારો અત્યંત સ્પષ્ટ છે. તેમણે લગ્ન કરવા છે કે નહીં, તેનો લાઈફ પાર્ટનર કેવો હોવો જોઈએ, જેવી વાતો અંગે તેમના મનમાં કોઈ દ્વિધા નથી. આવા વિચારને કારણે નવી પેઢી પોતાની આઝાદીને કોઈ કિંમતે કોઈ પણ પ્રકારના કમિટમેન્ટથી બાંધવા તૈયાર નથી હોતી. આજના યુવાનો પોતાના માટે એવી પરફેક્ટ મેચ શોધવા માગે છે, જે તેને સંપૂર્ણ પર્સનલ સ્પેસ આપે.

## પાછળ રહી જવાનો ડર

કેરિયરના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધવાની મહત્વાકાંક્ષાને કારણે યુવાનોના મનમાં હંમેશા એ વાતનો ડર રહ્યા કરે છે કે ક્યાંક હું મારા મિત્રોથી પાછળ નહીં રહી જાઉં. બેંગલુરુમાં એક એમએનસીમાં કાર્યરત ૨૫ વર્ષીય યુવતી કહે છે, 'મારા બોયફ્રેન્ડને જ્યારે સારી સેલેરી સાથે ત્રણ વર્ષ અમેરિકા જવાનો મોકો મળ્યો તો અમારા પરિવારે સગાઈ કરવાની બહુ જિદ પકડી. અમે બંનેએ જ આ માટે ના પાડી દીધી, પણ વર્ષ પછી અમારા જીવનની સ્થિતિ કેવી હશે, એ અંગે અગાઉથી અનુમાન લગાવવું મુશ્કેલ હતું. એ પણ શક્ય છે કે એ અમેરિકાથી પાછા આવવાનું નહીં વિચારે. ફ્લેટ ખરીદવો કે અમારી સૌથી પહેલી જરૂરત હતી. આ બાબતમાં અમારા વિચાર ઘણા પ્રેક્ટિકલ હતા. આટલા જલ્દી લગ્નના બંધનમાં બંધાઈ અમે અમારા જીવનની જટિલતાને વધારવા નહોતા માગતા.

**બાળઉછેરનો પ્રભાવ |** એક જાણીતા મનોવૈજ્ઞાનિક સલાહકાર કહે છે કે કોઈ પણ વ્યક્તિની કલ્પના કે વિચાર માત્ર એક દિવસમાં નથી બનતી. આની પાછળ તેમના ઉછેરનો પણ બહુ મોટો હિસ્સો હોય છે, યોગદાન હોય છે. આજે યુવાનોની જે પેઢી આપણી નજર સમક્ષ આવી છે, તેમનો ઉછેર અત્યંત સંરક્ષણ અને લાડ-પ્રેમના માહોલમાં થયો છે. ન્યૂક્લિયર ફેમિલીમાં મોટા થયેલા આવા બાળકોની દરેક માગ તરત પૂરી કરવામાં આવતી હતી, આ કારણે તેમનામાં ધૈર્ય અને શેરિંગની ભાવના વિકસિત જ ન થઈ શકી. જરા વિચારો આવા બાળકો યુવાનીમાં પ્રવેશતા જ અચાનક જવાબદાર કેવી રીતે બની ગયા? આવી પરિસ્થિતિમાં યુવાનો આત્મકેન્દ્રીત બને એ સાવ સ્વાભાવિક છે, પછી ભલેને એરેન્જડ મેરેજ હોય, લવ મેરેજ હોય કે લિવ-ઈન-રિલેશનશિપ, સારા સંસ્કારો વિના કોઈપણ વ્યક્તિ પોતાના કોઈ પણ સંબંધ પ્રતિ ઈમાનદાર હોય શકે નહીં.

## કોની અને કેવી જવાબદારી?

હવે મહિલાઓ, ઘર અને બહાર એમ બંને જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ છે, પણ પુરુષોની સદીઓ જૂની માનસિકતામાં કોઈ વિશેષ ફેરફાર આવ્યો હોય એવું નજરે નથી પડતું. ઘરની સફાઈ અને કુકીંગ જેવી ઘરેલું કામકાજમાં આપણી ભાગીદારી ઘણી સીમિત છે. જવાબદારીની ભાગીદારીઓ માટે પરિવાર અને સમાજમાં અસંતુલન જેવી પરિસ્થિતિ પેદા થઈ રહી છે, જેને દૂર કરવા માટે પુરુષોએ પણ બદલવું પડશે અને સમય સાથે ડગ માંડીને ચાલવું પડશે. સૌથી જરૂરી વાત તો એ છે કે પરિવારોમાં શરૂઆતથી જ પેરન્ટ્સની એ જ જવાબદારી બનતી હોય છે કે પુત્ર અને પુત્રી વચ્ચે ભેદભાવ રાખવાને બદલે બંનેને ઘરેલું કામકાજ શીખવાડો, જે રોજિંદી જિંદગીમાં જરૂરી સમજવામાં આવે છે.

## નવેસરથી જિંદગી બીજીવાર...

જ્યાં સુધી કમિટમેન્ટનો સવાલ હોય તો જૂના જમાનામાં પણ પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં ભલે ગમે એટલી કટુતા હોય તો પણ સંબંધો જાળવી રાખવા સિવાય તેમની પાસે બીજા કોઈ વિકલ્પ નહોતા, પણ હવે છે. લગ્ન કરવા પહેલા આજકાલ યુવા જોડકા એકબીજાને સમજવા માટે પર્યાપ્ત સમય લે છે. લગ્ન અને લિવ-ઈનમાં પણ આપસી સહમતી વિના બ્રેકઅપનું ચલણ વધતું જઈ રહ્યું છે. કોઈક તાણપૂર્ણ સંબંધોમાં ઘૂંટાઈ-ઘૂંટાઈને જીવવાને બદલે નવી પેઢી અલગ થઈ જવાનો સરળ રસ્તો પસંદ કરે છે. યુવાનોનો આ વિચાર કેટલો સરળ, કેટલો અયોગ્ય છે? આ અંગે ચર્ચા કરવા એક અલગ મુદ્દો બની શકે છે, પણ એ સચ્ચાઈનો ઈનકાર નહીં કરી શકાય કે સમય સાથે તેમની દૃષ્ટિ, દૃષ્ટિકોણ બદલાઈ રહ્યા છે. કોઈક સંબંધો તૂટી ગયા પછી તેના માટે બધુ જ કંઈ ખતમ નથી થઈ જતું, પણ કટુસ્મૃતિઓ યાદોને ભૂલાવીને નવેસરથી જિંદગીને ગોઠવવામાં વ્યસ્ત બની જાય છે.

# આળસ ખાવાથી 1 રાહતનો અનુભવ થાય છે, શરીર માટે આ ફાયદાકારક છે આળસ મરડવાની રીત?



આળસ ખાવી એ એક અનૈચ્છિક ક્રિયા છે, જેનો અનુભવ આપણે ઘણીવાર થાકેલા અથવા આળસુ હોઈએ ત્યારે કરીએ છીએ. સવારે પથારીમાંથી ઉઠતા હોવ, લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા હોવ કે કંટાળો આવતો હોય, મનમાં અચાનક આળસ મરડવાની ઈચ્છા જાગે છે, પરંતુ શું તમે જાણો છો કે આ પછી શરીરને રાહત કેમ લાગે છે? આપણે બધા જાણીએ છીએ કે કામ કર્યા પછી શરીરને આરામની જરૂર હોય છે અને ઊંઘ એ શ્રેષ્ઠ આરામ છે. ઊંઘમાંથી જાગ્યા પછી આપણે ઘણીવાર ખેંચાણ કરીએ છીએ પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આવું કેમ થાય છે? છેવટે ઊંઘમાંથી જાગ્યા પછી આળસ મરડવાનું કારણ શું છે? ચાલો જાણીએ કે ઊંઘ પછી સ્ટ્રેચિંગ શા માટે મહત્વપૂર્ણ છે. આ એક સરળ પ્રક્રિયા છે પરંતુ તેની પાછળનું વિજ્ઞાન ખૂબ જ રસપ્રદ છે. ખેંચાણથી આપણું શરીર તણાવમુક્ત બને છે અને સ્નાયુઓ ખેંચાય છે. આનાથી લોહીનો પ્રવાહ સુધરે છે અને આપણે તાજગી અનુભવીએ છીએ. આપણે માણસો જ નહી પરંતુ પ્રાણીઓમાં પણ આવું હોય છે. એ એક કુદરતી પ્રક્રિયા છે. જેનાથ શરીર હંમેશા એક્ટિવ રહે છે. શા માટે આળસ ખાવામાં આવે છે? જ્યારે આપણા શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે, ત્યારે મગજને આનો સંકેત મળે છે અને તે આપણને સ્ટ્રેચિંગ માટે પ્રેરે છે. સ્ટ્રેચિંગથી શ્વાસ લેવાની ગતિ વધે છે અને શરીરમાં ઓક્સિજનનું લેવલ વધે છે.

**તણાવ:** તણાવ પણ બગાસું આવવાનું કારણ હોઈ શકે છે. તણાવને કારણે શરીરમાં ઘણા પ્રકારના હોર્મોન્સ મુક્ત થાય છે જે બગાસું આવવાની પ્રક્રિયાને ઉત્તેજિત કરી શકે છે.

**આળસ ખાવાના ફાયદા :** સ્ટ્રેચિંગ એ ફક્ત કંટાળાજનક આદત નથી, પરંતુ તેના ઘણા સ્વાસ્થ્ય લાભો પણ છે. સ્ટ્રેચિંગ કરતી વખતે શરીરના સ્નાયુઓ ખેંચાય છે, જે રક્ત પ્રવાહમાં સુધારો કરે છે. તે હૃદય અને મન બંને માટે ફાયદાકારક છે. સ્ટ્રેચિંગ તણાવ ઘટાડે છે અને મૂડ સુધારે છે. તે શરીરમાં તણાવ હોર્મોન્સ ઘટાડવામાં મદદ કરે છે.

**સતર્કતામાં વધારો:** ખેંચાણ મગજને એક્ટિવ કરવામાં મદદ કરે છે અને સજાગતામાં વધારો કરે છે. તે થાક અને ઊંઘ દૂર કરવામાં મદદ કરે છે. ખેંચાણ સ્નાયુઓની વધારે છે અને સાંધાનો દુખાવો ઘટાડે છે. સ્ટ્રેચિંગ શરીરમાં ઓક્સિજનનું લેવલ વધારે છે જે બધા અંગો માટે જરૂરી છે. શું તમે ક્યારેય નોંધ્યું છે કે સ્ટ્રેચિંગ પછી તમને કેટલો તાજગી મળે છે? આનું કારણ એ છે કે સૂતી વખતે આપણા સ્નાયુઓ એક જ સ્થિતિમાં રહેવાને કારણે થાકી જાય છે અને કડક થઈ જાય છે. સ્ટ્રેચિંગ આ જડતા દૂર કરે છે અને શરીરના તમામ ભાગોમાં રક્ત પરિભ્રમણ સુધારે છે. આનાથી આપણને તાજગી તો મળે છે જ સાથે-સાથે આપણા સ્નાયુઓ પણ મજબૂત બને છે. આ ઉપરાંત સ્ટ્રેચિંગ પણ હૃદયના સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે.

# મનગમતી વ્યક્તિ સાથે 'પંચાત'ના પકોડા તળવા મળે તો એના જેવી મજા ક્યાંય નહીં





## નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બહાર કોલ્ડ પ્લે કોન્સર્ટમાં જવા માટે ઉભેલ કોંગ્રેસીએ ધીમા સૂરમાં ત્યાં માઇક ધરીને ઉભેલ પત્રકારને કીધું કે મારી ના સમજ બૈરીના લીધે.....

પંચાત..પંચાત..પંચાત કેટલી કરું? ખબર છે વીસ રૂપિયા ના કિલો શાક થયા પણ લસણ ૧૦૦ રૂપિયાનું ૧૦૦ગ્રામ ભાવ છે.માન્યું કે વટાણા,વાલોળ,તુવેર વગેરે લીલવા ની સીઝન ચાલે છે.ના રે ના બાપા હું તો બારમસ ના વટાણા વાલોળ,તુવેર વગેરે ના દાણા ભરવા પાછળ સમય નથી ખર્ચતી.સ્માર્ટ લેડી એટલે બધું સ્માર્ટ વિચારવાનું મહેનત પણ સ્માર્ટ કરું છું. ઘરના એકમાત્ર પતિદેવ વટાણા વાલોળ,તુવેરના દાણા પાછળ પાગલ એટલે બારેમાસ સુધી લીલવા સચવાતા નથી. તો શું કરવાનું? આધુનિક યુગમાં શાકવાળા પણ મોર્ડન તદન "કોલ્ડ પ્લે કોન્સર્ટ " ના હીરો માફક સ્માર્ટ.. સ્માર્ટ.શાકવાળા અને કોલ્ડ પ્લે કોન્સર્ટ ના હીરો વચ્ચે એક ફર્ક છે અમદાવાદ માં શાક ભાજી વાળા ને નિયમિત દુકાન ખોલવી પડે છે ને પેલા ને અમદાવાદ માં પ્રથમવાર. અમદાવાદ ના શાકવાળા ને ત્યાં દિવસભર બૈરા ની અવરજવર રહેતી હોય છે પણ ભૂલથી પુરુષ વર્ગ દુકાન માં દાખલ થયો એ ભેગા શાકવાળા ની પંચાત રસ ની અવિરત ધારા શરૂ થઈ જશે.ભાઈજી,તબિયત તો સારી છે ને,કેટલા દિવસો થી કેમ દેખતા નહતા? કેટલા દિવસો બાદ પધાર્યા?થયું કે તમેય તમારા ભાઈની સાથે કેનેડા જતા રહ્યા હશો. માન્યું કે કેનેડા નું રાજકારણ કરતા ત્યાં ઉથલ પાથલ વધારે છે. શાકભાજી વાળા ના પૂછતાની સાથે જ ભાઈજી જ્ઞાન : દોસ્ત,તુ કુંવારો કે પરણેલો? કેટલા બાળકો? માતાજી જીવે છે કે સ્વર્ગ સિધાવી ગયા.બેટા, ભૂલથી પણ કુંવારો હો તો પરણતો નહિ,પુરુષો ની લગન બાદ મસ્ત "સુડી વચ્ચે સોપારી" જેવી હાલત થઈ જાય છે.જેવો પણ્યો એ ભેગો બૈરી અને માતાજી નો શિકાર બની જઈશ.જો ભૂલ થી માતાજીનો પક્ષ લ્યો તો બૈરી મોઢું ચડાવી ને ફરે,બૈરી નો પક્ષ માતાજી સામે લ્યો તો સમજો આકાશ માં કમોસમી વરસાદી વાવાઝોડું ગાજવીજ સાથે ખાબકે. ભૂલ થી લગન ના કરતો લગન એટલે એવી ગન કે જેનું નાળચું તમારા તરફ હોય ને ટ્રિગર બૈરી ના હાથમાં. શાકભાજી વાળા એ સ્મિત ફરકાવતા કીધું કે ભાઈજી,તમારું દુઃખ મારા દુઃખ થી ઓછું નથી એટલે તો તમને દુકાનમાં પ્રવેશતા નિહાળીને દર્દ હળવું થાય.



**પંચાત રસ**

**- રુપાલી દવે**


નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બહાર કોલ્ડ પ્લે કોન્સર્ટ માં જવા માટે ઉભેલ કોંગ્રેસી એ ધીમા સૂરમાં ત્યાં માઇક ધરી ને ઉભેલ પત્રકાર ને કીધું કે મારી ના સમજ બૈરી ના લીધે પ્રથમ વખત સ્ટેડિયમ માં પ્રવેશ કરું છું બાકી કસમ ખાધી હતી કે જ્યાં સુધી આ સ્ટેડિયમ ને નરેન્દ્ર મોદી ના બદલે રાહુલ ગાંધી બનાવી ના નાખું ત્યાં સુધી અંદર પ્રવેશ કરીશ નહિ. પત્રકાર એ કોંગ્રેસી નેતા ની પત્ની ને પૂછ્યું કે કોલ્ડ પ્લે નું ક્યું સોંગ આપને ગમે છે? ત્યારે મેડમ એ સહેજ સ્માઈલ ફરકાવતા કીધું કે તમને કેમ આટલી બધી પંચાત છે? તમે કહો પહેલા પત્રકાર જી કે તમને કોલ્ડ પ્લે નું ક્યું સોંગ પસંદ છે? ભઈલા,આજ થી સ્માર્ટ લોકો સાથે પંગો લેતા ધ્યાન રાખજે,મને મારા પતિદેવ સમજવાની ભૂલ ના કરતા. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ની આન બાન અને શાન નિહાળીને ખુદ દેશ પરદેશ ના લોકો અભિભૂત બની ગયા હતા. એમાં કોલ્ડ પ્લે કોન્સર્ટ ની શરૂઆત થતાં દર્શકો નો આનંદ, ઉમંગ અને આવેગ જોતા સ્વર્ગ માંથી વિમાન પર બેસીને સ્વર્ગ ના રાજા ઈન્દ્ર એ આકાશીય નિરીક્ષણ કર્યું હતું. ઓડીયન્સ માં પ્રત્યેક સોંગ પર ભાવુક બની રડતા સુંદર ચહેરાઓ નિહાળીને સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને રડવું આવી ગયું હતું. ઓડીયન્સ કોન્સર્ટ થી એટલું અભિભૂત બની ગયું હતું ને કે ફેમસ પેપર ના લેખક અને ઈન્સ્ટાગ્રામ ના પ્રવકતા ને કોન્સર્ટ માં તલ્લીન લોકોને પોતાની ઓળખાણ આપવી પડી હતી. બિચારા ગર્લ ફ્રેન્ડ ને કલાકો થી ખંભા પર ઊંચકી ને ઉભેલ પ્રેમીઓની મનોદશા અને ખંભા ખંડેર હાલત જોતા થયું કે આધુનિક ભારત ના યુવક યુવતીઓ ને સંગીત ની સારી એવી સમજણ હશે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ના કોલ્ડ પ્લે કોન્સર્ટ માં દરેક સોંગ પર કમાણી સાચી સમજો.આપણા ને અંગ્રેજી ઓછું સમજાય ને હિન્દી રેટ્રો મ્યુઝિક વધારે પસંદ છતાંય ૨૬ જાન્યુઆરી એ સ્માર્ટ ટીવીના હોટ સ્ટાર પર કોલ્ડ પ્લે લાઈવ જોયું હતું. કોન્સર્ટ ના હીરોનો ભાવુક ચહેરો નિહાળતા થયું કે એને ચા પાણી પીવાની સખત તલપ લાગી છે. એ વારંવાર ઉછલ કુદ કરતા કરતા "T" અંગ્રેજી મૂળાક્ષર ની સાઈન આપ્યા કરતા હતા પરંતુ આયોજકો નો મૂડ પ્રેક્ષક ગણવામા હતો જેટલા માંથા એટલા રૂપિયા. શાહ પુત્ર ને આયોજક એ ફોન કર્યો કે સર,પ્લાન સક્સેસ સ્ટેડિયમ ઓવર ધી ક્રાઉડ. મહા કુંભ માં ગળા ડૂબ શાહ સન એ આયોજકો પાસે થી ખુશ ખબર સાંભળતા જ નદીનું પાણી જોર જોરથી યેસ.. યેસ બોલીને ઉછળવા માંડ્યું. એ આનંદના અતિરેક માં ભૂલી ગયા કે એની બાજુમાં રામદેવ બાબા નો સંઘ પણ સ્નાન કરી રહ્યો છે. કોંગ્રેસ પ્રમુખ ને શાહ સન ની ખુશી વસમી પડતાં ન્યુઝ ચેનલ પર લાંબા પ્રવચન નું આયોજન કર્યું. આ પ્રવચન ની અસર નાગરિકો માં વ્યાપક જોતા આપ પાર્ટી ના સંયોજક ને થયું કે મુદ્દા ને આંધળા રસ્તે દોરવો પડશે, મહા કુંભ માંથી લોકો ના માર્ગ અન્ય મુદ્દે ભટકવવા શું કરવું? ત્યાં એના શાતિર દિમાગ એ કીધું કે યુગો પહેલા કાલિય નાગ ને લીધે યમુના નદીનું જળ વિષ યુક્ત બની ગયું હતું તો અત્યારે પણ બની શકે. સંયોજક ના મનમાં "મમતા" રૂપ ધારણ કરીને ખેલા હોવે કરવાનો હતો. એના મનમાંથી ભુલાઈ ચૂક્યું હતુ કે ખેલાં માત્ર બંગાળ માંજ શક્ય છે. આપ પાર્ટી ના સંયોજક એ હરિયાણા ને કાલિય નાગ બનાવી ને રાજનીતિ ના અખાડા માં રેસમાં આગળ કોંગ્રેસ ને પાછળ તો કરી દીધી પરંતુ અત્યારે એ ખુદ એ ફેલાવેલી જાલ માં ફસાવવાની તૈયારીમાં.. સાચું કહું કિલોમાં પંચાત રસ થી મન ના ભરાય આપણા ને તો મબલખ જ કરવી હોય છે.જો ભાઈ સરકાર એ નાનકડી સોય થી લઈને બધી જ વસ્તુઓ પર અધધ મોંઘવારી ઝીંકી દીધી છે એટલે માણસ કરે તો શું કરે? પંચાત માં રૂપિયા ખર્ચતા નથી ને પેટ ને કસરત પણ મળે ને ચહેરા ના સ્નાયુ મજબૂત થાય છે.જાન્યુઆરી માસ માં આવતા તહેવારો ની રજાઓ માં સૌરાષ્ટ્ર પંથક ના પ્રચલિત ગામે થી ઘરે પધારેલ મહેમાનની મજા અલગ હતી. મહેમાનો ના લીધે પંચાત રસની મજામાં "મે તો ભૂલ ગઈ બાબુલ કા દેશ પિયા કા ઘર પ્યારા લાગે.". આવા મારા હાલ બની ગયા હતા.બેત્રણ વાર ઘરના પરમ પૂજ્ય પતિદેવ એ કહ્યું કે માનનીય મહેમાનો પધાર્યા છે તો થઈ જાય પિકનિક "ખાયેંગ પિયેંગે મોજ કરેંગે ઔર ક્યાં.." ત્યારે ઘરના એકમાત્ર પતિદેવ સામે કંટાળી ને મે લાંબુ બગાસું ખાતાં કીધું કે "જા અબ મુજે ના સતા.." સવાર થી ઊંઘ્યૂ પ્રોસેસ માં પત્ની ના પગ કાઢી થઈ છે એટલી પણ ખબર નથી. તમારે માનનીય મહેમાન સાથે પિકનિક પર જવું હોય તો જાવ.હું અને મારી દીદી અમારી મનપસંદ અતિપ્રિય પંચાત પ્રવૃત્તિ કરીશું.આ વાક્ય ની અસર એવી થઈ કે જેમ પાણી ના વહેણ આડે પથ્થર આવતા રોકાઈ જાય છે એમ એણે ફરમાન કર્યું કે પિકનિક નું તો શું છે? ઘરે બોલાવી લેશું તમારા લોકોની જ્ઞાની વાર્તાલાપ માં અમને પણ સામેલ કરો.

સાચું કહું ઊંઘ્યા,પતંગ અને જલેબી કરતા પણ વધારે મનગમતી વ્યક્તિ સાથે પંચાત ના પકોડા તળવા મળે તો એથી વધારે અન્ય..

# કુંભથી પલટાયું મોનાલિસાનું જીવન!

## વાઈરલ ગર્લને બોલિવૂડમાંથી ઓફર, 'ધ ડાયરી ઓફ મણિપુર'માં લીડ રોલ મળ્યો; શૂટિંગ કરવા લંડન જશે




(એજન્સી) મુંબઈ | તા.30

પ્રયાગરાજ મહાકુંભમાં માળા વેચતી વખતે વાઈરલ થયેલી મહેશ્વરની મોનાલિસા ટૂંક સમયમાં એક ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મ 'ધ ડાયરી ઑફ વેસ્ટ બંગાળ' બનાવનાર લેખક-ડિરેક્ટર સનોજ મિશ્રાએ તેની આગામી ફિલ્મ 'ધ ડાયરી ઑફ મણિપુર' માટે મોનાલિસાને સાઈન કરી છે.

બુધવારે મહેશ્વરમાં ફિલ્મ સાઈન કરનારી મોનાલિસા મુખ્ય ભૂમિકામાં આર્મી મેનની દીકરીની ભૂમિકા ભજવશે. આ ફિલ્મમાં મણિપુર હિંસા વચ્ચે લવ સ્ટોરી અને દીકરીનો સંઘર્ષ બતાવવામાં આવશે. 20 કરોડના બજેટવાળી આ ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીમાં શરૂ થશે. ઓક્ટોબરમાં તેને રિલીઝ કરવાની યોજના છે. સનોજ મિશ્રાએ 'કાશી ટુ કાશ્મીર', 'ધ ડાયરી ઓફ વેસ્ટ બંગાળ', 'રોક બેન્ડ પાર્ટી', 'રામ જન્મભૂમિ' અને 'ગાંધીગીરી' જેવી ફિલ્મો બનાવી છે.

શૂટિંગ નોર્થ ઈસ્ટ, દિલ્હી અને લંડનમાં થશે ફિલ્મના ડિરેક્ટર અને લેખક સનોજ મિશ્રાએ કહ્યું- ફિલ્મ માટે 6 મહિનાથી રિસર્ચ ચાલી રહ્યું છે. તેનું શૂટિંગ ઈમ્ફાલ, મણિપુર અને અન્ય વિસ્તારો, દિલ્હી અને લંડનમાં થશે. મોનાલિસાના ભાગનું શૂટિંગ માર્ચના અંત અથવા એપ્રિલમાં શરૂ થશે. મિશ્રાએ કહ્યું- હવે અમારી ટીમ મોનાલિસાને મૂળભૂત બાબતો શીખવશે. આ એક પડકારજનક કાર્ય હશે, જેનો અમે સ્વીકાર કર્યો છે. હું મારી જાતને પણ તૈયાર કરી રહ્યો છું. મારા પરિવારે પણ ક્યારેય વિચાર્યું ન હતું કે હું ફિલ્મો કરીશ પણ હું કામ કરી રહી છું.

'બંજારા સમાજના સપનાને લોન્ચ કરવા જઈ રહ્યો છું' સનોજે આગળ કહ્યું- હું પ્રયાગરાજમાં મોનાલિસાના પિતા જયસિંહ ભોસલેને મળ્યો હતો. મેં તેને ફિલ્મમાં કામ અપાવવાની વાત કરી હતી, પરંતુ થોડા દિવસો પછી મને ખબર પડી કે તેઓ મહેશ્વર પરત ફર્યા છે. મેં આજે તેના પરિવાર સાથે ત્રણ કલાક વિતાવ્યા.

હું આ છોકરીને દેશ અને દુનિયામાં બતાવવા માંગુ છું. હું તેની સંસ્કૃતિને વધુ સારી જગ્યાએ લઈ જવા માંગુ છું. હું બંજારા સમાજના સપનાને લોન્ચ કરવા જઈ રહ્યો છું.


ખાસ બનવા માટે બહાર જવાની જરૂર નથી સનોજે કહ્યું- અમારા યુનિટમાંથી ચાર લોકોની ટીમ મહેશ્વર આવી હતી. હું મુંબઈથી અહીં આવ્યો છું. મોનાલિસા અને તેના પિતા જયસિંહ ભોસલે સાથે ત્રણ કલાક સુધી ચર્ચા કરી. પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ જગદીશ ગોયલને પણ મળ્યા હતા. દેશમાં વધી રહેલી અશ્લીલતા વચ્ચે એક છોકરી પોતાની સાદગીથી રાતોરાત ફેમસ થઈ જાય છે.

મને તેની સાદગી પસંદ આવી તેથી મેં તેને આ પ્લેટફોર્મ આપ્યું. મોનાલિસાએ સાબિત કરી દીધું છે કે ખાસ બનવા માટે બહાર જવાની જરૂર નથી.

થિયેટર કલાકાર અમિત રાવ આ ફિલ્મથી ડેબ્યૂ કરશે સનોજ મિશ્રાએ કહ્યું- અમિત રાવ ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર' દ્વારા ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરી રહ્યો છે. રંગભૂમિની દુનિયામાં તે એક મોટું નામ છે. સનોજ મિશ્રા ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મના લેખક, નિર્માતા અને નિર્દેશક સનોજ મિશ્રા છે. ફિલ્મના સહ-નિર્માતા યામીન ખાન, જાવેદ દેવરિયા વાલે, ધીરેન્દ્ર ઠાકુર અને સંજય કુમાર છે. આ ફિલ્મના પ્રમોટર સંજય ભૂષણ પટિયાલા છે. આ ફિલ્મમાં અમિત રાવ ઉપરાંત દેશના પ્રખ્યાત યોગ શિક્ષક માનસી ગુલાટી અને ભજન સમ્રાટ અનૂપ જલોટા પણ ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મની બાકીની કાસ્ટની પસંદગી ચાલુ છે.

# 'માતા-પિતાના છૂટાછેડાથી શરમ અનુભવતો હતો'

## વીર પહાડિયાએ કહ્યું- લોકોથી દૂર રહેતો હતો, આવું કોઈની સાથે ન થવું જોઈએ...



(એજન્સી) મુંબઈ | તા.30

વીર પહાડિયાએ તાજેતરમાં જ ફિલ્મ 'સ્કાય ફોર્સ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે. હવે તેણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે જ્યારે તેના માતા-પિતાના છૂટાછેડા થયા ત્યારે તે ખૂબ જ શરમ અનુભવતો હતો.

સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં વીર પહાડિયાએ તેના માતા-પિતાના છૂટાછેડા વિશે વાત કરી હતી. તેણે કહ્યું, જ્યારે માતા-પિતા અલગ થઈ જાય છે, તે કોઈપણ બાળક માટે અઘરું છે. તે સમયે કોઈ સોશિયલ મીડિયા ન હતું, તેથી મને સમજાયું નહીં કે શું થઈ રહ્યું છે. તે બાળપણમાં ખૂબ જ વિચિત્ર હતું. અખબારો હંમેશા તેના કોર્ટ કેસ વિશે લખતા હતા અને બધું ઈન્ટરનેટ પર હતું. હું સ્કૂલે જવામાં શરમાતો હતો અને મારા મિત્રો પણ નહોતા. હું લોકોથી દૂર રહેતો હતો અને ખૂબ જ નર્વસ હતો. હું નથી ઈચ્છતો કે આવું કોઈની સાથે થાય.


વીરે આગળ કહ્યું, 'મને લાગે છે કે દરેકના જીવનમાં એવો સમય આવે છે જ્યારે તે મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. આપણે તેના વિશે વાત કરવી જોઈએ. થેરાપી અને એક્ટિંગ ક્લાસે મને ઘણી મદદ કરી. હું હજુ પણ પ્રેમ અને લગ્નમાં માનું છું.

વીર પહાડિયાના કહેવા પ્રમાણે, તેણે તેના પિતાને વધારે જોયા નહોતા, પરંતુ હવે તે બંને ખૂબ જ નજીક છે. પતિ-પત્ની તરીકે તેમના માતા-પિતાના સંબંધો એટલા સારા ન હોવા છતાં, તેઓ બંને ખૂબ જ સારા માતાપિતા રહ્યા છે.

ફિલ્મ 'સ્કાય ફોર્સ' 24 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી 'સ્કાય ફોર્સ' ફિલ્મમાં અક્ષય કુમારે વિંગ કમાન્ડર કે.ઓ. આહુજાનું પાત્ર ભજવ્યું છે. વીર પહાડિયાએ ટી.વિજયાની ભૂમિકા ભજવી છે. ફિલ્મમાં સારા અલી ખાન વીરની પત્ની તરીકે જોવા મળી રહી છે, જ્યારે નિમરત કૌર અક્ષયની પત્નીની ભૂમિકામાં છે. આ ફિલ્મ 24 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી.

# મુંબઈમાં શાહરૂખખાનનો અન્ય ફ્લેટ રિડેવલપમેન્ટમાં જશે...

## મન્નત બંગલા સિવાય પણ બાંદરામાં ફ્લેટ છે શાહરૂખ અનેક વર્ષો સુધી આ ફ્લેટનો ઉપયોગ ઓફિસ તરીકે કરતો હતો



મુંબઈ : શાહરુખ ખાન મુંબઈના બાંદરામાં સમુદ્ર કિનારે જ મન્નત નામનો ભવ્ય બંગલો ધરાવે છે તે જાણીતું છે. જોકે, શાહરુખનો તે સિવાય નજીકમાં જ કાર્ટર રોડ પર પણ એક ફ્લેટ છે. આ ફ્લેટ હવે રિડેવલમેન્ટમાં જવાનો છે. કાર્ટર રોડ પર શ્રી અમૃત સોસાયટી બિલ્ડિંગમાં શાહરુખનો ટેરેસ ફ્લેટ છે. અનેક વર્ષો સુધી શાહરુખ આ ફ્લેટનો ઉપયોગ ઓફિસ તરીકે કરતો હતો. શાહરુખે લગ્ન પછી તરત આ ફ્લેટ ખરીદ્યો હતો. આથી, તેની ભાવનાઓ આ ફ્લેટ સાથે જોડાયેલી છે. આ ફ્લેટમાં તે રહેતો ન હોવા છતાં તેણે તે વેલ મેઈનટેન્ડ રાખ્યો છે અને તેને ભાડા પર પણ આપ્યો નથી. કાર્ટર રોડ પરના બિલ્ડિંગની જગ્યાનો ભાવ એક લાખ રૂપિયા ચોરસ ફૂટ આસપાસ ગણાય છે. શાહરુખને રિડેવલપમેન્ટમાં હાલની સાઈઝ કરતાં બમણી સાઈઝનો ફ્લેટ મળી શકે છે.

ફિલ્મનું શૂટિંગ શરુ, આવતાં વર્ષે રીલિઝ થશે

# અક્ષય-તબુની ભૂત બંગલામાં મિથિલા પાલકરની પણ એન્ટ્રી



મુંબઈ : અક્ષય કુમાર અને તબુની ફિલ્મ 'ભૂત બંગલા'માં મિથિલા પાલકરની પણ એન્ટ્રી થઈ છે. તે ફિલ્મમાં અક્ષયની બહેનનો રોલ ભજવવાની છે. મિથિલાએ આ ફિલ્મનાં શૂટિંગ માટે પચ્ચીસ દિવસ ફાળવ્યા છે. ફિલ્મનું શૂટિંગ હાલ શરુ થઈ ચૂક્યું છે. આવતાં વર્ષે એપ્રિલમાં આ ફિલ્મ રીલિઝ કરવાનું પ્લાનિંગ છે. મિથિલાએ મરાઠી ફિલ્મોથી કારકિર્દી શરુ કરી છે. તે પછી તે ઓટીટી પર કેટલાક શો તથા ફિલ્મોમાં દેખાઈ ચૂકી છે. ઓટીટી પર રીલિઝ થયેલી ફિલ્મ 'ચોપસ્ટીક્સ'થી તે વધારે જાણીતી બની છે. આ ફિલ્મ દ્વારા પ્રિયદર્શન લાંબા સમય પછી કોમેડી જોનરમાં પુનરાગમન કરી રહ્યો છે.

અક્ષય કુમાર અને તબુ ૧૪ વર્ષ પછી કોઈ ફિલ્મમાં સાથે દેખાવાનાં છે.

ફિલ્મના અન્ય કલાકારોમાં પરેશ રાવલ, અસરાની તથા રાજપાલ યાદવનો પણ સમાવેશ થાય છે.



# શ્રુતિ હાસનનું હોલિવૂડમાં ડેબ્યૂ...!

(એજન્સી) મુંબઈ | તા.30

તેલુગુ, તમિલ અને હિન્દી ફિલ્મોમાં કામ કર્યા બાદ શ્રુતિ હાસન હવે હોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. એક્ટ્રેસ ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ 'ધ આઈ'માં જોવા મળશે. હાલમાં જ શ્રુતિએ તેનો 39મો જન્મદિવસ ઉજવ્યો હતો. તેના જન્મદિવસના ખાસ અવસર પર ફિલ્મમેકર્સે ફર્સ્ટ લુક જાહેર કર્યો છે.




'ધ આઈ' ફિલ્મનો શ્રુતિનો ફર્સ્ટ લુક રિલીઝ એક્ટ્રેસનો ફર્સ્ટ લુક શેર કરતા, ફિલ્મના ડિરેક્ટર ડેફને શ્મોને ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લખ્યું - 'હેપ્પી બર્થડે, અદભૂત અને બહાદુર શ્રુતિ હાસન, અમારી ડાયના. લંડન, ગ્રીસ, અમેરિકા અને ભારતમાં દરેક વ્યક્તિ તમને પ્રેમ કરે છે અને હંમેશા આ ખાસ દિવસે તમને ઉજવવા માગે છે. આ ફિલ્મમાં હોલિવૂડ એક્ટર માર્ક રાઉલી પણ છે શ્રુતિ હાસન ફિલ્મ ધ આઈમાં ડાયનાના રોલમાં જોવા મળશે. ફર્સ્ટ લુક પોસ્ટરમાં એક્ટ્રેસ વાદળી રંગના હાઈ-નેક સ્વેટરમાં ગંભીર પોઝ આપતી જોવા મળે છે. આ સાયકોલોજિકલ થ્રિલરમાં શ્રુતિની સાથે હોલિવૂડ એક્ટર માર્ક રાઉલી, હોલિવૂડ એક્ટ્રેસ લિન્ડા માર્લો અને પેરુ કેવેલેરી પણ મુખ્ય ભૂમિકામાં છે.શ્રુતિ એક યુવા વિધવાના રોલમાં જોવા મળશે ફિલ્મની વાર્તા એક યુવા વિધવા પર આધારિત છે. જે તેના પતિની અસ્થીઓનું વિસર્જન કરવા તે જ ટાપુ પર પાછી આવે છે જ્યાં તેના પતિનુ મૃત્યુ થયું હતું.

ફિલ્મ 'ધ આઈ'ને પ્રશંસા મળી આ ફિલ્મ 12 ઓક્ટોબર 2023ના રોજ લંડન ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ અને ગ્રીક ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવામાં આવી હતી. ફિલ્મને ઘણી પ્રશંસા મળી છે.

ફિલ્મ 'ધ આઈ' સિવાય શ્રુતિ હાસન તેની આગામી ફિલ્મ કુલીમાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન લોકેશ કનાગરાજે કર્યું છે. કુલી ફિલ્મમાં સુપરસ્ટાર રજનીકાંત, નાગાર્જુન, સૌબિન શાહીર, ઉપેન્દ્ર, સત્યરાજ, રેબા મોનિકા જોન અને જુનિયર એમજીઆર પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

**યંગ વિડોની ભૂમિકામાં દેખાશે, એક્ટર માર્ક રાઉલી સાથે સ્ક્રિન શેર કરશે...**

# એમેઝોન એમએક્સ પ્લેયરની સ્ટ્રીમનેક્સ્ટ ઈવેન્ટ ભારતમાં મફત મનોરંજનના ભવિષ્યને દર્શાવે છે




(એજન્સી) મુંબઈ | તા.30

એમેઝોન એમએક્સ પ્લેયરની - સ્ટ્રીમનેક્સ્ટ ઈવેન્ટની પ્રથમ આવૃત્તિમાં સર માર્ટિન સોરેલ, બેનેડિક્ટ ઈવાન્સ અને અગ્રણી મનોરંજન ઉદ્યોગની હસ્તીઓ જેવા વૈશ્વિક માર્કેટિંગ નેતાઓનો સમાવેશ થતો હતો. સ્ટાર-સ્ટડેડ ઈવેન્ટમાં ભારતમાં સામગ્રી વપરાશના વિકસતા લેન્ડસ્કેપ અને કેવી રીતે એમેઝોન એમએક્સ પ્લેયર મજબૂત અને યાદગાર બ્રાન્ડ બનાવવા માટે જાહેરાતકર્તાઓ માટે પરિવર્તનશીલ ભાગીદાર બની રહ્યું છે તે દર્શાવવામાં આવ્યું હતું. બોબી દેઓલ (આશ્રમ 3), સુનિલ શેટ્ટી અને જેકી શ્રોફ (હન્ટર 2), રેમો ડિસોઝા અને મલાઈકા અરોરા (હિપ હોપ ઈન્ડિયા 2), અશ્નીર ગ્રોવર (રાઈઝ એન્ડ ફોલ) અને અન્ય કલાકારોના શાનદાર અભિનય વચ્ચે, એમેઝોન એમએક્સ પ્લેયરે 2025 માટે 100 થી વધુ નવા શોની તેની નોંધપાત્ર શ્રેણી રજૂ કરી. 'આજનો મેળાવડો એમેઝોન એમએક્સ પ્લેયરની વિશાળ પહોંચને એકસાથે લાવવા વિશે છે, જેમાં એમેઝોનના અબજો ગ્રાહક સંકેતોનો લાભ લેતી જાહેરાત તકનીકનો સમાવેશ થાય છે,' એમેઝોન એડ્સ ઈન્ડિયાના વડા ગિરીશ પ્રભુએ જણાવ્યું. 'તે ફક્ત એમેઝોન પર વેચાણ કરતી બ્રાન્ડ્સ જ નહીં, પણ તમામ બ્રાન્ડ્સને ભારતમાં 250 મિલિયનથી વધુ અનન્ય વપરાશકર્તાઓ સુધી સંબંધિત જાહેરાતો પહોંચાડવા અને પહોંચાડવા સક્ષમ બનાવવા વિશે છે. તે ફનલની ટોચથી ખૂબ જ નીચે સુધી પરિણામોને સીધા માપવા વિશે છે. સંપૂર્ણ ફનલ જાહેરાત અહીં છે!' હિટ ઓરિજિનલ્સ, રિયાલિટી શો અને એમએક્સ વેદેસીની સામગ્રી સાથે જેમાં કે-ડ્રામા, મેન્ડરિન, ટર્કિશ શો અને વધુનો સમાવેશ થાય છે, એમેઝોન એમએક્સ પ્લેયર ભારતના સૌથી મોટા મનોરંજન સ્થળોમાંનું એક છે.




# 'હમ સાથ સાથ હૈ'માં માધુરી રિજેક્ટ થયેલી...!

## સૂરજ બડજાત્યાએ કહ્યું- મારે માધુરીને સલમાનની ભાભી નહોતી બનાવવી, ઋષિ કપૂરે પણ આ ફિલ્મ રિજેક્ટ કરી હતી

(એજન્સી) મુંબઈ | તા.30

1999માં રિલીઝ થયેલી મલ્ટિ-સ્ટારર ફિલ્મ હમ સાથ સાથ હૈ બ્લોકબસ્ટર હતી. માધુરી દીક્ષિત પણ આ ફિલ્મમાં કામ કરવા માંગતી હતી, પરંતુ તેની જગ્યાએ સૂરજ બડજાત્યાએ તબ્બુને કાસ્ટ કરી હતી. હવે તેણે માધુરીને ફિલ્મમાં ન લેવાનું કારણ આપ્યું છે. ડિરેક્ટરના કહેવા પ્રમાણે, તે નહોતો ઈચ્છતો કે માધુરી ફિલ્મમાં સલમાન ખાનની ભાભીનો રોલ કરે.

તાજેતરમાં, રેડિયો નશાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં, સૂરજ બડજાત્યાએ માધુરી દીક્ષિતને 'હમ સાથ સાથ હૈ'માં કાસ્ટ ન કરવાનું કારણ આપ્યું હતું. તેણે કહ્યું, હકીકત એ છે કે મને માધુરીનો ફોન આવ્યો હતો. માધુરીએ કહ્યું હતું કે હું આ ફિલ્મ કરવા માટે તૈયાર છું. મેં માધુરીને કહ્યું કે હું પહેલીવાર પુરુષ પ્રભુત્વ ધરાવતી પિક્ચર બનાવી રહ્યો છું. જો હું તને સલમાનની સામે કાસ્ટ કરું તો રોલ નાનો છે અને જો હું તને મોહનીશ બહલ સાથે કાસ્ટ કરું તો તું સલમાનની ભાભી બનીશ. માધુરી એટલી અદ્ભુત વ્યક્તિ છે કે તેણે મને કહ્યું કે તેનાથી કોઈ ફરક પડતો નથી. મને તેની સાથે કામ કરવાનું ગમ્યું હોત. પરંતુ મેં કહ્યું કે મને આ કાસ્ટિંગ કમ્ફર્ટેબલ નથી લાગતું.

**ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'ના કાસ્ટિંગમાં સૂરજ બડજાત્યાએ વધુમાં કહ્યું કે,** સલમાન તે સમયે સ્ટાર હતો. જો મેં માધુરીને તેની સાથે કાસ્ટ કરી હોત તો શું જનતા તેને તેની ભાભી તરીકે સ્વીકારશે? આવી સ્થિતિમાં અમે તબ્બુને કાસ્ટ કરી છે.

સોનાલી બેન્દ્રે પહેલાં રવિના ટંડનને આ રોલ ઓફર કરવામાં આવ્યો હતો 'હમ સાથ સાથ હૈ' ફિલ્મમાં પ્રીતિની ભૂમિકા ભજવવાની પહેલી ઓફર રવિના ટંડનને આપવામાં આવી હતી. જો કે રવિના તે સમયે મલ્ટી સ્ટારર ફિલ્મ કરવા માગતી ન હતી. આવી સ્થિતિમાં સોનાલી બેન્દ્રેને પાછળથી કાસ્ટ કરવામાં આવી હતી. જ્યારે મોહનીશ બહલ પહેલાં વિવેકનો રોલ અનિલ કપૂર અને બાદમાં ઋષિ કપૂરને ઓફર કરવામાં આવ્યો હતો. બંનેએ આ ભૂમિકાને નકારી કાઢી, ત્યારે જ મોહનીશ ઓનબોર્ડ આવ્યો. વિવેકની પત્ની સાધનાના રોલ માટે પહેલા માધુરી દીક્ષિત અને પછી મનીષા કોઈરાલાના નામની ચર્ચા થઈ હતી.

# કુલદીપ યાદવનો યુપી રણજી ટીમમાં સમાવેશ

## જર્મનીમાં પીઠની સર્જરી કરાવી હતી; 3 મહિના સુધી ક્રિકેટથી દૂર રહ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 30

ભારતીય સ્પિનર કુલદીપ યાદવ 30 જાન્યુઆરીથી મધ્યપ્રદેશ સામે રણજી ટ્રોફી મેચ રમતા જોવા મળશે. તેને યુપીની રણજી ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. UPCAએ બુધવારે આ મેચ માટે ટીમની જાહેરાત કરી છે. આ મેચ ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાશે. 30 વર્ષના કુલદીપની પીઠની સર્જરી જર્મનીમાં થઈ છે. તે છેલ્લા 3 મહિનાથી ક્રિકેટથી દૂર છે. કુલદીપે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ન્યૂઝીલેન્ડ સામે બેંગલુરુમાં રમી હતી. સર્જરીના કારણે તે ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ગયો ન હતો. કુલદીપે 27મી જાન્યુઆરીએ X પોસ્ટમાં રિકવરી અપડેટ આપી હતી. તેણે લખ્યું- 'રિકવરી માટે એક ટીમની જરૂર પડે છે. પડદા પાછળ કરવામાં આવેલ તમામ કાર્ય માટે NCA અને તેમની ટીમનો આભાર.' કુલદીપે આ ફોટો 27 જાન્યુઆરીએ પોસ્ટ કર્યો હતો. કુલદીપે આ ફોટો 27 જાન્યુઆરીએ પોસ્ટ કર્યો હતો. કુલદીપ ઉપરાંત અનુભવી બેટર વિરાટ કોહલી દિલ્હી માટે, કેએલ રાહુલ કર્ણાટક માટે અને મોહમ્મદ સિરાજ હૈદરાબાદ માટે રણજી મેચ રમતા જોવા મળશે. આ પહેલા ભારતીય કેપ્ટન રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ અને રિષભ પંત જેવા ભારતીય ખેલાડીઓએ રણજી ટ્રોફી મેચમાં ભાગ લીધો હતો. કુલદીપ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમમાં છે કુલદીપ યાદવને 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. BCCIએ તેને 11 દિવસ પહેલા ICC ટgર્નામેન્ટ માટે ભારતીય ટીમમાં સામેલ કર્યો હતો. તેને ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જોકે તે T20 ટીમનો ભાગ નથી.




### કોહલીને ફ્રીમાં રમતો જોવો હોય તો સાથે રાખો આ ડોક્યુમેન્ટ

ટીમ ઈન્ડિયાનો દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી લાંબા સમય બાદ ઘરેલુ ક્રિકેટમાં વાપસી કરવા જઈ રહ્યો છે. તેણે છેલ્લા 13 વર્ષથી કોઈ ડોમેસ્ટિક મેચ રમી નથી. વિરાટ કોહલી 2024-25ની રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમતા જોવા મળશે. જ્યાં દિલ્હીનો મુકાબલો રેલવેની ટીમ સાથે થશે. રણજી ટ્રોફીના ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચો 30 જાન્યુઆરીથી શરૂ થવા જઈ રહી છે. દિલ્હી અને રેલવેની ટીમો વચ્ચેની આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. DDCA વિરાટની ઘરેલુ ક્રિકેટમાં વાપસી માટે ખાસ તૈયારીઓ કરી રહ્યું છે. અરુણ જેટલી સ્ટેડિયમ આ મેચ દરમિયાન 10,000 પ્રશંસકોનું આયોજન કરવા જઈ રહ્યું છે.

# બેટિંગમાં તિલક વર્મા બીજા સ્થાને પહોંચ્યો

(એજન્સી) દુંબઈ તા 30

ભારતીય બેટર તિલક વર્મા T-20ના ટોપ-2 બેટર બની ગયા છે. બુધવારે જાહેર કરવામાં આવેલી ICC રેન્કિંગમાં તે બીજા સ્થાને આવી ગયો છે. આટલું જ નહીં, વરુણ ચક્રવર્તીએ 25 સ્થાનની છલાંગ લગાવીને ટોપ-5 બોલર્સમાં સ્થાન મેળવ્યું છે. 22 વર્ષીય તિલક વર્મા હવે માત્ર ટ્રેવિસ હેડથી પાછળ છે. હેડ 855 રેન્કિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે. જ્યારે તિલક વર્માના 832 રેન્કિંગ પોઈન્ટ છે. T-20 બોલરોની રેન્કિંગમાં વરુણ ચક્રવર્તીના 679 પોઈન્ટ છે. તે 30મા સ્થાને હતો. તેણે ઈંગ્લેન્ડ સામેની T-20 શ્રેણીની ત્રીજી મેચમાં 5 વિકેટ ઝડપી હતી. આનો લાભ તેને મળ્યો. આ મેચમાં તિલક વર્માએ 14 બોલમાં 18 રન બનાવ્યા હતા. તેણે બીજી T-20માં 72 રનની અણનમ ઈનિંગ રમી હતી. હકીકતમાં, ભારત-ઈંગ્લેન્ડ T-20 શ્રેણીમાં 2 મેચ બાકી છે. આગામી મેચ 31 જાન્યુઆરીએ પુણેમાં રમાશે. ત્યારબાદ સિરીઝની છેલ્લી મેચ 2 ફેબ્રુઆરીએ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. આ મેચમાં તિલક પાસે ટ્રેવિસ હેડને પાછળ છોડવાની તક છે.તિલક વર્મા પાસે વિશ્વનો સૌથી યુવા નંબર-1 T20 બેટર બનવાની તક છે. તેમની ઉંમર 22 વર્ષ 82 દિવસ છે. આ રેકોર્ડ બાબર આઝમના નામે નોંધાયેલો છે. બાબર 23 વર્ષ 105 દિવસની ઉંમરે T20નો નંબર-1 બેટર બન્યો હતો. સૌથી વધુ રેન્કિંગ પોઈન્ટ સાથે ભારતીય બેટર્સની યાદીમાં તિલક (832 રન) ચોથા સ્થાને છે. સૂર્યકુમાર યાદવ, વિરાટ કોહલી અને કેએલ રાહુલે તેમના કરતા વધુ રેન્કિંગ પોઈન્ટ્સ હાંસલ કર્યા છે.




વરુણ ચક્રવર્તી 30મા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચી ગયો

# ઓસ્ટ્રેલિયાના બેટર સ્મિથે ટેસ્ટમાં 10 હજાર રન પૂરા કર્યા



(એજન્સી)ઓસ્ટ્રેલિયા તા 30

ઓસ્ટ્રેલિયાના અનુભવી બેટર સ્ટીવ સ્મિથે ટેસ્ટ ક્રિકેટમાં 10 હજાર રન પૂરા કર્યા છે. તેણે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે 1 રન બનાવીને 10 હજાર રનનો આંકડો હાંસલ કર્યો હતો. ગાલેમાં ચાલી રહેલી મેચના પ્રથમ સ્ટમ્પ સુધી ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં 330/2 રન બનાવ્યા છે. સ્ટીવ મ સ્ટમ્પ સુધી ઓસ્ટ્રેલિયાએ સ્મિથ 104 અને ઉસ્માન ખ્વાજા 147 રન બનાવીને નોટઆઉટ પરત ફર્યા હતા. ઓપનર ટ્રેવિસ હેડ 57 રન બનાવીને આઉટ થયા હતા અને માર્નસ લાબુશેન 20 રન બનાવીને આઉટ થયા હતા. શ્રીલંકા તરફથી પ્રબથ જયસૂર્યા અને જેફ્રી વાન્ડરસેએ એક-એક વિકેટ લીધી હતી. 10 હજાર રન બનાવનાર ત્રીજો ઓસ્ટ્રેલિયન સ્ટીવ સ્મિથ ટેસ્ટ ક્રિકેટમાં 10 હજાર રન બનાવનાર વિશ્વનો 15મો બેટર બન્યો છે. આવું કરનાર તે ચોથો ઓસ્ટ્રેલિયન બેટર બની ગયો છે. તેના પહેલા પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ (13378 રન), એલન બોર્ડર (11174 રન) અને સ્ટીવ વો (10927 રન) આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.તેણે ટ્રેવિસ હેડને ચંદીમલના હાથે કેચ કરાવ્યો. જે બાદ બેટિંગ કરવા આવેલા માર્નસ લાબુશેન 20 રન બનાવીને આઉટ થયો હતો.

**હેડ-ખ્વાજા વચ્ચે 92 રનની ઓપનિંગ ભાગીદારી :** ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટ્રેવિસ હેડ અને ઉસ્માન ખ્વાજાની ઓપનિંગ જોડીએ કેપ્ટન સ્ટીવ સ્મિથનો નિર્ણય સાચો સાબિત કર્યો. બંનેએ 92 રનની ભાગીદારી કરી હતી. આ ભાગીદારી પ્રબથ જયસૂર્યાએ તોડી હતી. તેણે ટ્રેવિસ હેડને ચંદીમલના હાથે કેચ કરાવ્યો. જે બાદ બેટિંગ કરવા આવેલા માર્નસ લાબુશેન 20 રન બનાવીને આઉટ થયો હતો. તે ડી સિલ્વાના હાથે જ્યોફ્રી વેન્ડરસેની બોલિંગમાં કેચ થયો હતો.

# જ્યોફ એલાર્ડિસે ICC CEO પદેથી રાજીનામું આપ્યું

(એજન્સી) દુંબઈ તા 30

જ્યોફ એલાર્ડિસે ICCના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) પદ પરથી રાજીનામું આપી દીધું છે. એલાર્ડીસ ચાર વર્ષ સુધી આ પદ પર રહ્યા. 2020માં મનુ સાહનીને પદ પરથી હટાવ્યા પછી એલાર્ડિસે આઠ મહિના માટે વચગાળાના ધોરણે આ પદ પર સેવા આપી હતી. આ પછી, નવેમ્બર 2021માં તેમની આ પદ પર નિમણૂક કરવામાં આવી હતી. તેમણે નવા પડકારોનો સામનો કરવાની ઈચ્છા દર્શાવી હતી. તેઓ 2012થી ICCમાં કામ કરી રહ્યા હતા. શરૂઆતમાં ક્રિકેટના જનરલ મેનેજર તરીકે, તે પહેલા તેમણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયામાં પણ કામ કર્યું હતું. અમે પ્રાપ્ત કરેલા તમામ લક્ષ્યો પર મને ગર્વ છે એલાર્ડિસે કહ્યું, 'ICCના CEO તરીકે કામ કરવું મારા માટે ગર્વની વાત છે. આ સમય દરમિયાન અમે જે લક્ષ્યો હાંસલ કર્યા છે તેના પર મને ગર્વ છે, પછી ભલે તે ક્રિકેટને વૈશ્વિક સ્તરે લઈ જવાનો હોય કે પછી ICC સભ્યોને નાણાકીય લાભ આપવાનો હોય.' તેમણે આગળ કહ્યું, 'છેલ્લા 13 વર્ષોમાં મને અપાર સમર્થન માટે હું ICC પ્રમુખ, બોર્ડના તમામ સભ્યો અને સમગ્ર ક્રિકેટ જૂથનો આભારી છું. મને વિશ્વાસ છે કે આવનારો સમય ક્રિકેટ માટે રોમાંચક હશે અને હું વૈશ્વિક ક્રિકેટ જૂથને આ માટે શુભેચ્છા પાઠવું છું.' ICC ચેરમેન જય શાહે વખાણ દ્વારા એલર્ડાઈસની પ્રશંસા કરવામાં આવી છે. શાહે કહ્યું, 'ICC બોર્ડ વતી હું જ્યોફના યોગદાન બદલ તેમનો આભાર વ્યક્ત કરવા માગુ છું.

# 22 ફેબ્રુઆરીથી ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગની પ્રથમ સિઝન

(એજન્સી) નવી દિલ્હી તા 30

ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ (IML)ની પ્રથમ સિઝન 22 ફેબ્રુઆરીથી શરૂ થશે. પ્રથમ મેચ સચિન તેંડુલકરની કપ્તાનીવાળી ભારતીય ટીમ અને કુમાર સંગાકારાના નેતૃત્વમાં શ્રીલંકાની ટીમ વચ્ચે થશે. આ સિઝનમાં 6 ટીમ ભાગ લઈ રહી છે, જેમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝનો સમાવેશ થાય છે. આ તમામ ટીમની મેચ નવી મુંબઈ, રાજકોટ અને રાયપુરમાં રમાશે. IMLમાં કુલ 6 ટીમ ભાગ લઈ રહી છે.

IML ક્રિકેટ માટે નવી ઉજવણી: તેંડુલકર ટુર્નામેન્ટમાં ભારતની કેપ્ટનશુપ કરી રહેલા સચિન તેંડુલકરે કહ્યું કે આંતરરાષ્ટ્રીય માસ્ટર્સ લીગ ક્રિકેટના મહાન ખેલાડીઓ માટે નવા તહેવાર તરીકે ઉજવવામાં આવશે. હું લીગમાં મારા સાથી ખેલાડીઓ સાથે રમવા માટે રાહ જોઈ શકતો નથી. હું જાણું છું કે દિગ્ગજોથી ભરેલી આ ટીમ સખત મહેનત કરશે.



લીગમાં જૂની રાઈવલરી જોવા મળશેઃ સંગાકારા શ્રીલંકન ટીમના કેપ્ટન કુમાર સંગાકારાએ કહ્યું કે, IML જૂના ક્રિકેટરો માટે ફરી એકવાર પોતાની રમત બતાવવાની સારી તક છે. લીગમાં જુદી જુદી ટીમની જૂની હરીફાઈ જોવા મળશે. ઘણા મહાન ખેલાડીઓ સાથે આ ઐતિહાસિક લીગનો ભાગ બનવું ખૂબ જ સારું લાગે છે. IMLના લાઈવ ટેલિકાસ્ટ પર બોલતા, જિયો સ્ટારના હેડ સિનેપ્લેક્સ સુપરહિટ્સ તેમજ ડિઝની+હોટસ્ટાર પર ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગની પ્રથમ સિઝન ટેલિકાસ્ટ કરવામાં આનંદ થાય છે.

**Disney+Hotstar જીવંત પ્રસારણ કરશે :** ડિઝની ગ્રૂપના ડાયરેક્ટર જહાન મહેતાએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં જિયો સ્ટાર સાથે ભાગીદારી કરવા બદલ અમે સન્માનિત છીએ. અમને કોઈ શંકા નથી કે Jio Star, તેના ગેમ ટેલિકાસ્ટ અનુભવ સાથે, વિશ્વભરના દર્શકો માટે લીગને યાદગાર બનાવશે.

# અમદાવાદમાં ક્યારે રમાશે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મેચ ?

(એજન્સી) અમદાવાદ તા 30

રાજકોટ બાદ હવે ભારત અને ઈંગ્લેન્ડ પાંચ મેચની T20 સીરિઝ રમશે અને ત્યારબાદ ત્રણ મેચની ODI સીરિઝ રમશે. પહેલા T20 સીરિઝ રમાશે અને ત્યારબાદ ODI સીરિઝનું આયોજન કરવામાં આવશે. તો ચાલો જોઈએ અમદાવાદમાં ક્યારે વનડે મેચ રમાશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટી20 સીરિઝ ચાલું છે. આ સીરિઝમાં ભારતીય ટીમ આગળ છે. ટી20 સીરિઝ બાદ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વનડે મેચ રમાશે.જેમાંથી એક વનડે મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટી20 સીરિઝ ચાલું છે. ટીમ ઈન્ડિયાએ સીરિઝમાં પહેલા જ લીડ મેળવી છે. ત્રીજી ટી20 મેચ 28 જાન્યુઆરીના રોજ રાજકોટમાં રમાય હતી. આ મેચમાં ભારતીય ટીમની હાર થઈ હતી. સીરિઝની પહેલી T20 મેચ 22 જાન્યુઆરીએ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી, જેમાં ભારતે ઈંગ્લેન્ડને 7 વિકેટથી હરાવ્યું હતું. બીજી T20 મેચ 25 જાન્યુઆરીએ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ બે વિકેટથી જીત મેળવી હતી. ત્રીજી મેચ રાજકોટમાં રમાય હતી. જેમાં ઈંગ્લેન્ડની ટીમે ભારતને 26 રનથી હાર આપી હતી. ઈંગ્લેન્ડે રાજકોટ મેચ જીતીને સિરીઝ 1-2 પર લાવી દીધી છે. ત્રીજી ફેબ્રુઆરી - પહેલી વનડે, નાગપુર (ભારતીય સમય મુજબ બપોરે 1:30 વાગ્યે), 9 ફેબ્રુઆરી - બીજી વનડે, કટક (ભારતીય સમય મુજબ બપોરે 1: 30 વાગ્યે),12 ફેબ્રુઆરી - ત્રીજી વનડે, અમદાવાદ (ભારતીય સમય મુજબ બપોરે 1:30 વાગ્યે)

# IPL 2025 પહેલા આ ટીમે લોન્ચ કરી હતી પોતાની નવી જર્સી, જાણો શું છે ખાસ?

(એજન્સી) રાજસ્થાન તા 30

રાજસ્થાન રોયલ્સે આઈપીએલ 2025 માટે પોતાની તૈયારીઓ શરુ કરી દીધી છે. તેમણે સોશિયલ મીડિયા પર 29 જાન્યુઆરીના રોજ આગામી આઈપીએલ સીઝનને લઈ પોતાની નવી જર્સી લોન્ચ કરી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ એટલે કે, આઈપીએલની 18મી સીઝનની શરુઆત માર્ચના ત્રીજા અઠવાડિયાથી શરુ થશે. જેને લઈ તમામ 10 ફ્રેન્ચાઈઝીઓએ પોતાની તૈયારી શરુ કરી દીધી છે. વર્ષ 2024ના અંતમાં મેગા ઓક્શન યોજાયું હતુ. ત્યારબાદ દરેક ટીમમાં મોટા ફેરફાર જોવા મળ્યા છે. આઈપીએલની પહેલી સીઝનની વિજેતા ટીમ રાજસ્થાન રોયલ્સની ટીમે પણ ટીમમાં ફેરફાર કર્યા છે. તેમણે આઈપીએલ 2025 સીઝન માટે નવી જર્સી લોન્ચ કરી છે. જેમાં કાંઈ વધુ બદલાવ જોવા મળ્યો નથી. રાજસ્થાન રોયલ્સની ટીમ તરફથી આઈપીએલ 2025ને લઈ લોન્ચ કરેલી પોતાની નવી જર્સીના વીડિયોમાં ગુલાબી નગરીની




ઝલક જોવા મળી હતી. ફ્રેન્ચાઈઝીએ એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. નવી જર્સીમાં ઈતિહાસની ઝલક જોવા મળશે.સંજુ સેમસનની કેપ્ટનશીપમાં આગીમી સીઝનમાં રમનારી રાજસ્થાન રોયલ્સની ટીમ છેલ્લી 2 સીઝનથી સારું પ્રદર્શન જોવા મળી રહ્યું છે પરંતુ ટીમ બીજી વખત ખિતાબ જીતવાનું પોતાનું સપનું પૂર્ણ કરવામાં સફર રહી નથી. આઈપીએલ 2025માં તેની ટીમમાં કેટલાક ફેરફાર જોવા મળશે. જોફ્રા આર્ચર ફરી એક વખત ટીમનો ભાગ બન્યો છે.IPL 2025 માટે રાજસ્થાન રોયલ્સની ટીમ જોઈએ તો. સંજુ સેમસન, યશસ્વી જ્યસ્વાલ, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, શિમરોન હેટમાયર, જોફ્રા આર્ચર,મહેશ તીક્ષણા,વાનિંદુ હસરંગા, આકાશ મઢવાલ,કુમાર કાર્તિકેય, નીતિશ રાણા,તુષાર દેશપાંડે, શુભમ દુબે, યુદ્ધવીર ચરક, ફઝલહક ફારુકી, કેના મફાકા, અશોક શર્મા અને વૈભવ સૂર્યવંશી સામેલ છે.

# દિલ્હીનો આ ખેલાડી વિરાટ કોહલી કરતા પણ વધુ અમીર

(એજન્સી) નવી દિલ્હી તા 30

વિરાટ કોહલી લગભગ 13 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં વાપસી કરવા જઈ રહ્યો છે. રણજી ટ્રોફીમાં તે અત્યાર સુધી દિલ્હી માટે 23 મેચ રમી ચૂક્યો છે. પરંતુ આ ટૂર્નામેન્ટમાં દિલ્હી માટે સૌથી વધુ એવરેજથી રન બનાવવાનો રેકોર્ડ વિરાટ કરતા પણ વધુ અમીર એક ખેલાડીના નામે છે. વિરાટ કોહલી માટે 30મી જાન્યુઆરી ખૂબ જ ખાસ દિવસ છે. તે લગભગ 13 વર્ષ બાદ રણજી ટ્રોફી રમવા જઈ રહ્યો છે. તેને રેલવે સામે રમાનાર મેચ માટે દિલ્હીની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેણે આ મેચ માટે વ્યાપક તૈયારી કરી છે અને પ્લેઈંગ 11માં તેનો સમાવેશ લગભગ નિશ્ચિત છે. ઈન્ટરનેશનલ ક્રિકેટની જેમ રણજીમાં પણ વિરાટ કોહલીના આંકડા ઘણા સારા છે, પરંતુ એવરેજના મામલે એક ખેલાડી તેના કરતા ઘણો આગળ છે. નેટવર્થમાં પણ વિરાટ આ દિગ્ગજથી પાછળ છે. વિરાટ કોહલીએ રણજી



ટ્રોફીમાં તેની પ્રથમ મેચ નવેમ્બર 2006માં તમિલનાડુ સામે રમી હતી, જ્યારે છેલ્લી મેચ નવેમ્બર 2012માં ઉત્તર પ્રદેશ સામે રમ્યો હતો. આ સમયગાળા દરમિયાન તેણે કુલ 23 રણજી મેચ રમી હતી. રણજી ટ્રોફીમાં તેના પ્રદર્શનની વાત કરીએ તો તેણે 50.77ની એવરેજથી 1574 રન બનાવ્યા છે. જેમાં તેણે 5 સદી પણ ફટકારી છે. પરંતુ દિલ્હીની ટીમ માટે રણજી ટ્રોફીમાં સૌથી વધુ સરેરાશ રન બનાવવાનો રેકોર્ડ પૂર્વ ક્રિકેટર અજય જાડેજાના નામે છે.અજય જાડેજા સ્થાનિક ક્રિકેટમાં હરિયાણા, દિલ્હી રમ્યો હતો. આ સમયગાળા દરમિયાન તેણે રણજી ટ્રોફીમાં દિલ્હી માટે 13 મેચ રમી હતી.

# સેહવાગ અને આરતી વચ્ચે થયો ઝઘડો? વાયરલ વીડિયોમાં ચોંકાવનારો દાવો

(એજન્સી)નવી દિલ્હી તા 30

સેહવાગ-આરતીના થશે છૂટાછેડા? તાજેતરમાં ભૂતપૂર્વ ભારતીય ઓપનર વિરેન્દ્ર સેહવાગના છૂટાછેડા સંબંધિત ચર્ચાએ સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ બનાવી હતી. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે વિરેન્દ્ર સેહવાગ અને તેની પત્ની આરતી અહલાવત વચ્ચે બધુ બરાબર નથી. પરંતુ આ દાવાઓમાં કેટલી સત્યતા છે? શું ખરેખર બંને કપલના 20 વર્ષ જૂના સંબંધોમાં તિરાડ પડી ગઈ છે? પરંતુ આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોના



આધારે ફેન્સ દ્વારા સતત વિવિધ પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શું છે? સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં વીરેન્દ્ર સેહવાગ તેની પત્ની આરતી અહલાવત સાથે કારની અંદર જોવા મળે છે. આ દરમિયાન બંને એકબીજા સાથે ઝઘડતા જોઈ શકાય છે. વિરેન્દ્ર સેહવાગ કોલ પર કોઈની સાથે વાત કરી રહ્યો છે, જ્યારે તેમની પત્ની આરતી અહલાવત કંઈક કહેતી જોવા મળે છે. આ સમય દરમિયાન કપલ વચ્ચે શું ચર્ચા થઈ રહી છે તે સ્પષ્ટ નથી, કારણ કે આ વીડિયોમાં કોઈ ઓડિયો નથી. પરંતુ સોશિયલ મીડિયા પર અટકળો અને દાવાઓ ચાલુ છે. આ વીડિયો સોશિયલ રહ્યો છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. સોશિયલ મીડિયા પર એકબીજાને કર્યા અનફોલો

મીડિયા રિપોર્ટ્સ મુજબ વિરેન્દ્ર સેહવાગ અને આરતી અહલાવત એકબીજા સાથે નથી રહેતા.

# ચહલ સાથે છૂટાછેડાના વચ્ચે ધનશ્રી થઈ ભાવુક

(એજન્સી) નવી દિલ્હી તા 30

યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડાના સમાચાર ઘણા સમયથી ચર્ચામાં છે. બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા છે. હવે ધનશ્રીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે તે કેવી રીતે શાંતિ માટે તેના નાના-નાનીના ઘરે ગઈ હતી. ધનશ્રીએ પોસ્ટ કરીને લખ્યું છે કે 'થોડા દિવસો પહેલા મને એક સ્વપ્ન આવ્યું કે હું મારા નાના-નાની સાથે નાગપુરમાં તેમના ઘરે છું અને શ્રેષ્ઠ સમય પસાર કરી રહી છું.' આ પછી હું જાગી ગઈ અને વાસ્તવિકતા જોઈ કે તે મારી આસપાસ નથી અને ન તો તે ઘર હતું જે મને શાંતિ આપતું હતું. ધનશ્રીએ આગળ લખ્યું છે કે 'મેં મારા બાળપણનો ઘણો સમય આ ઘરમાં વિતાવ્યો છે જેણે મને શાંતિ આપી.' ત્યારે હું ખૂબ ખુશ હતી, પણ મારા નાના-નાની ગુજરી ગયા હોવાથી, અમે તેમની સાથે આ ઘર પણ ગુમાવ્યું. આજે એવું લાગે છે કે હું શાંતિ અને સાચો પ્રેમ શું છે તેનાથી સંપૂર્ણપણે ભરાઈ ગઈ છું. તેણે લખ્યું છે કે 'મને ખૂબ આનંદ છે કે મેં નાગપુરની આ સફર કરી અને મારા બાળપણના દિવસો અહીં વિતાવ્યા.' અહીં અમારા કેરટેકરને મળી જે હંમેશા મારા નાના-નાનીની મળ્યો. મને સી બિલ્ડિંગમાં રહેતા મારા નાના-નાનીના મિત્રોને મળવાનો મોકો પણ મળ્યો.

# બોલીવુડ અને ક્રિકેટ જગતનો અતૂટ સંબંધ

(એજન્સી) નવી દિલ્હી તા 30


બોલિવૂડ સુંદરીઓ જે ક્રિકેટરો સાથે પ્રેમમાં પડી અને પછી તેમને પોતાના જીવનસાથી બનાવ્યા. બંને વિવિધ ક્ષેત્રના સેલેબ્રિટીઓ પતિ-પત્ની બન્યા હતા. ઘણા બોલિવૂડ સ્ટાર્સની પ્રેમકથાઓ પણ ખૂબ જ ખાસ અને ફિલ્મી હોય છે. બોલીવુડમાં ઘણીવાર સ્ટાર કપલ્સ બનતા રહે છે, પરંતુ કેટલીક વાર્તાઓ એવી પણ છે જ્યાં એક અભિનેત્રી પોતાનું જીવન ક્રિકેટર સાથે વિતાવવાનું નક્કી કરે છે. આ જોડીઓમાં પ્રેમ અને મિત્રતાની વાર્તા છે, જે બોલીવુડ અને ક્રિકેટની દુનિયાને જોડે છે. આ યાદીમાં પહેલું નામ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીનું છે, જેમણે 2017 માં લગ્ન કર્યા હતા. બંનેની પહેલી મુલાકાત 2013માં શેમ્પૂની જાહેરાતના શૂટિંગ દરમિયાન થઈ હતી. ત્યારબાદ બંનેએ લગભગ 4 વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા. આ દંપતિને બે બાળકો છે, પુત્રી વામિકા અને પુત્ર અકય. આ દંપતી તેમના બાળકો સાથે મુંબઈના અલીબાગમાં રહે છે. આથિયા શેટ્ટી અને કે. એલ.રાહુલના લગ્ન 2023માં થયા હતા. બંનેએ લગભગ 3 વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા અને પછી લગ્ન કરવાનો નિર્ણય લીધો. આ સુંદર કપલ મુંબઈમાં રહે છે. એટલું જ નહીં, બંને ટૂંક સમયમાં તેમના પહેલા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યા છે. ગીતા બસરા અને હરભજન સિંહના લગ્ન 2015માં થયા હતા. બંનેએ લગભગ 5 વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા અને લગ્ન પછી સુખી જીવન શરૂ કર્યું. તેમને હિનાયા હીર નામની પુત્રી અને જોવાન વીર સિંહ નામનો પુત્ર છે. બંને પોતાના પરિવાર સાથે મુંબઈમાં રહે છે. એટલું જ નહીં, બંને સોશિયલ મીડિયા પર એકબીજા સાથે ફોટા અને વીડિયો શેર કરતા રહે છે. હેઝલ કીચ અને યુવરાજ સિંહના લગ્ન 2016માં થયા હતા. શીખ અને હિન્દુ પરંપરાઓ અનુસાર. બંનેએ લગભગ બે વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા અને પછી લગ્ન કરવાનો નિર્ણય લીધો. તેમને બે બાળકો છે, પુત્ર ઓરિયન કીચ સિંહ અને પુત્રી ઓરા કીચ સિંહ. બંને પોતાના પરિવાર સાથે મુંબઈમાં મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને તેમના બાળકો સાથે સમય વિતાવતી વખતે ફોટા અને વીડિયો શેર કરતા રહે છે.

## છેલ્લી ચૂંટણીમાં દખલગીરીનો આરોપ, ભારતે કહ્યું- આમાં અમારી કોઈ ભૂમિકા નથી

# કેનેડિયન એજન્સીએ કહ્યું: નિજ્જરની હત્યામાં ભારતનો હાથ નથી

(એજન્સી) ઓટાવા તા 30

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કોઈ પુરાવા મળ્યા નથી. વિદેશી દખલગીરી પર કેનેડા સરકાર દ્વારા રચવામાં આવેલા મેરી જોસી હોગ કમિશન દ્વારા આ વાત કહેવામાં આવી છે. હોગ કમિશનના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતે હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગે ખોટી માહિતી ફેલાવી હતી. જોકે, એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્સીઓનું કનેક્શન સાબિત કરવા માટે કોઈ નક્કર કડી નથી. આ રિપોર્ટમાં ભારત, રશિયા, ચીન અને પાકિસ્તાનને કેનેડાના આંતરિક મામલામાં હસ્તક્ષેપ કરવા માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતે ચૂપચાપ ત્રણ રાજકીય પક્ષોના ઉમેદવારોને ચૂંટણીમાં પૈસાથી મદદ કરી છે. આ માટે પ્રોક્સી એજન્ટોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ભારતની દખલગીરી સાથે જોડાયેલી વાતચીતને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું-આ પછી, વિપક્ષી નેતાઓના દબાણ હેઠળ, પીએમ ટ્રુડોએ આ મામલાની તપાસ માટે સપ્ટેમ્બર 2023માં હોગ કમિશનની રચના કરી. આ કમિશનનું નેતૃત્વ જસ્ટિસ મેરી-જોસી હોગ દ્વારા કરવામાં આવ્યું હતું. કેનેડાની ચૂંટણીઓમાં વિદેશી શક્તિઓની દખલગીરી અંગે પરિસ્થિતિ સ્પષ્ટ થઈ શકે તે માટે તેની રચના કરવામાં આવી હતી. પંચે મંગળવારે (28 જાન્યુઆરી) પોતાનો રિપોર્ટ સોંપ્યો છે.



### હોગ કમિશનની રચના શા માટે કરવામાં આવી હતી?

સપ્ટેમ્બર 2023માં કેનેડિયન ઈન્ટેલિજન્સ એજન્સીએ એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે 2019 અને 2021માં કેનેડામાં યોજાયેલી બે ચૂંટણીમાં ચીને હસ્તક્ષેપ કર્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીને જસ્ટિન ટ્રુડોને ચૂંટણી જીતવામાં મદદ કરી હતી. જો કે ચીને આ વાતનો ઈન્કાર કર્યો હતો પરંતુ કેનેડાના રાજકારણમાં ભારે હોબાળો મચી ગયો હતો. હરદીપ સિંહ નિજ્જરની 18 જૂન 2023ના રોજ હત્યા કરવામાં આવી હતી. સપ્ટેમ્બરમાં કેનેડાના પીએમએ આ હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો. નેડાના વડાપ્રધાનના આરોપોને પગલે ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો હતો. ભારતે ટ્રુડો અને તેમની પાર્ટી પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો.

### પીએમ ટ્રુડોએ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો હતો

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ નવેમ્બર 2023માં દેશની સંસદમાં આરોપ લગાવ્યો હતો કે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય રાજદ્વારી સહિત ઘણા લોકો સામેલ હતા. ટ્રુડોએ કહ્યું હતું કે તેમની પાસે આ અંગેના પુરાવા પણ છે. હરદીપ સિંહ નિજ્જરની 18 જૂન 2023ના રોજ હત્યા કરવામાં આવી હતી. સપ્ટેમ્બરમાં કેનેડાના પીએમએ આ હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો.

**ગુરુદ્વારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની હત્યા કરવામાં આવી હતી :** 18 જૂન 2023ની સાંજે, સરે શહેરમાં ગુરુદ્વારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કેનેડાના વડા પ્રધાન ટ્રુડોએ ભારત સરકાર પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો, જેને ભારતે ફગાવી દીધો હતો.

### ભારતે કેનેડાના 41 રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા

કેનેડાના આરોપો બાદ ભારતે ત્યાંના લોકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. 41 કેનેડિયન રાજદ્વારીઓને પણ હટાવવામાં આવ્યા હતા. જોકે, બાદમાં રાજદ્વારી સ્તરે વાટાઘાટો થઈ હતી અને થોડા મહિનાઓ પછી વિઝા સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.આ સંબંધો ખૂબ જ તંગ બની ગયા હતા. વિદેશ મંત્રી જયશંકરે આરોપ લગાવ્યો હતો.

## ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પર કથિત આરોપ, શુ છે હકીકત ?

કેનેડા તા 30


ભૂતપૂર્વ યુએસ પત્રકાર ટકર કાર્લસને સનસનાટીભર્યા દાવા કર્યા છે કે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટી તંત્રે પુતિનની હત્યાનું કાવતરું ઘડ્યું હતું, ભૂતપૂર્વ અમેરિકન પત્રકાર ટકર કાર્લસને બિડેન વહીવટીતંત્ર પર રશિયન રાષ્ટ્રપતિ પુતિનની હત્યાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. આ દાવાએ અમેરિકન અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. જોકે, આ દાવાને સમર્થન આપવા માટે કોઈ નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી અને ન તો બિડેન વહીવટીતંત્ર કે અન્ય કોઈ સત્તાવાર સ્ત્રોતે તેના પર પ્રતિક્રિયા આપી છે. ભૂતપૂર્વ ફોક્સ ન્યૂઝ એન્કર અને અગ્રણી રૂઢિચુસ્ત ટકર કાર્લસને તેમના પોડકાસ્ટ "ધ ટકર કાર્લસન શો" દરમિયાન એક ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે જો બિડેન વહીવટીતંત્રે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ અસાધારણ નિવેદનથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ટકર કાર્લસને આ આરોપ અમેરિકન લેખક અને પત્રકાર મેટ તૈબી સાથે વાત કરતી વખતે લગાવ્યો હતો. કાર્લસને કહ્યું, "બાઈડન વહીવટીતંત્રે પુતિનને મારવાનો પ્રયાસ કર્યો. તે એક મુર્ખતાભર્યુ કામ હતું." તેમણે ટોની બ્લિંકન ભૂતપૂર્વ યુએસ વિદેશ સચિવનું ઉદાહરણ આપ્યું અને કહ્યું કે તેઓ પણ આ ષડયંત્રનો ભાગ હોઈ શકે છે. તેઓએ ખરેખર યુદ્ધ શરૂ કર્યું છે. ટકરના મતે, બિડેન વહીવટીતંત્ર અરાજકતા દ્વારા પોતાના ઉદ્દેશ્યો છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

## મસ્ક અવકાશમાં ફસાયેલી સુનીતા વિલિયમ્સને પરત લાવશે

### ડોનાલ્ડ ટ્રમ્પે આપી જવાબદારી, કહ્યું- બાઈડેને તેમને ત્યાં છોડી દીધા

(એજન્સી) વોશિંગ્ટન તા 30

અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્કને અવકાશમાં ફસાયેલા સુનિતા વિલિયમ્સ અને તેમના સાથીદાર બૂચ વિલ્મોરને પાછા લાવવાનું કામ સોંપ્યું છે. બંને વૈજ્ઞાનિકો ગયા વર્ષે જૂનથી અવકાશમાં ફસાયેલા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું- મેં મસ્કને તે બે 'બહાદુર અવકાશયાત્રીઓ'ને પરત લાવવા કહ્યું છે. આને બાઈડેન વહીવટીતંત્રે અવકાશમાં છોડ્યા છે. તેઓ ઘણા મહિનાઓથી સ્પેસ સ્ટેશન પર રાહ જોઈ રહ્યા હતા. મસ્ક જલ્દી જ આ કામમાં લાગી જશે. આશા છે કે દરેક સુરક્ષિત છે. મસ્કે જવાબમાં કહ્યું કે અમે પણ એવું જ કરીશું. તે ભયંકર છે કે બાઈડેન વહીવટીતંત્રે તેમને આટલા લાંબા સમયથી ત્યાં છોડી દીધા છે. જ્યારે નાસાએ તેના ક્રૂ મિશન હેઠળ બંને અવકાશયાત્રીઓને પાછા લાવવા માટે ઘણા મહિનાઓ પહેલા જ સ્પેસએક્સને સામેલ કર્યું હતું. નાસાના જણાવ્યા અનુસાર, સ્પેસએક્સે સુનિતા વિલિયમ્સને અવકાશમાંથી પાછા લાવવા માટે એક નવું કેપ્સ્યુલ બનાવવું પડશે. સ્પેસએક્સને તેને બનાવવામાં સમય લાગશે.




### 6 જૂને સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા પછી ક્રૂ સાથે બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સ.

પ્રક્ષેપણ સમયે, બોઈંગ ડિફેન્સ, સ્પેસ એન્ડ સિક્યુરિટીના પ્રમુખ અને સીઈઓ ટેડ કોલ્બર્ટે તેને અવકાશ ઓને સ્પેસ સ્ટેશન પર લઈ જવા અને તેમને પાછા લાવવાની અવકાશયાનની ક્ષમતાને સાબિત કરવાનો હતો.

### સુનિતા વિલિયમ્સની 8 દિવસની સફર 10 મહિનામાં ફેરવાઈ ગઈ

સુનિતા વિલિયમ્સ લગભગ 8 મહિનાથી અંતરિક્ષમાં છે. તે ગયા વર્ષે 5 જૂને બુચ વિલ્મોર સાથે ISS પહોંચી હતી. તે એક અઠવાડિયા પછી પરત ફરવાનો હતો. બંને બોઈંગના નવા સ્ટારલાઈનર કેપ્સ્યુલનું પરીક્ષણ કરવા ગયા હતા, પરંતુ ખરાબી બાદ બંને ISSમાં જ રોકાયા હતા. ત્યારથી બંને ત્યાં જ ફસાયેલા છે. સુનિતા વિલિયમ્સે 16 જાન્યુઆરીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર સ્પેસવોક કર્યું હતું. સુનિતા વિલિયમ્સે 16 જાન્યુઆરીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર સ્પેસવોક કર્યું હતું.

**સુનીતા અને વિલ્મોરને સ્પેસ સ્ટેશન કેમ મોકલવામાં આવ્યા? :** સુનીતા અને બુશ વિલ્મોર બોઈંગ અને નાસાના સંયુક્ત 'ક્રુ ફ્લાઈટ ટેસ્ટ મિશન' પર ગયા હતા. આમાં સુનીતા અવકાશયાનની પાઈલટ હતી. તેમની સાથે આવેલા બુશ વિલ્મોર આ મિશનના કમાન્ડર હતા. આ બંને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માં 8 દિવસ +રોકાયા બાદ પૃથ્વી પર પાછા ફરવાના હતા.

## લ્યો બોલો આવું પણ થાય; ભ્રષ્ટ્રાચારને કારણે વડાપ્રધાને આપ્યું રાજીનામું..!

અમેરિકા તા 30

સર્બિયાના વડા પ્રધાન મિલોસ વુસ્વિકે તેમની સામે ચાલી રહેલા વિરોધથી રાજીનામુ આપ્યું છે. ગયા વર્ષે રેલ્વે સ્ટેશનની છત પડી ગયા પછી, લોકોને તેમના પર ઘણો ગુસ્સો હતો. વડાપ્રધાન અને મેયર બંનેનું રાજીનામુ માંગીને વિરોધ કરાઇ રહ્યો હતો. જેને પગલે વડાપ્રધાને ગતરોજ રાજીનામું આપ્યું હતું. ત્યારે અહીં અચરજની વાત છે કે એક ભ્રષ્ટ્રાચારને પગલે કોઈ દેશના લોકોમાં વિરોધનો જુવાળ ફાટી નીકળ્યો હોય અને પ્રધાનમંત્રીએ રાજીનામુ આપવુ પડ્યુ હોય. જો ખરેખર જ આ પ્રકારે દેશની જાણતા આટલી જાગૃત હોય તો દેશને તરક્કી કરતાં કોઈ રોકી ના શકે. લાંબા સમયથી ચાલી રહેલા વિરોધનાં પગલે સર્બિયાના વડા પ્રધાન મિલોસ વુસ્વિકે રાજીનામુ આપ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે નવેમ્બરમાં, ઉત્તરી શહેર સર્બિયા, નોવી સેડના મુખ્ય રેલ્વે સ્ટેશન પર એક વિઝર(છત) તૂટી પડી હતી. આ ઘટનામાં 15 લોકો મૃત્યુ પામ્યા હતા. આ ઘટના પછી, દેશભરમાં વિરોધ પ્રદર્શન શરૂ થયો.

## USમાં 600 લોકોએ ગુમાવી નોકરી, રાષ્ટ્રપતિ ટ્રમ્પના આદેશની અસર!

(એજન્સી)અમેરિકા તા 30

ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી કર્મચારીઓ ચિંતામાં અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ તરત જ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક મોટા ઓર્ડરો જારી કરી દીધા છે. ટ્રમ્પના આદેશ બાદ વિદેશી દેશોને આપવામાં આવતી મદદ બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે મહત્વની યોજનાઓ પૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. આ સિવાય અમેરિકા અને ત્યાં કામ કરતા લોકો પર પણ તેની અસર પડી રહી છે, USAIDમાં કામ કરતા 600 થી વધુ કર્મચારીઓને રજા પર મોકલી દેવામાં આવ્યા છે. અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર બાદ ઘણા દેશોને આપવામાં આવતી મદદ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જેની સીધી અસર હવે સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આ પ્રતિબંધને કારણે ઘણી મહત્વની યોજનાઓ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે, તો બીજી તરફ અમેરિકામાં ઘણા લોકો પોતાની નોકરી પણ ગુમાવી રહ્યા છે. આ માટે તેમના મેનેજર અને વિભાગો તરફથી ઓર્ડરો પણ આવવા લાગ્યા છે.

ઘણા કર્મચારીઓને સસ્પેન્ડ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ વિદેશી દેશોને આપવામાં આવતી મદદ બંધ કરી દેવામાં આવી છે. તેની અસર અમેરિકા પર પણ પડવા લાગી છે. ટ્રાન્સપોર્ટમાં કામ કરતા સેંકડો કોન્ટ્રાક્ટરોને રજા પર મોકલી દેવામાં આવ્યા છે, જ્યારે કે ઘણા કર્મચારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા સેંકડો કોન્ટ્રાક્ટરોને છૂટા કરવામાં આવ્યા USAIDમાં લગભગ 60 કારકિર્દી અધિકારીઓને રજા પર મોકલ્યા પછી સેંકડો કોન્ટ્રાક્ટરોને છૂટા કરવામાં આવ્યા છે. આ નિર્ણય બાદ એવું માનવામાં આવે છે કે વર્તમાન અને ભૂતપૂર્વ અધિકારીઓએ કોઈપણ અસંમતિને દબાવવા માટે આ પગલું ભર્યું છે. નેતૃત્વના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. 600થી વધુ કર્મચારીઓને રજા એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે સંસ્થાકીય સહાય કરારો માટે સોમવારે જારી કરાયેલા સ્ટોપ વર્ક ઓર્ડરથી દરેકને અસર થઈ છે.

## આફ્રિકાની સોનાની ખાણમાં ફસાયા કામદારો જીવિત રહેવા ખાધુ સાથી માણસોનું માંસ

(એજન્સી) જ્હોનિસબર્ગ | તા 30

ધ ટેલિગ્રાફમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, બચી ગયેલા લોકોને માણસો ખાવાની ફરજ પાડવામાં આવી હતી. કારણ કે અધિકારીઓએ તેમનો ખોરાક પુરવઠો બંધ કરી દીધો છે. ગેરકાયદેસર ખાણ કામ અને સોનાના કબજાના આરોપોનો સામનો કરી રહેલા બે બચી ગયેલા લોકોએ ભયાનક પરિસ્થિતિઓનું વર્ણન કર્યું. 'હાથ, પગ અને પાંસળીઓ ફાડી નાખવામાં આવ્યા પછી પણ તેઓ બચી ગયા...', સોના માટે 'પાતાલલોક'માં ફસાયેલા કામદારોના દુ:ખથી દુનિયા હચમચી ગઈ છે. દક્ષિણ આફ્રિકાના બફેલ્સફોન્ટેન સોનાની ખાણમાં મહિનાઓથી ફસાયેલા ગેરકાયદેસર ખાણકામ કરનારાઓની વાર્તાએ સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. જીવતા રહેવા માટે, લોકો તેમના સાથીઓના હાથ, પગ અને પાંસળી ખાતા હતા. બચી ગયેલા કામદારોએ કહ્યું કે 'તેઓએ જીવિત રહેવા માટે તેમના પગ, હાથ કાપીને ખાવું પડ્યું હતું.

## બાંગ્લાદેશમાં અવામી લીગ ફરી સક્રિય, યુનુસના રાજીનામાની માંગ સાથે આંદોલનની જાહેરાત કરી

(એજન્સી) ઢાકા | તા 30

બાંગ્લાદેશમાં હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાને વડાપ્રધાન પદ છોડીને ભાગી જવાની ફરજ પડી હતી. તે પછી બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર ચાલી રહી છે. યુનુસ સરકાર દરમિયાન શેખ હસીના અને તેમની પાર્ટી અવામી લીગના નેતાઓ વિરુદ્ધ સતત કેસ નોંધવામાં આવી રહ્યા છે. તાજેતરમાં વચગાળાની સરકારના સલાહકારે કહ્યું હતું કે અવામી લીગને ચૂંટણી લડવા દેવામાં આવશે નહીં. દરમિયાન, ભારતમાં રહેતા, શેખ હસીના વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સતત તેમના સમર્થકોને સંબોધિત કરી રહી છે.

અને હવે અવામી લીગ મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી સરકારને સીધો પડકાર ફેંકવા જઈ રહી છે. અવામી લીગે સમગ્ર બાંગ્લાદેશમાં હડતાલનું એલાન આપ્યું છે. તેમનો કાર્યક્રમ આખો ફેબ્રુઆરી મહિનો ચાલશે. તેમણે યુનુસ સરકારના રાજીનામાની માંગણી સાથે 18 ફેબ્રુઆરીએ સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું આહ્વાન કર્યું છે. દરમિયાન વચગાળાની સરકારે પણ વળતી ચેતવણી આપી છે.

**અવામી લીગની 18મી ફેબ્રુઆરીએ હડતાળ :** પ્રથમ આલોના અહેવાલ મુજબ, અવામી લીગ 1 ફેબ્રુઆરીથી બાંગ્લાદેશની રાજનીતિમાં ફરી સક્રિયપણે પ્રવેશ કરી રહી છે. તે 1 ફેબ્રુઆરીથી કાર્યક્રમના પેમ્ફલેટનું વિતરણ કરશે. 6, 10 અને 16 ફેબ્રુઆરીએ પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ પછી 18 ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળનું એલાન કરવામાં આવ્યું હતું. જો કે યુનુસ સરકારે આ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે. પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે કહ્યું કે જે પણ અવામી લીગના ઝંડા સાથે ગેરકાયદેસર રીતે વિરોધ કરશે તેને કાયદાનો સામનો કરવો પડશે.

**યુનુસ સરકારની આંદોલનકારીઓને ચેતવણી :** જો કે, અવામી લીગને આપવામાં આવેલી આ ચેતવણીના ખોટા અર્થઘટનથી બચવા માટે, શફીકુલ આલમે સોશિયલ મીડિયા પર લખ્યું, "વચગાળાની સરકારે પદ સંભાળ્યા પછી કોઈપણ કાયદેસર વિરોધને અટકાવ્યો નથી અથવા પ્રતિબંધિત કર્યો નથી. અમે એસેમ્બલી અને એસોસિએશનની સ્વતંત્રતામાં માનીએ છીએ. તમને જણાવી દઈએ કે હસીના સરકારના પતન પછી અને મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકારની રચના પછી તરત જ અવામી લીગના વિદ્યાર્થી સંગઠન છત્ર લીગ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. જો કે અવામી લીગ પર હજુ સુધી પ્રતિબંધ મુકાયો નથી.

## 216 કરોડનો વિવાદ !, વાંચો શું છે સમગ્ર મામલો

અમેરિકા તા 30

અમેરિકી રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રંપ સાથે વિવાદમાં પડવુ એ ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને મોંઘુ પડ્યુ છે. ટ્રંપનું ફેસબુક એકાઉન્ટ માર્ક ઝુકરબર્ગે સસ્પેંડ કર્યુ હતુ. જે બાદ તેની માર્ક ઝુકરબર્ગની ખૂબ ટીકાઓ થઈ હતી. હવે આ વિવાદ સમાપ્ત થવાના આરે છે. ત્યારે હોબાળા માટે કેટલા કરોડમાં શાંત થયો છે તેના પર એક નજર કરીએ. મહત્વપૂર્ણ છે કે ટ્રંપે અગાઉ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટના સેંસર થવા પર ઘણો હોબાળો કર્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રંપનું ફેસબુક અકાઉંટ બંધ કરાતા વિવાદના વંટોળ ઉભા થયા છે. આ વિવાદમાં પડવુ એ ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને મોંઘુ પડ્યુ છે. હવે મેટા કંપની ટ્રંપને 216 કરોડ રૂપિયા આપીને આ હંગામો શાંત કરશે. 6 જાન્યુઆરી 2021ના રોજ ટ્રંપ સમર્થકોએ હોબાળો કર્યો હતો. અકાઉંટ બંધ કરાતા ટ્રંપે દાવો કર્યો હતો કે US કેપિટલ રમખાણો બાદ તેમના ફેસબુક અને ઈંસ્ટાગ્રામ અકાઉંટ તરફથી તેઓ પર ખોટી રીતે આરોપ લાગ્યા હતા. અને તેઓને સેંસર કરાયા હતા. 6 જાન્યુઆરી 2021ના રોજ ટ્રંપ સમર્થકોના હોબાળા બાદ જે રીતે રાષ્ટ્રપતિના સોશિયલ મીડિયાના અકાઉંટ સેંસર કરાયા છે. તે બાદ વિવાદનું વંટોળ ઉઠ્યુ હતુ. પરંતુ હવે જ્યારે ટ્રંપ અમેરિકાના બીજીવાર રાષ્ટ્રપતિ મિત્રતા કરતા જોવા મળી રહ્યા છે. ટેસ્લાના સીઈઓ બીજી તરફ વોશિંગટનમાં આયોજિત ટ્રંપના હસ્તે ઉદ્દ્ઘાટન કાર્યક્રમ દરમિયાન માર્ક ઝુગરબર્ક ઉપસ્થિત રહ્યા હતા.

### , આટલા લોકોને મળશે પરમિટ

## કેનેડા જનારા વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર

(એજન્સી) કેનેડા તા 30

ભારતીય વિદ્યાર્થીઓને થશે ફાયદો? ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ 2025ના સ્ટડી પરમિટ ફાળવણીની પ્રાંતીય વિગતો જાહેર કરી છે, જેમાં દરેક પ્રાંતમાં કેટલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવશે અને પ્રાંતીય પ્રમાણન પત્ર (PAL) ની આવશ્યકતાની વિગતો આપવામાં આવી છે. આ સિવાય તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ વખતે કેનેડાએ એવા વિસ્તારોમાં વધુ પ્રવેશ આપવાનો કાર્યક્રમ બનાવ્યો છે જ્યાં વસ્તી ખૂબ ઓછી છે અને તાપમાન ખૂબ ઓછું રહે છે. સ્નાતક ડિગ્રીના વિદ્યાર્થીઓને જાહેર કરવામાં આવનાર અભ્યાસ પરમિટની કુલ સંખ્યા 73,282 હશે. આમાં માસ્ટર અથવા ડોક્ટરલ ડિગ્રી મેળવી રહેલા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આનો અર્થ એ થયો કે કેનેડા ઈમિગ્રેશન વિભાગે 2025 માં જાહેર થનારી તમામ સ્ટડી પરમિટના 16.77 ટકા ગ્રેજ્યુએટ ડિગ્રી વિદ્યાર્થીઓ માટે અનામત રાખ્યા છે. ગયા વર્ષે વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પર પડશે.આ વર્ષે, માસ્ટર અને પોસ્ટ-ડોક્ટરલ વિદ્યાર્થીઓને પણ આ પત્રની જરૂર પડશે. આ ચકાસણી પત્રોનો હેતુ એ પુષ્ટિ કરવાનો છે કે વિદ્યાર્થીઓના આગમનથી ઈમિગ્રેશન પર દબાણ નહીં વધે, કારણ કે તેઓ સરકાર દ્વારા નિર્ધારિત મર્યાદામાં છે.



### 2024 ની સરખામણીમાં 10%નો ઘટાડો

શુક્રવારે કેનેડિયન ઈમિગ્રેશન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે 4,37,000 સ્ટડી પરમિટ જાહેર કરવામાં આવશે, જે 2024 ની સરખામણીમાં 10%નો ઘટાડો છે. કેનેડાએ 2024માં વિદેશી વિદ્યાર્થીઓને આપવામાં આવતી અભ્યાસ પરમિટની સંખ્યા પર મર્યાદા લાદી હતી. આ એટલા માટે કરવામાં આવ્યું કારણ કે વિદેશી નાગરિકોની વધતી વસ્તી દેશના સંસાધનો પર દબાણ લાવી રહી હતી. કેનેડામાં રહેઠાણની કટોકટી હતી અને હેલ્થકેર પર દબાણ વધી રહ્યું હતું.

**ગ્રેજ્યુએશન માટે 1,16,740 આપવામાં આવશે સ્ટડી પરમિટ :** સરકારી માહિતી મુજબ 2023માં, કેનેડાએ વિદેશી વિદ્યાર્થીઓને 6.5 લાખથી વધુ અભ્યાસ પરમિટ જાહેર કરી હતી. આ વખતે કેનેડાના આલ્બર્ટામાં 32,660 સ્ટડી પરમિટ જાહેર કરવામાં આવશે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ભારતીયઓ છે જે એડમોન્ટન અભ્યાસ માટે જાય છે. ઓન્ટારિયોમાં, જેમાં બ્રેમ્પટન, ટોરોન્ટો અને મિસિસૌગા વિસ્તારોનો સમાવેશ થાય છે, આ વર્ષે ગ્રેજ્યુએશન માટે 1,16,740 સ્ટડી પરમિટ આપવામાં આવશે.

### આ વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી

પરંતુ બરફીલા વિસ્તારોમાં જ્યાં લોકોની મુલાકાત લેવાની સંખ્યા ખૂબ ઓછી છે, ત્યાં સાસ્કાચેવાનમાં 8,869, ક્વિબેકમાં 72,977, ન્યુફાઉન્ડલેન્ડમાં 4664, નોવા સેક્વોઈયામાં 8,297, મેનિટોબામાં 10,021 સ્ટડી પરમિટ આપવામાં આવશે.

## કોન્ડોમને લઇ ટ્રમ્પ સરકારના નિર્ણયથી વિશ્વ આખું ચોંકી ઉઠ્યું

(એજન્સી) અમેરિકા તા 30

ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ મંગળવારે વ્હાઈટ હાઉસની પહેલી પ્રેસ બ્રીફિંગમાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક મોટો ખુલાસો કર્યો. લેવિટે કહ્યું કે અગાઉના બાઈડેન વહીવટીતંત્રે ગાઝા માટે કોન્ડમ ખરીદવા માટે ફાળવેલા 50 મિલિયન ડોલરની ડીલ ને ટ્રમ્પ સરકારે રદ કરી છે. ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ જો બાઈડને પેલેસ્ટાઈન દેશ ગાઝામાં કોન્ડોમ માટે જાણે તિજોરી ખોલી દીધી હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે આ વાતનો ખુલાસો કર્યો અને વિદેશી સહાયના સંચાલન માટે બાઈડનના વહીવટની પણ ટીકા કરી. 28 જાન્યુઆરી મંગળવારે લેવિટે જણાવ્યું હતું કે 'ગાઝામાં કોન્ડોમ પર યુએસ કરદાતાઓના 50 મિલિયન ડોલર (આશરે 4,32,94,99,130 રૂપિયા ) ખર્ચાવવાના હતા, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ ગયા અઠવાડિયે તેનું પુનઃમૂલ્યાંકન કરીને તમામ વિદેશી સહાય બંધ કરવાનો નિર્ણય કર્યો છે જેમાં ગાઝા માટે કોન્ડોમ ખરીદવા માટે ઉપયોગમાં લેવાતા અમેરિકન ભંડોળનો પણ સમાવેશ થાય છે. લેવિટે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) અને ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટને સંબોધીને કહ્યું કે, 'આ કરદાતાઓના પૈસાનો ખોટો વ્યય છે' વધુમાં તેમણે કહ્યું કે સરકાર યુએસ ડોલર ભંડોળનો સાચો ઉપયોગ થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## વાહનોને નો એન્ટ્રી, VVIP પાસ રદ; નાસભાગ બાદ 34 કલાકથી પુત્ર માતાને શોધી રહ્યો છે...

# મહાકુંભ: મેળામાં અવર-જવરના રૂટ અલગ કરાયા

પ્રયાગરાજ | પ્રયાગરાજ મહાકુંભમાં બુધવારે થયેલી નાસભાગ બાદ આજે ભીડ ઓછી છે. મેળામાં આવવા-જવા માટેના રસ્તા અલગ કરવામાં આવ્યા છે. વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે. સવારના 10 વાગ્યાથી અત્યાર સુધીમાં 92.90 લાખ ભક્તોએ સ્નાન કર્યું છે.

પ્રયાગરાજ મહાકુંભનો આજે 18મો દિવસ છે. 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યાર સુધીમાં લગભગ 27.50 કરોડ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું છે. મૌની અમાવસ્યા (29 જાન્યુઆરી)ના રોજ લગભગ આઠ કરોડ લોકોએ સ્નાન કર્યું હતું. સરકારે 2019માં કુંભમાં તહેનાત અધિકારીઓને તાત્કાલિક બોલાવ્યા છે, જેથી વ્યવસ્થામાં વધુ સુધારો કરી શકાય. મૌની અમાવસ્યાના દિવસે મંગળવાર-બુધવારની વચ્ચેની રાત્રે નાસભાગ મચી ગઈ હતી. જેમાં 30થી 40ના મોત થયા હતા. સરકાર દ્વારા અત્યાર સુધીમાં 30 મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે. આ દરમિયાન 60 લોકો ઘાયલ થયા છે. આજે મહાકુંભમાં ભીડ ઓછી છે. આ ઉપરાંત બુધવારે સવારે પણ મહાકુંભમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે આ ઘટના મોડી રાત્રે પ્રકાશમાં આવી હતી. ખરેખરમાં જૂના જીટી રોડથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મેળા વિસ્તારમાં આવી રહ્યા હતા. આ દરમિયાન મહામંડલેશ્વરનું એક ગાડી મુક્તિ માર્ગ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન 2-3 મહિલાઓ પડી ગઈ હતી. મહિલાઓને કચડીને ગાડી પસાર થઈ હતી. આ પછી નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેમાં 5 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં એક બાળકી પણ સામેલ છે.

CO રુદ્ર પ્રતાપે કહ્યું- આ ઘટના બુધવારે સવારે 8 થી 9 વાગ્યાની વચ્ચે બની હતી. જ્યારે ગાડી રિવર્સ કરતા પાંચ લોકો ઘાયલ થયા હતા. તેને સારવાર માટે સ્વ-રૂપરાણી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.



### 24 કલાકમાં રેકોર્ડ 222 ટ્રેન દોડાવવામાં આવી છે

મહાકુંભમાં મૌની અમાવસ્યાના મહાપર્વ નિમિત્તે 24 કલાકમાં પ્રયાગરાજના તમામ રેલવે સ્ટેશનો પરથી રેકોર્ડ 222 વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી. જેમાં પ્રયાગરાજ જંક્શનથી 104, પ્રયાગરાજ છિવકીથી 23, નૈનીથી 17, સુબેદારગંજથી 13, પ્રયાગથી 23, ફાફામઉથી 5, પ્રયાગરાજ રામબાગથી 9 અને ઝુસીથી 28 ટ્રેનો ચલાવવામાં આવી હતી.

### મૃતકોના પરિવારજનો માટે વળતરની જાહેરાત કરશે- કર્ણાટકના સીએમ

મહાકુંભમાં કર્ણાટકના 4 લોકોના મોત પર મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું- અમે કન્નડના મોતની નોંધ લીધી છે. એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. DC સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અમે બેલગાવી જિલ્લાના મંત્રીઓને પણ જાણ કરી છે. ગુમ થયેલા 8 લોકો વિશે કોઈ માહિતી નથી. સંબંધિત મંત્રીઓ મૃતકોના પરિવારો માટે વળતરની જાહેરાત કરશે.

નાસભાગ બાદ અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીની પ્રતિક્રિયા આવી છે. તેમણે દુર્ઘટના પાછળનું મુખ્ય કારણ વિરોધીઓની દુષ્ટ દ્રષ્ટિને ગણાવ્યું હતું. તેમણે કહ્યું- નાસભાગમાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતિ માટે આજે મેદાનમાં 2 મિનિટનું મૌન પાળવામાં આવશે.

# મહાત્મા ગાંધીની 77મી પુણ્યતિથિ: PMએ રાજઘાટ જઈને શ્રદ્ધાંજલિ આપી; રાહુલે લખ્યું- ગાંધીજી કોઈ વ્યક્તિ નહી, ભારતના આત્મા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.30

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 77મી પુણ્યતિથિ છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પીએમ મોદી સહિત તમામ મોટા નેતાઓએ રાજઘાટ જઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.PMએ સોશિયલ મીડિયા પર લખ્યું X પર આદરણીય બાપુને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી. તેમના આદર્શો આપણને વિકસિત ભારત બનાવવાની પ્રેરણા આપે છે. હું દેશ માટે શહીદ થયેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપું છું અને તેમની સેવા અને બલિદાનને યાદ કરું છું.રાહુલ ગાંધીએ લખ્યું- ગાંધીજી માત્ર એક વ્યક્તિ નથી, તેઓ ભારતના આત્મા છે, અને આજે પણ દરેક ભારતીયમાં જીવંત છે.

ખડગેએ લખ્યું- બાપુને શ્રદ્ધાંજલિ, તેઓ આપણા રાષ્ટ્રના માર્ગદર્શક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ X પર લખ્યું- અમે શહીદ દિવસ પર બાપુને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેઓ આપણા રાષ્ટ્રના માર્ગદર્શક હતા. તેમના સત્ય, અહિંસા અને તમામ ધર્મોની સમાનતાના વિચારો આપણા માર્ગને સતત પ્રકાશિત કરતા રહે છે. બધા માટે સમાનતા અને ઉત્કર્ષના તેમના આદર્શોને નષ્ટ કરવા માંગતા લોકો સામે લડવા માટે આપણે પ્રતિબદ્ધ થવું જોઈએ. ચાલો વિવિધતામાં ભારતની એકતાનું રક્ષણ કરીએ અને બધા માટે ન્યાય અને સમાનતા સુનિશ્ચિત કરીએ.



### રાહુલ ગાંધીએ લખ્યું- ગાંધીજી કોઈ વ્યક્તિ નહીં, ભારતના આત્મા છે.

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર લખ્યું કે ગાંધીજી માત્ર એક વ્યક્તિ નથી, તેઓ ભારતના આત્મા છે, અને આજે પણ દરેક ભારતીયમાં જીવંત છે. સત્ય, અહિંસા અને નિર્ભયતાની શક્તિ મોટા મોટા સામ્રાજ્યોના મૂળને પણ હચમચાવી શકે છે – આખું વિશ્વ આ આદર્શોમાંથી પ્રેરણા લે છે. રાષ્ટ્રપિતા, મહાત્મા, આપણા બાપુને તેમના શહીદ દિવસ પર શત શત નમન.

### કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહના હસ્તે મુંબઈમાં

# નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની કોર્પોરેટ ઓફિસ (NUCFDC)નો સત્તાવાર શુભારંભ




(એજન્સી) મુંબઈ | તા 30

દેશભરની અર્બન કો-ઓપરેટિવ બેંકોને મજબૂત કરવા તરફ વધુ એક કદમ ઉઠાવાયું છે. તાજેતરમાં મુંબઈ ખાતે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC) ની કોર્પોરેટ ઓફિસનું સત્તાવાર ઉદઘાટન માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિતભાઈ શાહે કર્યું છે. મુંબઈમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ના પ્રારંભ અંગેના ઉદ્ઘાટન કાર્યક્રમની સાથોસાથ NUCFDC કોર્પોરેટ ઓફિસનો પ્રતિક શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્ર સરકારના મંત્રીગણ માંહેથી સહકાર રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલ, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રીદ્વય શ્રી એકનાથ શિંદે અને શ્રી અજિત પવાર અને સહકાર મંત્રાલયના સચિવ ડો. આશિષ કુમાર ભુતાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. NUCEDC ઑફિસના ઉદ્ઘાટન દ્વારા અર્બન કોઓપરેટિવ બેંકિંગ (UCB) ક્ષેત્રના આધુનિકીકરણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ પ્રસ્તુત થયું છે. NUCFDC ના માધ્યમથી શહેરી સહકારી ક્ષેત્રને બહુપરિમાણીય લાભો પૂરા પાડવા પર ભાર મૂકતાં માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે 'આગામી દિવસોમાં સહકારી કાર્યકર્તાઓ વચ્ચે સહકારિતાનો સિદ્ધાંત સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન શહેરી સહકારી બેંકો સાથે ડિજિટલ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, ઓનલાઈન વ્યવહારો અને આંતરરાષ્ટ્રીય વેપાર જેવી પ્રવૃત્તિઓનું એકીકરણ કરશે.

# વર્તમાન સરકારે સત્તા છોડી દેવી જોઈએ: મહાકુંભમાં નાસભાગ બાદ ભડક્યા શંકરાચાર્ય...

(એજન્સી) પ્રયાગરાજ તા. 30

ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગ બાદ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર ચારે બાજુથી ટીકાનો સામનો કરી રહી છે. રાજકીય પક્ષો બાદ હવે સંતો-મહંતો તરફથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. એવામાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમને આ અંગે કહ્યું કે, 'વર્તમાન સરકારને હવે સત્તામાં રહેવાનો નૈતિક અધિકાર નથી.'

શંકરાચાર્યએ પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ પર મોટું નિવેદન આપતા કહ્યું કે, 'નાસભાગની ઘટનાએ સરકારની વ્યવસ્થાને ખુલ્લી પાડી દીધી છે. અધિકારીઓ પહેલાથી જ મહાકુંભમાં 40 કરોડ અને મૌની અમાવસ્યા પર 10 કરોડ ભક્તોના આગમનનો દાવો કરી રહ્યા હતા. તે મુજબ, તેઓએ વ્યાપક તૈયારીઓ કરવી જોઈતી હતી.'

શંકરાચાર્યએ આ ઘટના અંગે વધુમાં કહ્યું કે, 'આ ઘટના દર્શાવે છે કે તૈયારીઓ પૂર્ણ ન હતી અને લોકોના જીવ સાથે રમત રમાઈ હતી. જો અમારા ઘરે એક કાર્યક્રમમાં 1000 લોકો માટે જોગવાઈ છે, તો આપણે ત્યાં 5000 લોકોને આમંત્રણ ન આપવું જોઈએ. મહાકુંભમાં આવું જ બન્યું.'

શંકરાચાર્યએ મહાકુંભમાં વ્યવસ્થાને લઈને કહ્યું કે, 'સારી વ્યવસ્થાની જાણકારી મળ્યા બાદ ભક્તો અહીં આવ્યા પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર તેમના માટે કોઈ નક્કર વ્યવસ્થા નહોતી.

શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું કહેવું છે કે, 'સીએમ યોગી સહિત તમામ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઘટના વિશે સાચી માહિતી આપવાને બદલે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં તેમના જેવા ધર્મગુરુને પણ આ ઘટનાની જાણ નહોતી. જો ઘટનાની માહિતી યોગ્ય સમયે મળી હોત, તો લોકોએ પરંપરાઓનું પાલન કર્યું હોત.'

## MPના પન્નામાં JK સિમેન્ટ પ્લાન્ટમાં સર્જાઈ દુર્ઘટના...

# બાંધકામ હેઠળની છતનો સ્લેબ ધરાશાયી થયો; 5નાં મોતના સમાચાર, 30 ઘાયલ...

(એજન્સી) પન્ના (મધ્ય પ્રદેશ) |તા. 30

મધ્ય પ્રદેશના પન્ના સ્થિત જેકે સિમેન્ટ પ્લાન્ટમાં ગુરુવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. પ્લાન્ટના નિર્માણાધીન ભાગમાં છતની સ્લેબ નાખવામાં આવી રહી હતી, જ્યાં સેંકડો મજૂરો કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક સ્કેફોલ્ડિંગ પડી ગયો, જેની ઝપેટમા ઘણા મજૂરો આવી ગયા. પહેલા બે મજૂરોના મોતના સમાચાર હતા, જે બાદમાં વધીને 5 થઈ ગયા. લગભગ 30 કામદારો ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

ASP આરતી સિંહે કહ્યું કે, રાહત કાર્ય કરવામાં આવી રહ્યું છે. ઘણા ઘાયલ મજૂરોને નજીકની કટની જિલ્લા હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. તે જ સમયે કાટમાળ નીચે દટાયેલા ઘણા મજૂરોને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અકસ્માતના ત્રણ કલાક બાદ પણ વહીવટીતંત્ર અને મેનેજમેન્ટ દ્વારા કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી રહી નથી. પ્લાન્ટનો મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવ્યો છે. પ્લાન્ટની અંદર માત્ર વહીવટ અને કર્મચારીઓ તેમજ એસડીઆરએફની ટીમ છે. હજુ સુધી મૃતકો અને ઘાયલોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા નથી. એમ્બ્યુલન્સ ઉભી છે, પરંતુ પ્લાન્ટમાંથી એક પણ એમ્બ્યુલન્સ બહાર આવી નથી.





# છત્તીસગઢના નારાયણપુરમાં 29 નક્સલીઓનું આત્મસમર્પણ, જેમાં 7 મહિલાઓ પણ સામેલ

(એજન્સી) છત્તીસગઢ તા. 30

છત્તીસગઢના નારાયણપુરમાં કુતુલ એરિયા કમિટીના 29 નક્સલીઓએ નારાયણપુર એસપી સામે આત્મસમર્પણ કરી દીધું. આત્મસમર્પણ કરનાર નક્સલીઓમાં 22 પુરુષ અને 7 મહિલાઓ સામેલ છે.

નારાયણપુર જિલ્લાના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે નક્સલીઓ દ્વારા સરેન્ડરનું સૌથી મોટું કારણ જિલ્લામાં ચલાવવામાં આવી રહેલા વિકાસ કાર્ય છે. આ વિસ્તારના નક્સલીઓને વિસ્તારમાં ઝડપથી બની રહેલા રસ્તા તથા ગામ સુધી પહોંચતી વિભિન્ન સુવિધાઓએ પ્રભાવિત કર્યા છે. જેના કારણે તેમનો નક્સલી સંગઠનના વિચારોથી મોહભંગ થઈ રહ્યો છે.

આત્મસમર્પણ કરનાર તમામ માઓવાદીઓને 25,000 રૂપિયાનો ઈનામ ચેક આપવામાં આવ્યો અને આત્મસમર્પણ કરનાર નક્સલી પુનર્વાસ નીતિ હેઠળ ઉપલબ્ધ તમામ લાભ આપવામાં આવશે. 2024 બાદથી નારાયણપુરમાં વિભિન્ન રેન્કોના 71થી વધુ માઓવાદી કેડરોએ આત્મસમર્પણ કર્યું છે, 60થી વધુ માઓવાદી માર્યા ગયા છે અને 50 માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી માઓવાદી સંગઠન કમજોર થઈ ગયુ છે. અબૂઝમાડ વિસ્તારમાં વિકાસ, સુરક્ષા અને શાંતિનું સ્વપ્ન ઝડપથી સાકાર થશે.

એસપીએ એ વાત પર જોર આપ્યું કે ઘર, રોજગાર અને સુરક્ષા આપનાર સરકારની પુનર્વાસ નીતિએ આ વ્યક્તિઓને આત્મસમર્પણ માટે આકર્ષિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમણે અન્ય માઓવાદીઓથી, જે હજુ પણ આંદોલનનો ભાગ છે. પોતાના વલણ પર પુનર્વિચાર કરવા અને મઢમાં પોતાના મૂળ તરફ પાછા ફરવાની અપીલ કરી, જ્યાં તે શાંતિથી રહી શકે છે અને પોતાના સમુદાયના કલ્યાણમાં યોગદાન આપી શકે છે.

# બંગાળમાં GBS સિન્ડ્રોમનો કહેર, 3ના મોત : મહારાષ્ટ્ર બાદ હવે બંગાળમાં !

(એજન્સી) બંગાળ | તા. 30

પહેલા કોરોના, ત્યારબાદ એચએમપીવી અને હવે જીબીએસ સિન્ડ્રોમ રોગનો કહેર વર્તાઈ રહ્યો છે. આ રોગના વિવિધ રાજ્યોમાં ધીરે ધીરે કેસ નોંધાઈ રહ્યા છે. મહારાષ્ટ્ર બાદ હવે બંગાળમાં છેલ્લા ચાર દિવસમાં GBS થી એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે.જીબીએસ સિન્ડ્રોમને કારણે મોત થવા અંગે હજી આરોગ્ય વિભાગે કોઈ પુષ્ટિ કરી નથી. મળતી માહિતી મુજબ મૃતકોમાં ઉત્તર 24 પરગણાના જગદ્દલના રહેવાસી દેબકુમાર સાહુ (10), અમદંગાના રહેવાસી અરિત્ર મનલ (17) અને હુગલી જિલ્લાના ધનિયાખલી ગામના 48 વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે.આ અંગે મૃતક દેબકુમારના પરિજનોનું કહેવુ છે કે તેમનું મૃત્યુ જીબી સિન્ડ્રોમથી થયું હોવાનું હોસ્પિટલે તો કહ્યું નથી. પરંતુ મૃત્યુ પ્રમાણપત્રમાં જીબી સિન્ડ્રોમનો ઉલ્લેખ હતો. મહત્વનું છે કે

દેબકુમારનું 26 જાન્યુઆરીએ કોલકાતાની બીસી રોય હોસ્પિટલમાં અવસાન થયું, જ્યારે શહેરની એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અમદંગાના અરિત્ર મનલનું બીજા દિવસે અવસાન થયું.

સૂત્રોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ જીબી સિન્ડ્રોમથી પીડિત વધુ ચાર બાળકોની બીસી રોય હોસ્પિટલ અને બાળ આરોગ્ય સંસ્થામાં સારવાર ચાલી રહી છે. પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ વાત નથી. આ અંગે આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ વાત નથી.

મહત્વનું છે કે મહારાષ્ટ્રમાં પણ આ રોગે હાહાકાર મચાવ્યો છે. પુણે ઉપરાંત, આ રોગ સોલાપુર, કોલ્હાપુર અને નાગપુરમાં કેસ જોવા મળી રહ્યા છે. અત્યાર સુધીમાં GBS સિન્ડ્રોમને કારણે બે લોકોના મોત થયા છે. આ રોગના 127 એક્ટીવ દર્દીઓ છે. પુણેમાં સૌથી વધુ કેસ છે. આ રોગથી પીડિત 14 દર્દીઓ વેન્ટિલેટર પર છે. ઉલ્લેખનીય છે કે જીબીએસનો પહેલો કેસ પુણેમાં નોંધાયો હતો.

# Mahakumbh 2025: મહાકુંભ માટે હવાઈ મુસાફરી થઈ સસ્તી

પ્રયાગરાજ | ઈન્ડિગો એરલાઈન્સે મહાકુંભ માટે ચલાવવામાં આવી રહેલી તેની ફ્લાઈટ્સની ટિકિટના ભાવમાં મોટો ઘટાડો કર્યો છે, જેના પછી ઘણા શહેરોમાંથી પ્રયાગરાજની ફ્લાઈટ્સ સસ્તી થઈ ગઈ છે. મહાકુંભ 2025માં કરોડો ભક્તો શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરી રહ્યા છે. માત્ર દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાંથી લોકો ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં મહાકુંભને લઈને વધુ એક બાબતને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે.દિલ્હી-મુંબઈ સહિત અન્ય શહેરોમાંથી પ્રયાગરાજ (દિલ્હી-મુંબઈથી પ્રયાગરાજ)નું વિમાન ભાડું છે,જેમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ યાત્રાળુઓને રાહત આપવા માટે સરકારે એરલાઈન કંપનીઓને આ રૂટની ઊંચી ટિકિટના ભાવને તર્કસંગત બનાવવા કહ્યું છે. તેની મોટી અસર જોવા મળી છે અને ઈન્ડિગોએ પ્રયાગરાજ માટે ફ્લાઈટ ટિકિટ સસ્તી કરી છે. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ક્રમમાં વધુ એરલાઈન્સ તેમની ટિકિટના ભાવ ઘટાડવા માટે પગલાં લઈ શકે છે.

### ઈન્ડિગોનો મહાકુંભ માટે ટિકિટના ભાવમાં 30-50%નો ઘટાડો

પ્રયાગરાજ ફ્લાઈટ માટે મુસાફરો દ્વારા વધુ ભાડા ચૂકવવાના મુદ્દા અંગે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે બુધવારે એરલાઈન્સને વાજબી ટિકિટના ભાવ જાળવી રાખવા જણાવ્યું હતું. અને તેની તાત્કાલિક અસર જોવા મળી છે. દેશની સૌથી મોટી બજેટ એરલાઈન ઈન્ડિગોએ મહાકુંભ માટે તેની ફ્લાઈટ્સ 30 ટકાથી 50 ટકા ઘટાડી દીધી છે.જે હવાઈ મુસાફરી દ્વારા મહાકુંભમાં જનારા મુસાફરો માટે કોઈ મોટી રાહતથી ઓછી નથી.

પીટીઆઈના અહેવાલ મુજબ, ઈન્ડિગોની ફ્લાઈટ ટિકિટમાં આ ધરખમ ઘટાડો ત્યારે જોવા મળ્યો છે, જ્યારે ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે પ્રયાગરાજની ફ્લાઈટના ભાડા 'અત્યંત ઊંચા' છે. અને તેમણે એવિએશન રેગ્યુલેટર ડીજીસીએને ભાવ ઘટાડવા માટે પગલાં લેવા વિનંતી કરી છે. કુંભ મેળાને કારણે વધતી માંગને ધ્યાનમાં રાખીને, ઘણી એરલાઈન્સે તેમની ટિકિટના ભાવમાં વધારો કર્યો છે અને ડીજીસીએએ તેને તર્કસંગત બનાવવા પણ કહ્યું હતું.



**પશ્ચિમ રેલવે**
**રોબોટિક વેલ્ડીંગ ટેક્નોલોજી**
વરિષ્ઠ DEN (દક્ષિણ), પશ્ચિમ રેલવે, મુંબઈ મધ્ય, મુંબઈ - 400008, આમંત્રણ. ટેન્ડર નોટિસ નંબર.: BCT/24- 25/275, તારીખ: 27.01.2025. કાર્ય અને સ્થાન: ચર્ચ ગેટ-વિરાર વિભાગ: ચર્ચગેટ-વિરાર ઉપનગરીય વિભાગમાં રોબોટિક વેલ્ડીંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સીએમએસ ક્રોસિંગનું પુનઃનિર્માણ. આશરે કામની કિંમત: રૂ.1,38,78,753 /- .EMD: રૂ. 2,19,400/- સબમિશનની તારીખ અને સમય : 21.02.2025 , 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય : 21.02.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો 1016
અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**4 લેન ROB નું બાંધકામ**
**ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : CPM-GS-ADI-ROB25-24-25-07** ભારતીય સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી, ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ગતિ શક્તિ) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ, નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે : **ટેન્ડર નંબર :** CPM-GS-ADI-ROB25-24-25-07 **(1) કામનું નામ અને સ્થાન :** પાઇલ ફાઉન્ડેશન પર N પ્રકારના સ્ટીલ ગર્ડર અને કમ્પોઝિટ ગર્ડર સાથે રેલ્વે ભાગ સહિત 4 લેન ROB નું બાંધકામ. ગતિ શક્તિ યુનિટ, અમદાવાદ હેઠળ પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના વિરમગામ સામાખ્યાલી સેક્શન પર જાટપીપળી-બજાણા સ્ટેશનો વચ્ચે રેલ્વે કિમી 591/6-7 પર એલસી નં. 25 બીના સ્થાને પાઇલ ફાઉન્ડેશનમાં પીએસસી ગર્ડર અને રેઇનફોર્સ્ડ અર્થ (આરઇ) દિવાલ. **(2) કામનો અંદાજિત ખર્ચ :** ₹179, 12,74,739.62 **(3)જમા કરાવવા ની અર્નેસ્ટ મની :** ₹91,06,400 **(4) ટેન્ડર ફોર્મ ફી :** શૂન્ય **(5) પૂર્ણતા સમયગાળો :** ચોમાસા સહિત18 (અઢાર) મહિના **(6) પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ સમય :** 14.02.2025 ના રોજ 11:00 વાગ્યે **(7) ઇ-ટેન્ડરની સમાપ્તિ તારીખ અને સમય:** તારીખ : 05.03.2025 સમય : 15:00 કલાક **(8) વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડ ટેન્ડરની સંપૂર્ણ વિગતો અને ઓફિસ સરનામું જ્યાં જોઈ શકાય છે તે સ્થાન:** ચીફ પ્રોજેક્ટ મેનેજર/ગતિ શક્તિનું કાર્યાલય, "એ" વિંગ, ચોથો માળ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ - 382345. **વેબસાઇટ :** www.ireps.gov.in 310
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## ડૉક્ટરે યુવતીની છેડતી કરતા પરિવારજનોએ ધોયો

સુરત | સમગ્ર ઘટનાની વાત કરીએ તો કતારગામ વિસ્તારમાં રહેતી 20 વર્ષીય યુવતી કાપોદ્રા વિસ્તારમાં આવેલા એક્સરે અને સોનોગ્રાફીમાં રિસેપ્સનિસ્ટ તરીકે કામ કરે છે. યુવતી રિસેપ્સનિસ્ટ તરીકે કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે. આ યુવતીએ સરથાણા વિસ્તારમાં ફ્લોરલ વુમન હોસ્પિટલ ચલાવતા ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર પ્રતીક માવાણી સામે છેડતીની ફરિયાદ નોંધાવી છે. ડોક્ટર દ્વારા હાથ પકડી અને અભદ્ર રીતે સ્પર્શ કરી છેડતી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 31 JANUARY-2025

AHMEDABAD


## રાજકોટમાં દારૂના અડ્ડા પર જનતા રેડ

રાજકોટ | અટીકા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં જાહેરમાં દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હતું. સ્થાનિકો દ્વારા અનેકવાર રજૂઆત છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતા લોકોએ જાતે જ જનતા રેડ પાડવાનું નક્કી કર્યું હતું. સ્થાનિકો દ્વારા પોત-પોતાના મોબાઈલમાં વીડિયો શરૂ રાખીને જનતા રેડ પાડવામાં આવી હતી. લોકો જાહેરમાં દેશી દારૂ પી રહ્યાં હતાં, તેમજ રસ્તા પર દેશીદારૂની કોથળીઓનો ઢગલો હતો. જનતા રેડને જોતાં જ દારૂડિયાઓ ત્યાંથી ભાગી રહ્યાં હતાં. આ સિવાય જનતા રેડ કરવા ગયેલાં લોકોએ બે થી ત્રણ મોટાં-મોટાં કોથળા ભરીને દેશી દારૂનો જથ્થો પણ ઝડપ્યો હતો.



### બાયો ડાયવર્સિટી સંવર્ધન ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિદ્ધિ

# કચ્છ જિલ્લાના ગુનેરી ગામના ૩૨ હેક્ટરથી વધુ વિસ્તારને ગુજરાતની પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ ' જાહેર કરાઈ



**કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨. ૭૮ હેક્ટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટ બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાઈ**

(એજન્સી) કચ્છ | તા.30

પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્ર દેશ અને વિદેશમાં આગવું સ્થાન ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન- પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના સતત પ્રયાસોથી કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨. ૭૮ હેક્ટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટ બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરાવામાં આવ્યો છે,જે કચ્છની વિવિધ વિશેષ ઓળખમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. વધુમાં વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વના પગલારુપે ક્ચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ખાતે સ્થિત 'ઈનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી" સાઈટને ગુજરાતની પ્રથમ" બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ " તરીકે જાહેર કરવામાં આવી છે. મેન્ગ્રૂવ મુખ્યત્વે દરિયા કીનારે એવી જગ્યાએ જોવા મળે છે જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય, જ્યાં સતત દલદલ એટલે કે કીચડ રહેતું હોય ત્યાં જ જોવા મળે છે. પરંતુ અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મીના અંતરે ગુનેરી ખાતે આવેલ મેંગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ કે દલદલ નહી પણ સપાટ જમીન પર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં મેંગ્રૂવ જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે,જે આપોઆપ એક વિશિષ્ટતા છે. જેથી આવી એક સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલ મેન્ગ્રૂવની વિશિષ્ટ અને યુનિક જગ્યા વિશે લોકોને જાણવા મળે એ ખૂબ જરુરી છે.જેથી તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય તે હેતુથી ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની ભલામણને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા ક્ચ્છ જિલ્લાના લખપત તાલુકાની " ઈનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી" સાઈટને ગુજરાતની પ્રથમ " બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ "-બી.એચ.એસ. તરીકે જાહેર કરવામા આવી છે.જેમાં ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડના મેનેજમેંટ પ્લાન થકી તેના ફ્લોરા અને ફૌનાનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવનાર છે. વધુમાં સ્થાનિકોના હક્ક અને વિશેષ અધિકારોનું સન્માન કરવામા આવશે. ઉપરાંત સ્થાનિકો,વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક વન અને આદીવાસી પ્રજાના ક્ષમતા વર્ધન તાલીમ દ્વારા બાર્યોડાયવર્સિટીનુ સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે તેમ, વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

# ગોતામાં નોંધાયો HMP વાયરસનો પ્રથમ કેસ

## 4 વર્ષનું બાળક સંક્રમિત, અમદાવાદમાં કુલ 7 કેસ




(એજન્સી) અમદાવાદ | તા.30

ગુજરાતમાં પણ HMPV વાયરસની એન્ટ્રી થઈ ચૂકી છે. ગુજરાતમાં HMPV વાયરસના અલગ અલગ વિસ્તારોમાં કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે અમદાવાદમાં HMP વાયરસનો વધુ એક કેસ આવ્યો છે. જી હો...ગોતામાં ચાર વર્ષનું બાળક HMP વાયરસથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. હાલ તો બાળકની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. બાળકને ખાંસી-શરદીની અસર જોવા મળતા પરિવારે HMPનો રિપોર્ટ કરાવ્યો હતો. જે પોઝિટીવ આવ્યો છે. આ સાથે જ અમદાવાદમાં HMPVના કુલ સાત કેસ નોંધાયા છે. જેમાંથી ચાર અમદાવાદના અને ત્રણ બહારના દર્દીઓ છે.

### ગુજરાત સરકારે જાહેર કરી ગાઈડલાઈન

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે નવા વાયરસની એન્ટ્રી વચ્ચે શુ કરવું અને શું ન કરવું તેને લઈને આરોગ્ય વિભાગે માર્ગદર્શિકા જાહેર કરી છે. લક્ષણો જણાય તો ડોક્ટરો નો સપર્ક કરવા આરોગ્ય વિભાગે નાગરિકોને અપીલ કરી છે. રાજ્યમાં હાલના તબક્કે એક પણ કેસ નોંધાયેલ ન હોવાનો આરોગ્ય વિભાગનો દાવો છે. તો બીજી તરફ, ભારતના સ્વાસ્થય વિભાગે કહ્યું કે, અમે અમારી લેબમાં ટેસ્ટ નથી કર્યો. ખાનગી હોસ્પિટલના રિપોર્ટમાં કેસ સામે આવ્યો છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે ભાજપના ઉમેદવારોને ફોર્મ ભરવા અપાઈ સૂચના




ગાંધીનગર | સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાંની સાથે જ રાજકીય પક્ષો હવે પ્રચારની સાથે ઉમેરવારો ને લઈ પણ કમર કસી છે. ત્યારે ભાજપ દ્વારા કેટલાક ઉમેદવારોને ફોર્મ ભરવા સૂચના અપાઈ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે સૌથી મોટા સમાચાર મળી રહ્યા છે. ઉમેદવારોના નામ જાહેર થયા પહેલાં ફોર્મ ભરવાની સૂચના અપાઈ છે. આવતી કાલે ભાજપના ઉમેદવારોના નામ જાહેર થશે. કેટલાક તાલુકાઓ અને પાલિકાના ઉમેદવારોએ ફોર્મ પણ ભર્યા હોવાની વાત સામે આવી છે.મળતી માહિતી પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાંની સાથે જ રાજકીય પક્ષો હવે પ્રચારની સાથે ઉમેરવારો ને લઈ પણ કમર કસી છે. ત્યારે ભાજપ દ્વારા કેટલાક ઉમેદવારોને ફોર્મ ભરવા સૂચના અપાઈ છે. ઉમેદવારોના નામો જાહેર થયા પહેલા જ ઉમેદવારોને ફોર્મ ભરવા સૂચના અપાઈ છે. નોંધનીય છે કે આવતીકાલે સંભવિત રીતે ઉમેદવારોના નામો જાહેર થઈ શકે છે. આ તરફ હવે નામ જાહેર થતા પહેલા કેટલાક તાલુકાઓ અને નગરપાલિકાઓમા ઉમેદવારોને ફોર્મ ભરવા અને ડોક્યુમેન્ટ તૈયાર રાખવા સૂચના અપાઈ છે. બીજી બાજુ જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીની ટિકિટ મેળવવા કોંગ્રેસમાં ભારે બબાલ મચી હતી.

# ગાંધીનગર ખાતે બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો શુભારંભ

**આ કાર્યક્રમમાં 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ઈ-જર્નલ' તેમજ 'સ્ટેટ કોલાબોરેટીવ ઈનીશીયેટીવ પોર્ટલ" લોન્ચ કરાયું, ૨૮ રાજ્યોના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ-ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા**

(એજન્સી) ગાંધીનગર | તા.30

ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો આજે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘ તેમજ ગુજરાત સરકારના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. આ શુભારંભ સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ઈ-જર્નલ' તેમજ 'સ્ટેટ કોલાબોરેટીવ ઈનીશીયેટીવ પોર્ટલ" લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે આ પરિષદની સુવ્યવસ્થિત યજમાની કરવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતને સુશાસનનું વિશ્વાસપાત્ર મોડલ રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, સુશાસન અને સુશાસનીક વ્યવસ્થા અંગે ગોષ્ઠી કે પરિષદનું આયોજન કરવા માટે ગુજરાતથી શ્રેષ્ઠ દેશમાં અન્ય કોઈ વિકલ્પ ન હોઈ શકે. ૯૦ના દાયકામાં કોઈપણ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવું હોય તો, ગુજરાતમાં IIM-અમદાવાદ ઉપરાંત કોઈ વિકલ્પ ન હતો. આજે એ જ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પરિષદોનું સુદ્રઢ આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શક્ય બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સની આ રાષ્ટ્રીય પરિષદનું અલગ-અલગ રાજ્યમાં આયોજન કરવાની પ્રેરણા આપી હતી. જેની ફલશ્રુતિરૂપે દેશના અનેક રાજ્યોમાં આ પરિષદનું આયોજન થઇ ચૂક્યું છે. પરંતુ ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે, જ્યાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની અનેકવિધ પરિષદોનું સતત આયોજન થઇ રહ્યું છે. ગુજરાત માત્ર માળખાકીય સુવિધાઓ જ નહિ, પરંતુ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે પણ અન્યો માટે દીવાદાંડી સમાન છે.

### કાયદા મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી

# રાજયની તમામ ચેરીટી કમિશનરની કચેરીઓના ફંડના ફાળાની રકમ જમા કરાવવા માટે "ઈ પેમેન્ટ" સુવિધાનો શુભારંભ કરાયો

(એજન્સી) ગાંધીનગર | તા.30

કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આજરોજ ગાંધીનગર ખાતેથી રાજ્યની તમામ ચેરીટી કમિશનરની કચેરીઓમાં આવતા પી.ટી.એ.(પબ્લીક ટ્રસ્ટ) ફંડના ફાળાની રકમ જમા કરાવવા માટે "ઈ-પેમેન્ટ" સેવાનો શુભારંભ કરાવ્યો હતો. આ સુવિધાનો પ્રારંભ થતા ગુજરાતના ટ્રસ્ટીઓને સમગ્ર વ્યવસ્થામાં સુગમતા રહેશે. ફાળાની રકમ ભરવા માટે ટ્રસ્ટીઓ https://charitycommissioner.gujarat.gov.in વેબસાઈટ પર ઈ-પેમેન્ટ કરી શકાશે. રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ 2,76,652 ટ્રસ્ટ રજીસ્ટ્રર થયેલ છે. 31-10-2024 ની સ્થિતિએ ગત્ વર્ષે 10.55 કરોડ ફાળો વસુલવામાં આવ્યો હતો. અત્રે મહત્વની બાબત એ પણ છે કે, કુલ રજીસ્ટ્ર થયેલ ટ્રસ્ટમાંથી મેડિકલ અને શિક્ષણ જેવા સેવા ક્ષેત્ર માટે કામ કરતા ટ્રસ્ટોને બાદ કરતા કુલ અંદાજીત 1.65 લાખ જેટલા ટ્રસ્ટો પાસેથી જ ચેરિટી તંત્ર દ્વારા ફાળો ઉધરાવવામાં આવે છે. હવેથી આ 1.65 લાખ જેટલા ટ્રસ્ટોને ફાળો ભરવા માટે ચેરિટિ કચેરીની



રૂબરૂ મુલાકાત લેવી પડશે નહીં સંપૂર્ણ વ્યવસ્થા ઓનલાઈન જ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે અગાઉ આ પેમેન્ટ વ્યવસ્થામાં પડતી તકલીફોને અટકાવવા માટે સમગ્ર વ્યવસ્થા ગોઠવવા સૂચના આપી હતી જેના ભાગરૂપે જ આ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જેનાથી સરળતાથી, ગમે ત્યારે, અને ગમે ત્યાંથી સમગ્ર વિશ્વના કોઈપણ ખુણેથી સરળતાથી ''ઈ પેમેન્ટ'' દ્વારા ઓનલાઈન વાર્ષિક ફાળાની રકમ ભરી શકશે. આ શુભારંભ પ્રસંગે ઓનલાઈન ફાળા રકમ ''ઈ પેમેન્ટ'' પધ્ધતિથી ભરીને જ શુભારંભ કરાયો હતો. આ વ્યવસ્થાના શુભારંભ પ્રસંગે કાયદા વિભાગના જોઈન્ટ સેક્રેટરીશ્રી, નાયબ ચેરીટી કમિશનરશ્રી, ચેરીટી કમિશનરશ્રી સહિત ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર ટ્રસ્ટોના ટ્રસ્ટીઓને ફાળા રકમ ભરવામાં રૂબરૂમાં કચેરીઓની મુલાકાત કરવામાં, અગવડતા, અડચણો અને મુશ્કેલીઓ, આવવા-જવામાં, શારીરિક, માનસિક, આર્થિક તકલીફ ખર્ચ કરવાની મુશ્કેલીઓનું નિરાકરણ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ સમગ્રતયા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

### અમદાવાદ આંબાવાડી-ભુદરપુરા રોડ પર બાતમીને આધારે

# પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કરીને 300 વિદેશી દારૂની બોટલનો જથ્થો જપ્ત કર્યો



(એજન્સી) અમદાવાદ | તા.30

ડીસીપી ઝોન-7ના સ્ટાફે આંબાવાડી વિસ્તારમાં એક શંકાસ્પદ કારનો પીછો કરીને તેમાંથી 300 બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. જો કે કારચાલક આંબાવાડી ભુદરપુરા રોડ પર ટ્રાફિકમાં ફસાતા ફરાર થઇ ગયો હતો. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ડીસીપી ઝોન-7 શિવમ વર્માના સ્ટાફના પીએસઆઇ વાય. પી.જાડેજા અને તેમના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે એલિસબ્રીજ કલ્યાણ જ્વેલર્સ તરફથી એક કાર આવી રહી છે. જેમાં દારૂનો મોટો જથ્થો છે. જે બાતમીને આધારે પોલીસે રાતના સાડા નવ વાગે વોચ ગોઠવીને એક શંકાસ્પદ કારના ચાલકને ઉભા રહેવાની સુચના આપી હતી. પરંતુ, તેણે પુરઝડપે શ્રેયસબ્રીજ બ્રીજ તરફ હંકારી મુકી હતી. જો કે ભુદરપુરા રોડ પર ટ્રાફિક હોવાથી કારચાલક ત્યાં જ કારને મુકીને નાસી ગયો હતો. પોલીસે તપાસ કરતા કારમાં વિદેશી દારૂની 300 જેટલી બોટલો મળી આવી હતી. આ અંગે પોલીસે કાર રજીસ્ટ્રેશન નંબર અને સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# કોમી એકતાનું અનોખું ઉદાહરણ

### બોટાદમાં મુસ્લિમ આગેવાને 38 હિન્દુ યાત્રાળુને મહાકુંભ મોકલ્યા!

(એજન્સી) અમદાવાદ | તા.30

મહાકુંભમાં યાત્રાની આસ લગાવી બેઠેલા લોકો માટે બોટાદના એક મુસ્લિમ અગ્રણી દ્વારા યાત્રાનું આયોજન કરાયું, લક્ઝરી બસમાં 38 લોકો માટે વિના મૂલ્ય મુસાફરી, રહેવા જમવા સહિતની તમામ વ્યવસ્થા કરી આપવામાં આવી. ત્યારે શહેરીજનો આ એકતાના આયોજનને બિરદાવી રહ્યા છે. હિન્દુ ધર્મના સદીના સૌથી મોટા મહાકુંભનું પ્રયાગરાજ ખાતે આયોજન થયું છે. કુંભ મેળા માટે 144 વર્ષે આવતા આવા દુર્લભ ગ્રહનક્ષત્રની સ્થિતિ થી ભારત વર્ષના કરોડો ધર્મ પ્રેમી લોકો પ્રયાગ રાજ પહોંચી ગંગામાં આસ્થાની ડૂબકી લગાવી લગાવશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ત્યારે અનેક લોકો આર્થિક સગવડતાના અભાવે આ મહા કુંભમાં જઈ શકતા નથી. તો ઓનલાઈન ટ્રેન કે બસમાં રિઝર્વેશન પણ ફૂલ થઈ ગયા હોય તમામ સરકારી વાહનોમાં બેઠક વ્યવસ્થા મળવી પણ મુશ્કેલ બની રહી છે.બીજી તરફ યાત્રા કરવા ઈચ્છતા વ્યક્તિને બે થી ત્રણ હજાર જેટલા વ્યકિત દીઠ ખર્ચ પણ થાય છે.ત્યારે બોટાદ માંથી એક મુસ્લિમ અગ્રણી દિલાવર ભાઈ હામિદ અને તેમના મિત્રો દ્વારા બોટાદમાંથી મહાકુંભમાં શાહી સ્નાન કરવા પ્રયાગ દર્શન અર્થે જવા ઈચ્છતા લોકોને પોતાનાં ખર્ચે મોકલવા માટે આયોજન કરવામાં આવ્યું છે. બોટાદ શહેર અને આસપાસના ગામડાઓમાંથી આવતા લોકોને એક લક્ઝરી બસમાં 38 જેટલાં લોકોને વિનામૂલ્ય યાત્રા કરાવવા માટે પ્રાયાગરાજ મહા કુંભમેળામા દર્શનાર્થે મોકલાયા છે.તમાંમ ને સુવિદ્યા સભર બસમાં મુસાફરીની વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલાઓ પુરુષો અઠવાડિયાના લગેજ સાથે યાત્રા કરવા તૈયાર થયા છે. તમામ યાત્રાળુઓને આયોજકો દ્વારા સાલ ઓઢાડી પુષ્પહાર પહેરાવી સન્માનિત કરાયા અને સુખરૂપ મુસાફરી માટે શુભેચ્છા પાઠવી હતી. યાત્રાળુઓ પણ પ્રયાગ રાજ મહાકુંભ માં અમૃત સ્નાન માટે યાત્રાઓમાં જતા ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ગાંધી નિર્વાણ દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર | રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિએ ગાંધી નિર્વાણ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. રાજભવન પરિસરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજભવન પરિવારના તમામ અધિકારીઓ - કર્મચારીઓએ સવારે 11.00 વાગ્યે મૌન પાડીને પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ અર્પી હતી.



### ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર એક વાયરલ રોગ

# ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર અંગે જનજાગૃતિ માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

(એજન્સી) અમદાવાદ | તા.30

રાજ્યમાં ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર (સી.સી.એચ.એફ) અંગે જનજાગૃતિ માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર એક વાયરલ રોગ છે. મનુષ્યમાં વાયરસનો ફેલાવો ઈતરડીના કરડવાથી અથવા ચેપગ્રસ્ત પ્રાણીના રક્ત કે અન્ય સ્ત્રાવના સંપર્કમાં આવવાથી થાય છે. મોટા ભાગના ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવરના કેસોમાં પશુધન ઉધોગ સાથે સંકળાયેલા લોકો અને પશુ ચિકિત્સકોને ચેપ લાગવાનો ભય હોય છે. વ્યક્તિ થી વ્યક્તિ સંક્રમણ ચેપી વ્યક્તિના લોહી અથવા અન્ય સ્ત્રાવના ગાઢ સંપર્કમાં આવવાથી થાય છે. હોસ્પિટલમાં આ ચેપ તબીબી સાધનોનું અયોગ્ય સ્ટરીલાઈઝેશન, નીડલ અને દુષિત તબીબી સાધનોના પૂનઃ ઉપયોગના લીધે થઈ શકે છે. મનુષ્યમાં ચેપ લાગ્યા બાદ ૧-૩ દિવસમાં આ રોગના લક્ષણો જોવા મળે છે.



### ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવરના લક્ષણો શું છે ?

ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર તાવ, સ્નાયુનો દુખાવો, ચકકર આવવા, ગરદનમાં દુખાવો અને પીઠ-માથાનો દુખાવો, ઝાડા-ઉલ્ટી, નાક કે પેઢામાંથી લોહી નીકળવું તેવા પ્રકારના લક્ષણો આ રોગમાં દેખાય છે.

### ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવરને નિયંત્રણ કેવી રીતે કરી શકાય

ઈતરડીથી- માનવમાં સંક્રમણ અટકાવવા નાગરીકોએ રક્ષણાત્મક કપડાં પહેરવા જેમ કે ,લાંબા સ્લીવ કે લાંબા ટ્રાઉઝર વગેરે, કપડા પર કે શરીર પર ઈતરડી દેખાય તો તેને સુરક્ષિત રીતે દુર કરાવી, પ્રાણીઓ પર અથવા તેના રહેઠાણ પર ઈતરડી ઉપદ્રવને દૂર કરવી અથવા નિયંત્રિત કરવી, ક્રીમિયન કૉંગો હેમરેજીક ફીવર (સી.સી.એચ.એફ)થી ચેપગ્રસ્ત દર્દી સાથે નજીકના શારીરિક સંપર્ક ટાળવા જોઈએ. બીમાર લોકોની કાળજી લેતી વખતે મોજા અને રક્ષણાત્મક વસ્ત્રો પહેરવા અને નિયમિત સાબુ વડે હાથ ધોવા જોઈએ તેમ કમિશનર શ્રી આરોગ્ય સેવા અને તબીબી શિક્ષણની અખબારી યાદીમાં જણાવાયું છે.

### વેવાઈ-વેવાણ પ્રેમપ્રકરણ

# વિરમગામમાં શિક્ષકની હત્યાના ત્રણ આરોપીની ધરપકડ કરાઈ

## અમદાવાદના વિરમગામમાં વેવાઈ-વેવાણના પ્રેમપ્રકરણમાં શિક્ષકની હત્યા



(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદના વિરમગામમાં વેવાઈ-વેવાણના પ્રેમપ્રકરણમાં શિક્ષકની હત્યા કરવામાં આવી હતી. જેમાં વેવાણ સાથે મૈત્રી કરારમાં રહેતા શિક્ષકની 27 જાન્યુઆરીએ કારમાં આવેલા આરોપીએ લાકડીના ફટકા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. સમગ્ર ઘટના મામલે વિરમગામ ટાઉન પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.

### ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી

અમદાવાદના વિરમગામમાં વેવાણ સાથે મૈત્રી કરાર કરીને રહેતા શિક્ષક નરેશ ચાવડા (ઉં.વ. 40)ની 27 જાન્યુઆરીની રાત્રે હત્યા કરી દેવામાં આવી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફુટેજ વાયરલ થયા હતા. ઘટનાને પગલે વિરમગામ ટાઉન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે કલાભાઈ ગોહિલ, અજીત ગોહિલ અને જેસંગ કટારીયાની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી.

### શું હતી સમગ્ર ઘટના?

મળતી માહિતી મુજબ, વિરમગામની કે. બી. શાહ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નરેશ ચાવડાની દીકરીની સગાઈ શંખેશ્વરના હર્ષાબહેનના દીકરા સાથે દોઢ વર્ષ પહેલા સગાઈ નક્કી કરવામાં આવી હતી. જો કે, આ દરમિયાન નરેશને તેની દીકરીની થનારી સાસુ એટલે કે વેવાણ સાથે પ્રેમસંબંધ થયો હતો. જેને પગલે દીકરીની સગાઈ પણ તૂટી ગઈ હતી. જ્યારે નરેશ છેલ્લા 7-8 મહિનાથી વેવાણ સાથે મૈત્રી કરાર કરીને વિરમગામ ખાતે રહેતો હતો. આ અંગે વેવાણના પતિ અને પરિવારજનોને જાણ થઈ હતી.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...